# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 156 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 July 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૩ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમરનાથ યાત્રાનો પ્રારંભ

## પ્રથમ જથ્થાને લીલી ઝંડીઃ કડક સુરક્ષા વ્યવસ્થા






જમ્મુઃ બમ બમ ભોલેના નારા વચ્ચે વાર્ષિક અમરનાથ યાત્રા આજે શરૂ થઈ ગઈ છે. આ વરસની અમરનાથ યાત્રા ૩૮ દિવસની હશે અને તે નવમી ઑગસ્ટ સુધી ચાલશે.

કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૩,૮૮૦ મીટરની ઊંચાઈએ આવેલી પવિત્ર અમરનાથ ગુફાના દર્શન કરવા વહેલી સવારે સાડાચાર વાગે બૅઝ કૅમ્પથી પ્રથમ જથ્થો રવાના થયો હતો.

આ જથ્થામાં ૧,૧૧૫ મહિલા, ૩૧ બાળક અને ૧૬ તૃતીયપંથી સહિત ૫,૮૯૨ યાત્રાળુઓનો સમાવેશ થતો હતો.

અમરનાથ યાત્રા માટે યાત્રાળુઓ અનંતનાગ જિલ્લાનો પરંપરાગત ૪૮ કિ.મી.નો નૂનવાન-પહલગામ રૂટ અથવા ગંડરબાલ જિલ્લાસ્થિત ૧૪ કિ.મી.નો બાલતાલ રૂટ અપનાવે છે.

આ વરસની અમરનાથ યાત્રા માટે અત્યાર સુધીમાં ૩.૩૧ લાખ યાત્રાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. કડક સુરક્ષા વ્યવસ્થા ધરાવતા ભગવતી નગર બૅઝ કૅમ્પ ખાતે આવી પહોંચ્યા બાદ લે. ગવર્નર મનોજ સિંહાએ પૂજા કરી હતી અને બાદમાં યાત્રાને લીલી ઝંડી આપી હતી. તે સમયે સ્થાનિક વિધાનસભ્યો, ટોચના અધિકારીઓ અને વિવિધ ધાર્મિક સંગઠનના વડાઓ પણ હાજર રહ્યા હતા. યાત્રાળુઓને સુરક્ષિત અને આરામદાયક પ્રવાસ માટે તેમણે શુભેચ્છા આપી હતી તેમ જ બાબા

(જુઓ પાનું ૨) ▶▶

# અમદાવાદમાં ઑલિમ્પિક્સ યોજવા સત્તાવાર દાવો

નવી દિલ્હીઃ ભારતે વર્ષ ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ અમદાવાદમાં રાખવા સત્તાવાર દાવો કર્યો છે. ૧૧ વર્ષ પછીની ઑલિમ્પિક્સ માટેની રેસમાં ભારતે હવે સત્તાવાર રીતે ઝુકાવ્યું છે. ઉચ્ચ-સ્તરિય ભારતીય પ્રતિનિધિમંડળ મંગળવારે ઑલિમ્પિક ગેમ્સના સત્તાધીશોને મળ્યા હતા અને ભારત વતી રજૂઆત કરી હતી.

દર ચાર વર્ષે યોજાતી ઑલિમ્પિક્સનું સંચાલન કરતી ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટી (આઇઓસી)ના અધિકારીઓને સ્વિટ્ઝરલૅન્ડના લૉસેનમાં મળેલા ભારતીય પ્રતિનિધિમંડળમાં કેન્દ્રીય ખેલકૂદ મંત્રાલયના અધિકારીઓ, ગુજરાતના ખેલકૂદ પ્રધાન હર્ષ સંઘવી તેમ જ ઇન્ડિયન ઑલિમ્પિક ઍસોસિયેશન (આઇઓએ)નાં પ્રમુખ અને ભારતીય ઍથ્લેટિક્સનાં લેજન્ડ પી. ટી. ઉષાનો સમાવેશ હતો.

ભારત ૨૦૩૬માં અમદાવાદમાં સમર ઑલિમ્પિક ગેમ્સ રાખવા માગે છે એવું આ ટોચના અધિકારીઓએ આઇઓસીને સત્તાવાર રીતે જણાવ્યું હતું.

ભારત અગિયાર વર્ષ પછીની ઑલિમ્પિક ગેમ્સ પોતાને ત્યાં (ખાસ કરીને અમદાવાદમાં) યોજવા માગે છે એ બાબતમાં કેન્દ્ર સરકાર તરફથી ઘણા વર્ષોથી વિશ્વ સ્તરે સકારાત્મક અભિગમ સાથે કહેવામાં આવ્યું અને હવે ચર્ચાનો સમય આવ્યો એટલે આઇઓસી સમક્ષ ભારતે સત્તાવાર રીતે પોતાનો દાવો રજૂ કર્યો છે.

૨૦૩૨ની ઑલિમ્પિક્સ ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં યોજાવાની છે અને ભારતે એના ચાર વર્ષ પછીના ઑલિમ્પિક રમતોત્સવ માટે અમદાવાદનું નામ આગળ કર્યું છે.

આઇઓસીના અધિકારીઓ સાથેની મીટિંગ બાદ ભારતીય અધિકારીઓને અમદાવાદમાં ઑલિમ્પિક્સ રાખવા બાબતમાં નરેન્દ્ર મોદી સરકારનું જે વિઝન છે એ વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે.

# ઓલા, ઉબર, રેપિડો ટેક્સીનાં ભાડાં વધશે

નવી દિલ્હીઃ કેન્દ્રના રોડ અને પરિવહન ખાતાએ આપેલી પરવાનગીને પગલે ઓલા, ઉબર, રેપિડો ટેક્સી જેવી કેબ કંપનીઓ હવે પીક અવર્સમાં બૅઝ ભાડાંથી બમણું ભાડું વસૂલી શકશે જે અગાઉ દોઢગણુ હતું. નૉન પીક અવર્સમાં આ ભાડું બૅઝ ભાડાંથી લઘુતમ પચાસ ટકા જેટલું હશે, એમ રોડ, પરિવહન અને હાઈવે ખાતાની 'મોટર વ્હિકલ એગ્રીગેટર ગાઈડલાઈન્સ ૨૦૨૫'માં જણાવવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારે આ નવા નિયમો ત્રણ મહિનામાં અમલમાં મૂકવાનું રાજ્યોને જણાવ્યું છે.

ડ્રાઈવર યોગ્ય કારણ આપ્યા વિના જો રાઈડ રદ કરે તો તેવા સંજોગોમાં તેને કુલ ભાંડાનાં ૧૦ ટકા અથવા વધુમાં વધુ ૧૦૦

(જુઓ પાનું ૨) ▶▶

# ઘર વપરાશની અનેક ચીજો સસ્તી થશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકાર સત્વરે જીએસટીમાં મોટી રાહત આપવાનો વિચાર કરી રહી છે. ભારત સરકાર હવે ૧૨ ટકાના ટેક્સ સ્લેબને દૂર કરીને તેમાં ફેરફાર કરશે અને તેના સામે પાંચ ટકા ટેક્સ સ્લેબ લાવશે. જેના કારણે ફૂટવેર, મીઠાઈઓ, કપડાં અને ડેરી પ્રોડક્સ સાથે સાથે અનેક વસ્તુઓ સસ્તી થઈ જવાની છે. આ ફેરફારના કારણે રોજિંદા ઉપયોગમાં આવતી વસ્તુઓ સસ્તી થઈ શકે છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, સરકાર અત્યારે ટેક્સમાં ફેરબદલ કરવાનું વિચારી રહી છે. જેના કારણે કેટલીક વસ્તુઓના ભાવમાં લોકોને રાહત મળી શકે તેમ છે. ખાસ કરીને મધ્યમ વર્ગના અને ઓછી

(જુઓ પાનું ૨) ▶▶

# મોદી પાંચ દેશના પ્રવાસે

નવી દિલ્હી : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારથી નવ જુલાઈ સુધી પાંચ દેશના પ્રવાસે ઉપડ્યા છે. તેમનો પહેલો મુકામ ઘાના હશે. મોદીની ઘાનાની મુલાકાતને ધ્યાનમાં રાખીને કૉંગ્રેસે ઘાનાના ભૂતપૂર્વ વડા પ્રધાન કામે નકુમા અને ભારતના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરૂ વચ્ચેના ઉષ્માભર્યા સંબંધો યાદ કર્યા હતા. કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે કહ્યું હતું કે મોદી બુધવારે ઘાનામાં છે. ૬૦ના દાયકાના મધ્ય ભાગ સુધી ઘાના અને આફ્રિકાના રાજકારણમાં કામે

(જુઓ પાનું ૨) ▶▶

# ભારત-પાક વચ્ચે એશિયા કપમાં ત્રણ વખત ટક્કર થઈ શકે

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટની કોઈ પણ ટક્કર પર આખા વિશ્વનું ધ્યાન રહે છે જેમાં ખાસ કરીને મે મહિનાના પાકિસ્તાન સામેના 'ઑપરેશન સિંદૂર' પછી બન્ને કટ્ટર હરીફ દેશો વચ્ચેની પ્રત્યેક મૅચ વધુ રોમાંચક બની રહેશે અને એમાં હવે એવા સમાચાર મળ્યા છે કે આગામી સપ્ટેમ્બરમાં યુએઇ (યુનાઇટેડ આરબ એમિરેટ્સ)માં રમાનારા ટી-૨૦ ફૉર્મેટના એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક કે બે નહીં, પણ ત્રણ મુકાબલા થઈ શકે.

ભારતના સશસ્ત્ર દળોએ મે મહિનામાં પાકિસ્તાનને ત્રણ જ દિવસમાં હરાવીને એના સૈનિકોને ઘૂંટણિયે પાડ્યા ત્યાર પછી પહેલી જ વખત બન્ને દેશના ક્રિકેટરો સામસામે આવશે. એશિયા કપનું ફૉર્મેટ જ એવું છે કે

(જુઓ પાનું ૨) ▶▶

# રિલાયન્સ કમ્યુનિકેશન્સનું લોન અકાઉન્ટ ફ્રૉડ ગણાશે

નવી દિલ્હીઃ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા (એસબીઆઈ)એ આર્થિક કટોકટીમાં સપડાયેલી ટેલિકોમ કંપની રિલાયન્સ કમ્યૂનિકેશન્સના લોન અકાઉન્ટને ફ્રૉડ શ્રેણીમાં વર્ગીકૃત કરવાનો અને કંપનીના ડિરેક્ટર અનિલ અંબાણીનું નામ રિઝર્વ બૅન્કને આપવાનો નિર્ણય લીધો છે.

રિલાયન્સ કમ્યૂનિકેશન્સ લિ.ને ધિરાણ આપનાર અન્ય બૅન્કો પણ આ નિર્ણયનું અનુસરણ કરશે તેવી અપેક્ષા છે, એમ નિયામક દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

રિલાયન્સ કમ્યૂનિકેશન્સે નિયામકને જાણ કરી હતી

(જુઓ પાનું ૨) ▶▶





(ROC-1480)

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ મસ્કને ડીપોર્ટ ના કરી શકે પણ મસ્ક નવી પાર્ટી બનાવી શકે

અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને તેમના એક સમયના ખાસમખાસ ગણાતા ઉદ્યોગપતિ ઈલોન મસ્કના સંબંધો કડવાશભર્યા બની ચૂક્યા છે અને બંને વચ્ચે લાંબા સમયથી વાક્યુદ્ધ ચાલે છે. એક સમયે ટ્રમ્પના પગોમાં આળોટી જઈ ટ્રમ્પની ચાપલૂસીમાં કોઈ કસર નહીં છોડનારા મસ્ક હવે ખુલ્લેઆમ ટ્રમ્પની નીતિઓની ટીકા કરે છે ને સામે ટ્રમ્પ મસ્કની મજાક ઉડાવતી કોમેન્ટ્સ કર્યા કરે છે. લોકશાહીમાં દરેકને પોતાના મત વ્યક્ત કરવાનો અધિકાર છે તેથી બંને વચ્ચેનો ઝગડો અહીં લગી બરાબર હતો પણ હવે મસ્કે નવો રાજકીય પક્ષ બનાવવાનો સંકેત આપ્યો ને સામે ટ્રમ્પે મસ્કની દુકાન બંધ કરાવીને અમેરિકામાંથી ડીપોર્ટ કરીને દક્ષિણ આફ્રિકા મોકલી દેવાની ધમકી આપતાં આ લડાઈમાં નવો ટ્વિસ્ટ આવ્યો છે.

મસ્ક અને ટ્રમ્પની સામસામી ધમકીમાં ટ્રમ્પ થૂંક જ ઉડાવી રહ્યા છે કેમ કે અમેરિકા કંઈ ટ્રમ્પના બાપની જાગીર નથી કે ધારે તેને લાત મારીને તગેડી શકે. અમેરિકામાં અદાલતો બંધારણ ગેરકાયદેસર રીતે રહેતાં લોકોને રાતોરાત તગેડી મૂકવા નથી દેતું ત્યારે મસ્ક તો અમેરિકાના નાગરિક છે તેથી ટ્રમ્પને તુક્કો સૂઝે ને મસ્કની દુકાન બંધ કરાવીને તગેડી મૂકે એ શક્ય નથી પણ ટ્રમ્પથી દુભાયેલા મસ્ક અમેરિકામાં નવી પાર્ટી બનાવે એ શક્ય છે.

અમેરિકામાં ભારતની જેમ જ બહુપક્ષીય લોકશાહી છે પણ ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટી બે મુખ્ય પક્ષ છે. મસ્કે ટ્રમ્પ સરકારના બિલ સામે વાંધો ઉઠાવ્યા પછી આ બંને પાર્ટીથી અલગ નવી પાર્ટી બનાવવાનો સંકેત આપ્યો છે. મસ્કે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે, ટ્રમ્પના 'બકવાસ બિલ'માં દેવાંની મર્યાદામાં ટ્રિલિયનનો જંગી વધારો કરવાથી અમેરિકા ભિખારી બની જશે.

ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટીના છે જ્યારે ડેમોક્રેટિક પાર્ટી મુખ્ય વિરોધ પક્ષ છે. અમેરિકાની દેવાંની મર્યાદામાં વધારો કરવાની વાતને બંને પાર્ટી ટેકો આપે છે. નજીકના જ ભૂતકાળમાં ડેમોક્રેટિક પાર્ટીના જો બાયડેન પ્રેસિડેન્ટ હતા ત્યારે તેમણે પણ અમેરિકાની દેવાની મર્યાદામાં વધારો કરેલો તેથી મસ્ક બંને પાર્ટીને એક સરખા જ ગણે છે.

મસ્કે રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓ માટે 'પોર્કી પિગ પાર્ટી' શબ્દો વાપરીને લખ્યું છે કે, ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન એક જ 'પોર્કી પિગ પાર્ટી'નો ભાગ છે કે જે સામાન્ય અમેરિકનોના હિત કરતાં નકામા ખર્ચને પ્રાથમિકતા આપે છે. આ કારણે ખરેખર લોકોની ચિંતા કરે એવો નવો રાજકીય પક્ષ બનાવવાનો સમય આવી ગયો છે. નવો રાજકીય પક્ષ એવા અમેરિકનોનું પ્રતિનિધિત્વ કરશે કે જે હાલની બે પક્ષના વર્ચસ્વવાળા રાજકારણથી કંટાળેલા છે.

મસ્કે નવો રાજકીય પક્ષ બનાવવાની ધમકી તો આપી દીધી પણ અમેરિકનો તેને સ્વીકારે કે કેમ તેમાં શંકા છે. મસ્કની છાપ બિઝનેસમેન તરીકેની છે. ટ્રમ્પે તેનાં બિઝનેસનાં હિતોને ફટકો માર્યો તેથી એ ટ્રમ્પ સામે પડ્યો એવું પણ લોકો માને છે. આ સંજોગોમાં મસ્ક પર અમેરિકનોને ભરોસો બેસે કે નહીં એ જ મુખ્ય મુદ્દો છે.

મસ્કની તકલીફ પાછી એ પણ છે કે, અમેરિકાના બંધારણ પ્રમાણે એ પોતે અમેરિકાના પ્રમુખ બની શકે તેમ નથી. અમેરિકાના બંધારણ પ્રમાણે, અમેરિકાના પ્રમુખપદે અમેરિકામાં જન્મેલી વ્યક્તિ જ બેસી શકે. મસ્ક મૂળ દક્ષિણ આફ્રિકાના છે અને તેમનો જન્મ પણ દક્ષિણ આફ્રિકામાં થયો હતો, મસ્કે જીવનમાં શરૂઆતનાં ઘણાં વરસ આફ્રિકા અને કેનેડામાં વિતાવ્યાં છે. મસ્ક ૧૯૮૯માં ૧૭ વર્ષની ઉંમરે દક્ષિણ આફ્રિકાથી કેનેડા ગયા હતા અને પછી કેનેડાથી અમેરિકા ગયા હતા.

મસ્કે અમેરિકામાં પોતાનો બિઝનેસ વિસ્તાર્યો અને અમેરિકાના નાગરિક બન્યા તેથી અમેરિકામાં રહી શકે પણ અમેરિકામાં ચૂંટણી લડીને સત્તા હાંસલ ના કરી શકે. આ સંજોગોમાં મસ્ક નવો રાજકીય પક્ષ બનાવે તો પણ સત્તામાં ના આવી શકે અને પોતાના કોઈ ડમીને જ મૂકવો પડે. આ ડમી મસ્કની ઈચ્છા પ્રમાણે જ વર્તે એ જરૂરી નથી તેથી મસ્ક જે રીતે ટ્રમ્પને ટેકો આપીને પસ્તાયા એ રીતે નવી પાર્ટી બનાવીને પસ્તાય એવું પણ બને.

જો કે મસ્કે ડમી મૂકવો પડે ને એ બધી તો પછીની વાત છે. મૂળ વાત તો મસ્કની પાર્ટી અમેરિકામાં સફળ થાય કે નહીં તેની છે. અમેરિકાના રાજકારણમાં વરસોથી રિપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટીનું વર્ચસ્વ છે. જ્યોર્જ વોશિંગ્ટન ૧૭૮૮માં અમેરિકાના પહેલા પ્રમુખ બન્યા હતા એ જોતાં અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીનો ઈતિહાસ ૨૩૭ વર્ષ જૂનો છે. આ ૨૩૭ વર્ષમાં અમેરિકામાં ૪૭ પ્રમુખ આવી ગયા ને તેમાંથી ૪૦ પ્રમુખ ડેમોક્રેટિક અને રિપબ્લિકન પાર્ટીના છે. આ બંને પાર્ટી સૌથી જૂની પાર્ટીઓ છે અને એક સમયે સાથે રહીને ચૂંટણી લડતી હતી.

અમેરિકાની ચૂંટણીનો ઈતિહાસ લાંબો છે ને તેની વાત માંડી શકાય તેમ નથી પણ વાતનો સાર એ કે, અમેરિકામાં ત્રીજી પાર્ટી ફાવતી નથી. તેનું કારણ આ બંને પાર્ટીએ વરસોની મહેનતથી ઊભું કરેલું સંગઠન છે. અમેરિકા દુનિયામાં સૌથી સમૃદ્ધ અને શક્તિશાળી દેશ બન્યો તેનું કારણ આ બંને પાર્ટીનું શાસન છે એવું અમેરિકનો માને છે. આ માન્યતા ખોટી પણ નથી તેથી ત્રીજી પાર્ટી ફાવતી નથી. રીફોર્મ પાર્ટી, ગ્રીન પાર્ટી એવી અલગ અલગ ઘણી પાર્ટીઓ બની પણ આ બંને પાર્ટીની તાકાતને ઓછી કરી શકી નથી. અમેરિકનોએ ત્રીજા વિકલ્પ વિશે વિચારવું પડે એવો પ્રભાવ ઊભો કરી શકી નથી.

મસ્કને એમ છે કે, પોતાની પાસે પુષ્કળ નાણાં છે ને તેના જોરે પોતે અમેરિકામાં ધારે તેને સત્તામાં લાવી શકે છે પણ આ તેનો ભ્રમ છે. એક જમાનામાં ડોનલ્ડ ટ્રમ્પને પણ આવો ભ્રમ હતો. ટ્રમ્પે ૨૦૦૦ની સાલમાં રીફોર્મ પાર્ટીના પ્રમખપદના ઉમેદવાર બનવાની રેસમાં ઝંપલાવેલું પણ પછી પીછેહઠ કરી હતી. ટ્રમ્પને પહેલાં મસ્કની જેમ નાણાંના જોરે સત્તા કબજે કરવાનું શક્ય લાગતું પણ ચૂંટણીના મેદાનમાં ઊતરવાનું નક્કી કર્યા પછી બહુ જલદી વાસ્તવિકતાનું ભાન થઈ ગયું એટલે એ ધખારા મૂકીને રિપબ્લિકન પાર્ટીમાં સક્રિય થઈ ગયા.

ટ્રમ્પે નાણાંના જોરે ધીરે ધીરે રિપબ્લિકન પાર્ટી પર કબજો કરી લીધો ને બે વાર પ્રમુખ બની ગયા. મસ્કે પણ ટ્રમ્પ સામે બાંયો ચડાવવાના એ રસ્તો અપનાવવો જોઈએ. રિપબ્લિકન પાર્ટીમાં પણ ટ્રમ્પના વિરોધીઓ છે જ. મસ્કે પોતાનાં નાણાંનો ઉપયોગ તેમને મજબૂત કરીને ટ્રમ્પ સામે પડકાર ઊભો કરવામાં કરવો જોઈએ, ટ્રમ્પના નિર્ણયો સામે રિપબ્લિકન પાર્ટીમાં જ વિરોધ થાય એવી સ્થિતિ પેદા કરવી જોઈએ. નવી પાર્ટી બનાવીને ટ્રમ્પને નુકસાન કરવાનો કે અમેરિકાના ભાગ્યવિધાતા બનવાનો વિચાર બહુ શાણપણભર્યો નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરવર્ષાઋતુ પ્રારંભ, ગુરુવાર, તા. ૩-૭-૨૦૨૫, દુર્ગાષ્ટમી, પરશુરામાષ્ટમી

- ભારતીય દિનાંક ૧૨, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૩-૫૦ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ૨૭-૧૮ સુધી (તા. ૪), પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.,
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૩૧,
- ઓટઃ સવારે ક. ૧૧-૩૦, મધ્યરાત્રે ક. ૦૦-૩૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ' નામ સંવત્સર, અષાઢ શુકલ-અષ્ટમી. દુર્ગાષ્ટમી, પરશુરામાષ્ટમી (ઓરિસ્સા), ખરસી પૂજા (ત્રિપુરા), સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રા, વાહન ઉંદર.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શિવ-પાર્વતી પૂજા, દુર્ગામાતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, ચંદ્ર-ગુરુગ્રહદેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, નવા વસ્રો, આભૂષણ, વિદ્યારંભ, મહેંદી લગાવવી, હજામત, અન્નપ્રાશન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, અન્નપ્રાશન, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ વિરુદ્ધ જાતિથી સંભાળવું, ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ કજિયાખોર.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ, ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ. પૃથ્વીથી સૂર્ય અતિ દૂર રહે છે. ચંદ્ર ચિત્રા યુતિ થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# નમાઝીઓ સાવધાન! અલ્લાહ કોની નમાઝ કબૂલ કરતો નથી?

**નામે** મુસલમાનને વિદિત છે કે દિને ઈસ્લામની બુનિયાદ અત્રે દર્શાવેલ ચાર બાબતો પર સ્થપાય છેઃ

* જગતકર્તા અલ્લાહ એક માત્ર છે અને તેના પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ આખરી પયગંબર છે જેમના પર અલ્લાહે દિવ્યવાણી સ્વરૂપ પવિત્ર ગ્રંથ-કિતાબ કુરાન નાઝિલ-ઉતરાણ ફરમાવી છે.
* સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીની પંચગાના-પાંચ વખતની નમાઝ.
* ઝકાત-દાનપૂણ્ય અને
* જીવનમાં કમસે કમ (મારી સ્થિતિ સારી હોય તો) એક વખત હજ-ધાર્મિક યાત્રા કરવી.

- નમાઝ વિષેનું મહત્ત્વ જાણીએ તો એટલો બોધ મળે છે કે જેણે ઈમાન-સચ્ચાઈ, શ્રદ્ધા તો લાવ્યો પણ નમાઝ જતી કરી તો તેણે ઈસ્લામના અન્ય હુકમોને પણ પડતા મૂકી દીધા.
- ઈન્સાનિયત અર્થાત્ માનવતા એ જ ધર્મનું મૂળ છે, સ્થંભ છે, પાયો છે અને નમાઝ દ્વારા તેને પ્રોત્સાહન મળવા પામતો હોય છે.
- અલ્લાહ જ એક માત્ર હોવાની કબૂલાત હોઈ ઈસ્લામમાં લેખના પ્રારંભમાં કહ્યું તેમ દીનની ઈમારતનો પાયો છે નમાઝ તેથી નમાઝને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.
- નમાઝ અલ્લાહની ખાસ ઈબાદત છે અને એને ઈસ્લામનો સ્તંભ કહેવામાં આવેલ છે. કલમો, નમાઝ, રોજા, ઝકાત અને હજ એ ઈસ્લામની ઈમારતના પાંચ આધારસ્તંભો છે, જેના પર દીને ઈસ્લામની ઈમારત સ્થપાઈ છે. પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસલામ ફરમાવે છે કે 'અલ્લાહતઆલાએ મારી ઉમ્મત પર સૌથી પહેલાં નમાઝ ફરજિયાત કરી અને ક્યામતના દિવસે સૌપ્રથમ નમાઝનો હિસાબ થશે.' આ નમાઝની બુલંદતા બતાવે છે.

નમાઝની અગત્યતા અંગે હદીસમાં ઘણી તાકીદ કરવામાં આવી છે અને નમાઝ અને એના લાભોથી પણ પરિચિત કરવામાં આવેલ છે. માનવી જ્યારે નમાઝમાં દાખલ થાય છે ત્યારે અલ્લાહ તેના તરફ સંપૂર્ણ લક્ષ આપે છે, ઉપરાંત અલ્લાહતઆલાએ નમાઝથી ઉત્તમ કોઈ વસ્તુ ફર્જ કરી નથી! નમાઝ ઉત્તમ જેહાદ છે અને મોમીનનું નૂર છે-આભા છે. નમાઝ સેતાનનું મોઢું કાળું કરે છે, આસમાન પરથી જ્યારે કોઈ આફત ઊતરે છે ત્યારે મસ્જિદને આબાદ કરનારાઓથી તે મુસીબતો દૂર થઈ જાય છે, નમાઝ મોમીનની શરાફત છે, જન્નતની ચાવી નમાઝ છે, મોમીની જ્યારે નમાઝ અદા કરે છે ત્યારે અલ્લાહ અને નમાઝની વચ્ચેનો પરદો દૂર થઈ જાય છે, ઈસ્લામ ધર્મમાં નમાઝનો દરજ્જો એવો આંકવામાં આવ્યો છે, જેવો શરીરમાં માથાનો, જે પોતાના દિલને નૂરાની બનાવવા ઈચ્છે છે તે નમાઝ દ્વારા બનાવી લે, ફજરની નમાઝ અદા કરવા જે શખસ જાય છે તેના હાથમાં ઈમાનનો ધ્વજ હોય છે, નમાઝ નેક લોકોની રસમ -નિયમ-ક્રમ છે અને તેનાથી શરીરની તંદુરસ્તી પણ થાય છે, જમીનના જે ભાગ પર નમાઝ અદા કરવામાં આવે છે તે ભાગ બીજા ભાગો પર ગૌરવ કરે છે, "હે આદમની ઔલાદ! તું દિવસની શરૂઆતમાં ચાર રકાતો (નમાઝનો એક હિસ્સો, ભાગ)થી લાચાર ન બન, હું તારા દિવસના તમામ કામ કરી આપીશ." (આમીન-તથાસ્તુ, ઈશ્વર ભલું કરે).

કુરાને મજીદમાં લગભગ સાતસો જગ્યાએ નમાઝ અદા કરવા અંગે તાકીદ કરવામાં આવેલ છે, પરંતુ અફસોસ કે આજે આપણને કોઈ નમાઝ પઢવાનું કહે છે, તો જવાબ આપી દઈએ છીએ કે સમય મળતો નથી. દિની ફરજનો સંગ્રહ આખેતરનું ભાથું હોઈ, દુન્યવી દોડધામમાંથી થોડો સમય નમાઝ માટે પણ કાઢી લઈ, બંને જહાંને આબાદ કરી શકાય તેમ છે. ઈસ્લામની ઈમારતનો પાયો જેમ નમાઝ છે, તેમ દરૂદો સલામ પણ ઈમાનની ઓળખ છે. હદીસે નબવી એટલે કે પયગંબર (સ.અ.વ.)નું આ કથન લેખને અનુરૂપ બની રહેવા પામશે. પયગંબર હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલૈયહિ વસલામનું કથન છે કે, 'દરૂદ એક સખાવત છે ને તેનાથી મહેરૂમ (વંચિત) રહેનાર બુઝદિલ અને બખિલ (કંજુસ) છે.' એક વેળા ગરીબ અને અસહાબોને ગમગીન જોઈ આપ હઝરે અનવર ફરમાવ્યું-માલદાર અગર એક ઊંટ લાદેલ માલ રાહેહકમાં આપે અને ગરીબ એક ખજૂરની પેસી આપે, બંને બરાબર છે અને તે પણ ન બને તો દરૂદ પઢે.'

દરૂદો સલામ પ્રત્યેની મોમીનોની મહોબ્બત એ ઈમાનની નિશાની છે, પરંતુ આજકાલ આપણે જાણ-અજાણ્યે દરૂદો સલામ પઢવાથી દૂર તો નથી થઈ રહ્યા? જેમ પાંચે વખતની નમાઝ ફરજ છે, તેમ શબે મએરાજમાંથી નબીએ કરીમે લાવેલ આ તૌફો કે, જે થકી નમાઝમાં ઉમ્મતિઓ મએરાજની સફર અનુભવી શકે તેવી મહાન નેઅમતથી આપણે દૂર તો નથી જઈ રહ્યા? તેના પર ઊંડો વિચાર કરવાનો વખત આવી પહોંચ્યો છે. આપણે હરહાલમાં એ ભૂલવું જોઈએ નહીં કે આપણે નમાઝ નહીં પઢીએ તો આપણા દરૂદો સલામ કાબીલે દાદ નહીં નીવડે, પણ જો નમાઝમાં પાબંદ રહી આપણે દરૂદો સલામ પઢશું તો આપણા દિલમાં તે નૂરેરહેમત પેદા કરશે, દુઃખ દર્દો દૂર થશે.

**કોની નમાઝ કબૂલ થતી નથી?**

હઝરત ઈમામ જાઅફરે સાદિક સાહેબ કહે છે કે,

* જે શખ્સ નિર્વસ્ત્ર અને કંગાળ લોકોનો ખયાલ નથી રાખતો તેની નમાઝ કબૂલ થતી નથી.

હુઝૂરે અનવર (સલ.) ફરમાવે છે કે,

* હરામ ખાનારાઓની નમાઝ રેતી ઉપર ચણવામાં આવેલી ઈમારત જેવી છે.
* જે સ્ત્રી પોતાના ધણી-પતિની જવાબદારી અદા નથી કરતી, તેની પણ નમાઝ કબૂલ થતી નથી.
* જેઓ પોતાના માલની ઝકાત અદા કરતા નથી તેની નમાઝ કબૂલ થતી નથી.
* જે પોતાની કુદરતી હાજત (પેશાબ-પાયખાના)ને રોકી રાખે છે, એમ કરીને પોતે તકલીફમાં મુકાય છે, નુકસાન ભોગવે છે, આ કામ તંદુરસ્તી માટે ભયજનક હોવા ઉપરાંત નમાઝમાં ધ્યાન ભટકાવે છે, ચિંતા કરાવે છે અને એકાગ્રતાનો ભંગ કરે છે -બેશકઃ આવી વ્યક્તિની નમાઝ પણ કબૂલ થતી નથી.

***

સાપ્તાહિક સંદેશઃ

જ્યારે કોઈના દિલમાં અલ્લાહનો ખૌફ (ન્યાયના દિવસના માલિકનો ડર) અને અલ્લાહ તરફનું સાચું ધ્યાન થાય, ત્યારે તેના ઉપર પરવરદિગારે આલમ (જગતનો પાલનહાર) જન્નત, સ્વર્ગ વાજીબ (યોગ્ય, ઉચિત) કરે છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### અમરનાથ

અમરનાથ તમામ લોકોને શાંતિ અને આશીર્વાદ આપે એવી પ્રાર્થના કરી હતી.

રાજભવનસ્થિત ઈન્ટીગ્રેટેડ કમાન્ડ ઍન્ડ કંટ્રોલ સેન્ટર તેમ જ પોલીસ કંટ્રોલ રૂમ મારફતે યાત્રા પર સતત ચાંપતી નજર રાખવામાં આવશે.

આરએફડીઆઈ આધારિત ટ્રેકિંગ સિસ્ટમ પણ બેસાડવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. અમરનાથ યાત્રાના માર્ગ પર આગળ વધી રહેલા યાત્રાળુઓને સ્થાનિક લોકોએ આવકાર આપ્યો હતો. ચારધામની યાત્રાને હિંદુ ધર્મ માટે ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. દરે વર્ષે મોટી સંખ્યામાં ભક્તો ચારધામની યાત્રા કરવા માટે જાય છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, અમરનાથ જતા યાત્રાળુઓની રાહનો અંત આવી ગયો છે. આજે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ યાત્રાળુઓની પહેલી ટુકડીને લીલી ઝંડી આપી છે. આ પહેલા ઉપરાજ્યપાલે જમ્મુ બેઝ કેમ્પ યાત્રી નિવાસમાં પૂજા કરી હતી. આ દરમિયાન શ્રદ્ધાળુઓએ 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના નારા લગાવીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. ઉપરાંત, યાત્રાળુઓ યાત્રાની વ્યવસ્થા જોઈને ખૂબ ખુશ થયા હતા.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી લોકોના મનમાં જે પ્રકારનો ભય હતો તે પણ સુરક્ષા વ્યવસ્થા જોઈને ઓછો થઈ ગયો છે. બાવીસમી એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ગયા વર્ષની સરખામણીમાં ઓછા શ્રદ્ધાળુઓએ યાત્રા માટે નોંધણી કરાવી છે. કારણ કે, તેમના મનમાં ક્યાંકને ક્યાંક ડર જોવા મળ્યો છે. જોકે, સુરક્ષા વ્યવસ્થા જોઈને પહેલા જથ્થામાં આવેલા શ્રદ્ધાળુઓ ખૂબ જ હળવાશ અનુભવતા હતા. શ્રદ્ધાળુઓને હવે સુરક્ષા પર પૂર્ણ ભરોસો હોવાનું પણ જાણવા મળ્યું છે, સામે તંત્ર દ્વારા પણ સુરક્ષા માટે એટલું જ ધ્યાન આપવામાં આવ્યું છે.

પ્રથમ ટુકડીને વિદાય આપ્યા પછી એલજી મનોજ સિન્હાએ વ્યવસ્થા વિશે વાત કરી. તેમણે કહ્યું કે 'યાત્રાળુઓ માટે, જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર, અમરનાથ શ્રાઇન બોર્ડ અને જમ્મુ અને કાશ્મીરના રહેવાસીઓએ તેમની ફરજો ખૂબ સારી રીતે નિભાવી છે, પાછલી યાત્રાની તુલનામાં, આ વખતે શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓમાં સુધારો થયો છે. પહેલા ગુફા તરફ જતા બંને માર્ગો ૬ ફૂટ પહોળા હતા, પરંતુ આ વખતે તેમને પણ ૧૨ ફૂટ પહોળા કરવામાં આવ્યા છે. પહેલા રૂટ પર અંધારું હતું, હવે ગ્રીડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી છે.'

અત્યારે મોટી સંખ્યામાં યાત્રાળુઓ અમરનાથની યાત્રાએ જવા માટે તૈયાર હોવાનુ જાણવા મળ્યું છે. અમરનાથની યાત્રા દરમિયાન સુરક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી કોઈ પણ શ્રદ્ધાળુએ કોઈ પણ પ્રકારનો ડર રાખવાની જરૂર નથી. કારણ કે, આપણાં દેશની સેના પર લોકોને સંપૂર્ણ ભરોસો છે. સુરક્ષા માટે દરેક જગ્યાએ સેનાના જવાનોને ગોઠવી દેવામાં આવ્યાં છે.

જમ્મુ કાશ્મીરમાં ભારે સુરક્ષા બંદોબસ્ત વચ્ચે અમરનાથ યાત્રા માટેની પ્રથમ ટુકડી આજે રવાના થઇ છે. જ્યારે આ વર્ષે ગુજરાતમાંથી અમરનાથ યાત્રા જનારા શ્રદ્ધાળુઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. જેના પગલે આ વર્ષે માત્ર ૫૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓ જ દર્શન માટે પહોંચે તેવી શક્યતા છે. જેમાં પહલગામ આતંકી હુમલો અને હેલિકૉપ્ટર સેવા નહીં હોવાથી શ્રદ્ધાળુઓ ઘટયા હોવાનો દાવો છે. (એજન્સી) ■

### ઓલા, ઉબર

રૂપિયાનો દંડ કરવામાં આવશે. દંડની આ રકમ ડ્રાઈવર અને કંપની વચ્ચે વહેંચાશે.

પ્રવાસીઓ માટે પણ દંડની આ જ જોગવાઈ છે. પ્રવાસી પણ જો યોગ્ય કારણ વિના રાઈડ રદ કરશે તો તેને પણ કુલ ભાંડાનાં ૧૦ ટકા અથવા વધુમાં વધુ ૧૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે.

કૅબ કંપનીઓ માટે ડ્રાઈવરનો પાંચ લાખ રૂપિયાનો હૅલ્થ ઈન્સ્યોરન્સ અને દસ લાખ રૂપિયાનો ટર્મ ઈન્સ્યોરન્સ કઢાવવો ફરજિયાત હશે. ઑટો રિક્ષા અને બાઈક ટેક્સીને પણ આ નિયમો લાગુ પડશે.

વાહનના પ્રાથમિક રજિસ્ટ્રેશના આઠ વર્ષ કરતાં જૂનું વાહન કૅબ કંપનીઓ નહીં વાપરી શકે. કંપનીઓએ જ આ બાબતની ખાતરી કરવાની રહેશે.

પ્રત્યેક કૅબમાં વ્હિકલ લોકેશન ઍન્ડ ટ્રેકિંગ ડિવાઈસ (વીએલટીડી) ફરજિયાત હશે જેના મારફતે કંપની અને કંટ્રોલરૂમ ડ્રાઈવર ઍપમાં દર્શાવેલા રૂટને અનુસરે છે કે નહીં તેની ખાતરી કરશે. જો ડ્રાઈવર જરા પણ રૂટ બદલશે તો ઍપ મારફતે કંટ્રોલરૂમને જાણ થશે અને કંટ્રોલરૂમ તાત્કાલિક ડ્રાઈવર અને પ્રવાસીનો સંપર્ક કરશે. (એજન્સી) ■

### ઘર વપરાશની

આવક ધરાવતા લોકો જે વસ્તુઓનો વધારે ઉપયોગ કરે છે તે વસ્તુઓનો ભાવ ઘટી શકે છે. સરકાર જીએસટી ૧૨ ટકાના સ્લેબમાં યાદીમાં રહેલી મોટાભાગની વસ્તુઓને ૫ ટકાના સ્લેબમાં મુકવાનો અથવા તો આ વસ્તુઓ પરના ૧૨ ટકાના સ્લેબને જ નાબૂદ કરવા પર વિચાર કરી રહી છે. જે સમાન્ય લોકો માટે ઘણી ફાયદાકારક વાત સાબિત થવાની છે. સામાન્ય લોકો દ્વારા રોજિંદા ઉપયોગમાં લેવાતી મોટાભાગની વસ્તુઓ આ જ શ્રેણી એટલે કે ૧૨ ટકાના સ્લેબમાં આવે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જીએસટી કાઉન્સિલની આગામી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવી શકે છે.

જો કે, આ મામલે હજી સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ વિશ્વસનીય સૂત્રો દ્વારા આ જાણકારી મળી રહી છે.

ભારતમાં રહેતા દરેક વ્યક્તિને જીએસટી ભરવો પડે. જીએસટી એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને દેશભરમાં એક જ કર પ્રણાલી તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. જેથી વિવિધ કરને એકસાથે જોડી શકાય. મહત્ત્વની વાત એ છે કે, હવે આઠ વર્ષ બાદ ફરી સરકાર એક નવો ફેરફાર કરવા માટે વિચારણા કરી રહી છે. જેના કારણે મધ્યમ વર્ગના લોકોને મોટો ફાયદો થવાનો છે. સરકાર દ્વારા જીએસટીમાં જે ફેરફાર કરવામાં આવશે તેના કારણે સામાન્ય વર્ગમાં આવતા દરેક પરિવારો પરથી ખર્ચનું ભારણ ઓછું થઈ જવાનું છે.

સરકાર અને રાજ્યોને કરનો હિસ્સો વધુ મળશે, ઉદ્યોગપતિઓને ઓછી જટિલતા રહેશે અને લોકોને કિંમતોમાં પારદર્શિતા જોવા મળશે. જો બધા રાજ્યો સંમત થાય, તો આગામી મહિનાઓમાં દેશભરમાં ઘણી વસ્તુઓ સસ્તી થઈ શકે છે. પરંતુ શા મામલે દરેક રાજ્યો દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં આવશે? તે આગામી બેઠક દરમિયાન જાણવા મળશે. ■

### મોદી પાંચ દેશના

નકુમાનો દબદબો હતો. તેમને જવાહરલાલ નહેરૂ સાથે ઘનિષ્ટ સંબંધો હતા. ઘાનાને માર્ચ ૧૯૫૭માં આઝાદી મળી એ પહેલેથી આ સંબંધો હતા. ઈન્ડિયા હાઉસ જે રોડ પર આવ્યું છે એ ઇકરીના પાકા રોડને જવાહરલાલ નહેરૂનું નામ આપવામાં આવ્યું હતું. એ જ પ્રમણે નવી દિલ્હીના ડિપ્લોમેટિક એન્ક્લેવને કામે નકુમાનું નામ આપવામાં આવ્યું છે. નકુમાએ ૨૨ ડિસેમ્બર ૧૯૫૮થી આઠ જાન્યુઆરી, ૧૯૫૯ સુધી ભારતની મુલાકાતે આવ્યા હતા. તેમણે નવી દિલ્હી, મુંબઈ, ચંડીગઢ , ઝાંસી, બેંગલુરુ અને મહૈસુરની મુલાકાત લીધી હતી. ભારતે ઘાનાને તેનું હવાઈદળ ઊભું કરવામાં મદદ કરી હતી. (એજન્સી) ■

### ભારત-પાક વચ્ચે

બન્ને દેશ વચ્ચે આ સ્પર્ધામાં વારાફરતી ત્રણ ટક્કર થશે જેમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતનો પાકિસ્તાનને જડબાતોડ જવાબ મળશે એમાં કોઈ શંકા નથી.

સૌથી પહેલાં તો સાતમી સપ્ટેમ્બરે ગ્રૂપ તબક્કામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ રમાશે. સ્પર્ધાના બન્ને ગ્રૂપની ટોચની બે-બે ટીમ સુપર-ફોર રાઉન્ડમાં પહોંચશે અને એમાં ૧૪મી સપ્ટેમ્બરે ફરી ભારત અને પાકિસ્તાન સામસામે આવી શકે છે. જો આ જ બે ટીમ ફાઇનલમાં પહોંચશે તો ૨૧મી સપ્ટેમ્બરે તેમની વચ્ચે ફરી ટકકર જોવા મળશે.

એશિયા કપ ૫-૨૧ સપ્ટેમ્બર દરમ્યાન રમાશે. ૧૭ દિવસની આ સ્પર્ધામાં ભારત અને પાકિસ્તાન ઉપરાંત યજમાન યુએઇ, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની ટીમ ભાગ લેશે. આ ટી-૨૦ મુકાબલા હોવાથી ફરી એકવાર સૂર્યકુમાર યાદવને ટીમ ઇન્ડિયાનું સુકાન સોંપાશે એવી સંભાવના છે. ■

### રિલાયન્સ કમ્યુનિકેશન્સનું

કે આ મામલે ૨૩ જૂન ૨૦૨૫નો એસબીઆઈનો પત્ર અમને મળ્યો છે. રિલાયન્સ કમ્યૂનિકેશન્સ અને તેને સંલગ્ન કંપનીઓએ વિવિધ બૅન્કમાંથી કુલ રૂ. ૩૧,૫૮૦ કરોડની લોન મેળવી હતી. રિલાયન્સ કમ્યૂનિકેશન્સ દ્વારા લોનની આ રકમ અન્યત્ર વાળવામાં આવી હોવાનું બૅન્કની ફ્રોડ આઈડેન્ટિફિકેશન કમિટીને જણાઈ આવ્યું હતું.

રિલાયન્સ કમ્યૂનિકેશન્સ અને તેના ડિરેક્ટર અનિલ અંબાણીને લખેલ પત્રમાં બૅન્કે જણાવ્યું હતું કે રિલાયન્સ કમ્યૂનિકેશન્સના લોન અકાઉન્ટને ફ્રોડ શ્રેણીમાં વર્ગીકૃત કરવાનો અને કંપનીના ડિરેક્ટર અનિલ અંબાણીનું નામ રિઝર્વ બૅન્કને આપવાનો એસબીઆઈએ નિર્ણય લીધો છે. રિલાયન્સ કમ્યૂનિકેશન્સ લિ. (આર.કોમ) હાલ લિક્વિડેશનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે. લોનની કુલ રકમમાંથી ૪૧ ટકા એટલે કે અંદાજે રૂ. ૧૨,૬૯૨,૩૧ કરોડ જેટલી રકમ અન્ય સંબંધિત પાર્ટીઓને ચુકવણી કરવા વાપરવામાં આવી હતી. (એજન્સી) ■



PARAS

# શ્વાન સાથે દુષ્કર્મઃ વૃદ્ધ સામે ગુનો દાખલ

વર્ધાઃ વર્ધા જિલ્લામાં શ્વાન સાથે દુષ્કર્મ આચરવા બદલ ૬૭ વર્ષના વૃદ્ધ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. અરવી તાલુકાના મૌઝા ધાનોડી ગામમાં શાળા નજીક શ્વાન સાથે આરોપી દુષ્કર્મ કરતો સ્થાનિકોને નજરે પડ્યો હતો, જેને પગલે પ્રાણીપ્રેમીને જાણ કરવામાં આવી હતી. બાદમાં સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# બે જ દિવસમાં ૧.૪૩ લાખ વિદ્યાર્થીઓનું અગિયારમામાં એડમિશન કન્ફર્મ

મુંબઈઃ ફર્સ્ટ યર જુનિયર કોલેજ (એફવાયજેસી) એડમિશન માટેનું પ્રથમ મેરિટ લિસ્ટ જાહેર થયાના બે દિવસમાં જ વિવિધ કોલેજમાં ૧.૪૩ લાખ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. પ્રથમ મેરિટ લિસ્ટમાં અંદાજે ૬,૦૦,૦૦૦ વિદ્યાર્થીને કોલેજ ફાળવવામાં આવી હતી. રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર ૧,૪૩,૦૮૪ વિદ્યાર્થીએ તેમનું એડમિશન કન્ફર્મ કરવા તેમને ફાળવવામાં આવેલી કોલેજની મુલાકાત લીધી હતી. માઇનોરિટી, મેનેજમેન્ટ અને ઇન-હાઉસ ક્વૉટામાં સંયુક્ત રીતે ૬૭,૧૫૨ વિદ્યાર્થીઓ, જ્યારે કુલ ૨,૧૦,૨૩૬ એડમિશન મેળવ્યા હતા. ■




# કર્ણાક બંદરના નવા બ્રિજના ઉદ્‌ઘાટનનું મુહૂર્ત ક્યારે નીકળશે?



**ઉદ્‌ઘાટનનું ગ્રહણ...** કર્ણાક બ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે, પરંતુ ઉદ્‌ઘાટન થયું ન હોવાને કારણે તેને હજી ખુલ્લો મુકાયો નથી. બ્રિજ તૈયાર છે છતાં વાહનચાલકોને થઈ રહેલી હાલાકીથી રોષે ભરાયેલા લોકો તથા ઉદ્ધવ-સેના અને મનસેના કાર્યકરો બુધવારે બ્રિજ પાસે ભેગા થઈ જતાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. (અમય ખરાડે)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના નવા બંધાયેલા કર્ણાક બ્રિજ -ભારે પોલીસ સુરક્ષા તહેનાત કરવામાં આવી છે, પણ વાહન વ્યવહાર માટે હજી એને ખુલ્લો નથી મૂકવામાં આવ્યો. બ્રિજને ખુલ્લો મુકવામાં થઈ રહેલા નાહકના વિલંબનો મુદ્દો બુધવારે વિધાનસભાના સત્રમાં કોંગ્રેસના ધારાસભ્ય અમીન પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. મંગળવારના અહેવાલ અનુસાર પુલ તૈયાર થઈ ગયો છે, પરંતુ પાલિકા વહીવટી તંત્ર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઔપચારિક મંજૂરીની રાહ જોઈ રહ્યું છે.

પી. ડી.'મેલો રોડ પર સ્થળ પર તૈનાત પોલીસે સ્પષ્ટતા કરી હતી કે શિવસેના (યુબીટી) અને મનસેએ કર્ણાક બ્રિજ શરૂ કરવામાં થઈ રહેલા વિલંબ અંગે વિરોધ પ્રદર્શનની અપીલ કરી છે. આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ પણ પોલીસ બંદોબસ્ત અને પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે પી.'ડી.મેલો રોડથી મસ્જિદ બંદર સુધીના પુલ પરથી ચાલતા પસાર થયા હતા. ■

# ટ્રેનો મોડીઃ વીફરેલા પ્રવાસીઓનું ભિવંડી સ્ટેશન પર રેલ-રોકો

## ૬૮ પ્રવાસી સામે ગુનો નોંધાયો

થાણેઃ ટ્રેનો વારંવાર મોડી પડતી હોવાને કારણે ટ્રેન વ્યવહાર ખોરવવા બદલ સાત મહિલા સહિત ૬૮ પ્રવાસી સામે કેસ નોંધવામાં આવ્યો હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

ટ્રેન ફરી ૪૦ મિનિટ મોડી પડી હોવાને કારણે ભિવંડી રોડ સ્ટેશન પર રેલરોકો કરવામાં આવ્યું હતું.


ડોંમ્બિવલીના ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) અધિકારીના જણાવ્યાનુસાર પનવેલ-દહાણુ મેમુ ટ્રેન રાતે ૮.૦૫ કલાકના આવવાને બદલે ૯.૦૮ કલાકે પહોંચી હતી. ટ્રેનો વારંવાર મોડી પડતી હોવાનો આક્ષેપ કરીને અમુક પ્રવાસીઓ દ્વારા રેલ રોકો કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓએ દાવો કર્યો હતો કે લાંબા અંતરની ટ્રેનોને પ્રાથમિકતા આપવામાં આવતી હોવાને કારણે લોકલ શટલ મોડી પડતી હોય છે.

દેખાવકારોમાં મહિલા અને પુરુષો મળીને કુલ ૬૮ જણ હતાં. (પીટીઆઇ) ■

# ઈન્કમ ટેક્સ ઓફિસરના સ્વાંગમાં વૃદ્ધા સાથે ૧.૧૫ કરોડની છેતરપિંડી

મુંબઈઃ ઇન્કમ ટેક્સ ઓફિસરના સ્વાંગમાં સાયબર ગુનેગારોએ ૭૦ વર્ષની વૃદ્ધા સાથે છ વર્ષમાં ૧.૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી.

વરલી વિસ્તારમાં રહેનારી વૃદ્ધાએ દાદર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવ્યા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. ફરિયાદી વૃદ્ધાને મે, ૨૦૧૯માં મહિલાનો કૉલ આવ્યો હતો. પોતે ઇન્કમ ટેક્સ ઓફિસર હોવાનો દાવો કરનારી મહિલાએ વૃદ્ધાને જણાવ્યું હતું કે ઇન્કમ ટેક્સ વિભાગ તમારા મૃત પતિના રૂપિયા પાછા આપવા માગે છે. પતિના પૈસા પાછા મેળવવા માટે 'પેન્ડિંગ' ટેક્સ તથા વિવિધ દંડ ચૂકવી દેવાનું વૃદ્ધાને કહેવામાં આવ્યું હતું. વિશ્વાસ રાખીને વૃદ્ધાએ બૅંક ખાતાંમાં રૂપિયા ડિપોઝિટ કરી દીધા હતા. (પીટીઆઇ) ■



# સંસ્થા સમાચાર

## વડિયામાં ધીરગુરુદેવની પ્રેરણાથી સાતમી જુલાઈએ નિઃશુલ્ક દંતયજ્ઞ

શ્રી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તપસમ્રાટ પૂ. રતિલાલજી મ.સા. ની સાધના ભૂમિ વડિયાદેવળીમાં પૂ.શ્રી ધીરગુરુદેવની પ્રેરણાથી ડિવાઇન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૭-૭-૨૫ ને સોમવારે સવારે ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યે શ્રી પટેલ સમાજવાડી કૃષ્ણપરા ખાતે દંતયજ્ઞનું વિનામૂલ્યે આયોજન મુંબઈ વસતાં શ્રી પ્રતાપભાઈ ભાયચંદભાઈ કામદારના આર્થિક સહયોગથી કરવામાં આવેલ છે. આ દંતયજ્ઞમાં કોઈપણ જાતના ઇંજેક્શન વગર જાલંધર બંધયોગ પદ્ધતિથી દાંત કાઢી આપશે.

દાંતની સારવાર તેમજ જરૂરિયાતવાળાને બત્રીસીનું વિતરણ કરાશે. સાધ્વીરત્ના પૂ.શ્રી પ્રિયદર્શનાજી મ.સ.,પૂ.શ્રી સુધાજી મ.સ. મંગલપાઠ શ્રવણ કરાવશે.

એ પછી શ્રી પ્રતાપભાઈ કામદાર, શ્રી મહાસુખભાઈ ગાઠાણી (અમેરિકા), શ્રી વિનુભાઈ રૈયાણીના હસ્તે. કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

આ પ્રસંગે અગ્રણી અને શ્રી પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી બાવકુભાઈ ઉધાડ, મામલતદાર શ્રી, પી.એસ.આઇ સાહેબ, કાળુમામા વડેરીયા, સરપંચ મનીષભાઈ ઢોલરીયા ખાસ ઉપસ્થિત રહેશે. ડો. મકવાણા, ડો. સંજય અગ્રાવત, મોનિકાબેન ભટ્ટ વગેરે સેવારત રહેશે.

નામ નોંધાવવા માટે મોનિકાબેન મો.૭૦૪૬૪૭૫૪૦૪ અને ભરતભાઈ મો. ૯૯૭૯૨૯૯૪૦૯ છે. શ્રી ગૌસેવા મિત્ર મંડળ-વડિયા કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહેલ છે.

## મોબાઈલ રિચાર્જ પરથી થયેલા વિવાદમાં ગ્રાહકની પીટાઈ

થાણેઃ મોબાઈલ રિચાર્જને મુદ્દે થયેલા વિવાદમાં દુકાનદાર અને તેના મિત્રએ ગ્રાહકની પીટાઈ કરી હોવાની ઘટના થાણે રેલવે સ્ટેશન બહાર બની હતી. ઘટના મંગળવારની રાતે થાણેમાં દુકાન બહાર બની હતી, જેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. ૪૫ વર્ષનો ફરિયાદી દારૂ પીને આરોપીની દુકાને ગયો હતો. રિચાર્જને મુદ્દે થયેલા વિવાદમાં દુકાનદાર અને તેના મિત્રએ કથિત મારપીટ કરી હતી. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## નાલાસોપારામાં બિલ્ડરની

જીવન ટૂંકાવ્યું હતું. ચૌહાણની કારની ડિકીમાંથી તેના દીકરાને સુસાઈડ નોટ મળી આવી હતી.

સુસાઈડ નોટના લખાણ અને ચૌહાણની દીકરીએ કરેલા આરોપોને આધારે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે ચૌહાણે દસ વર્ષ અગાઉ ઓમ શ્રીજી હાઉસિંગ સોસાયટીનું બાંધકામ શરૂ કર્યું હતું. કન્સ્ટ્રક્શન કામ માટે ચૌહાણે કોન્સ્ટેબલ શિંદે અને મહાજન પાસેથી ૩૩ લાખ રૂપિયા લીધા હતા.

ઊંચી રકમના વ્યાજ પર આ રકમ ચૌહાણને આપવામાં આવી હતી. બાદમાં શિંદેએ સંબંધિત બિલ્ડિંગમાં બે ફ્લૅટ નામે કરાવી લીધા હતા. બિલ્ડરે ૩૨ લાખ રૂપિયા ચૂકવી દીધા છતાં તેને ત્રાસ આપવામાં આવતો હતો, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

સુસાઈડ નોટમાં જણાવાયું હતું કે બિલ્ડિંગના છ માળ બાંધવામાં આવ્યા પછી કોન્સ્ટેબલે બાંધકામ છોડી દેવા દબાણ કર્યું હતું. બાંધકામ માટે બીજા બિલ્ડરની પસંદગી કરવામાં આવી હોવાનું તેમનું કહેવું હતું. બિલ્ડરને ધમકાવવા માટે આરોપી લાલા લજપતનો ઉપયોગ કરાયો હતો.

પોલીસના ત્રાસથી કંટાળી બિલ્ડરે મોબાઈલ ફોન સ્વિચ ઑફ કરી નાખ્યો હતો અને દીકરીના ફ્લૅટમાં રહેવા ગયો હતો. બાદમાં દીકરીના મોબાઈલ પર પણ આરોપીએ ફોન કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

મંગળવારે ફરિયાદી પિતાને મળવા પોતાના ફ્લૅટમાં ગઈ ત્યારે આત્મહત્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલમાં ફરજ બજાવતા શિંદે અને આર્થિક ગુના શાખાના કોન્સ્ટેબલ મહાજનને સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

## ટ્રાન્સપોર્ટર્સની હડતાળ

દોઢ લાખ ટ્રક અને બે લાખ અન્ય માલસામાન વહન કરતા વાહનો માર્ગ પર અવરજવર નહીં કરે.

બાર્ગેએ દાવો કર્યો હતો કે મુંબઈના બિઝનેસ સેન્ટર કાલબાદેવીમાં તમામ ટ્રકોએ કામકાજ બંધ કરી દીધું છે, જ્યારે અન્ય વિસ્તારોમાં પરિવહન સંગઠનોના સભ્યો ટ્રાન્સપોર્ટરોને હડતાળમાં જોડાવા માટે સમજાવવા માટે ગાંધીગીરીનો ઉપયોગ કરી રહ્યા છે.

ટ્રાન્સપોર્ટરોની માગણીઓમાં ઇ-ચલણના દંડની બળજબરીપૂર્વક વસૂલાત બંધ કરવી, છ મહિનાથી વધુ જૂના ઇ-ચલણ રદ કરવા, હાલના દંડને માફ કરવો, ભારે વાહનો માટે ફરજિયાત ક્લીનરનો નિયમ રદ કરવો અને મેટ્રો શહેરોમાં નો-એન્ટ્રી ટાઇમિંગ પર ફેરવિચારણા કરવી વગેરેનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)

## શિવસેનામાં ફાડિયાં

નેતાઓમાં અસંતોષ ફેલાવ્યો હતો.

‘એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવો તેમની અને પક્ષમાં અન્ય નેતાઓ સાથે કરવામાં આવેલા વર્તનનું પરિણામ હતું. તેના માટે દેવેન્દ્ર ફડણવીસને દોષ આપવો અયોગ્ય છે,’ ફુકેએ કહ્યું હતું. તેઓ શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉત દ્વારા દિવસની શરૂઆતમાં કરવામાં આવેલી ટિપ્પણીનો જવાબ આપી રહ્યા હતા, જેમણે મહારાષ્ટ્રમાં રાજકીય પુનર્ગઠનમાં ફડણવીસની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા હતા અને પૂછ્યું હતું કે, ‘પક્ષોને તોડવા સિવાય, ફડણવીસે શું સારું કર્યું છે?’ તેમના આરોપોનો જવાબ આપતા ફુકેએ કહ્યું હતું કે, ‘સત્ય એ છે કે, સંજય રાઉત જેવા નેતાઓએ પોતાના પક્ષમાં ગૂંગળામણભર્યું વાતાવરણ ઊભું કર્યું. તેમના વર્તનથી શિંદે જેવા વફાદાર નેતાઓને ભંગાણ તરફ ધકેલી દીધા. જે લોકો બીજાઓને ગદ્દાર કહે છે તેઓએ પોતાના વર્તન પર વિચાર કરવો જોઈએ.’

તેમણે ઉમેર્યું હતું કે, શિવસેનામાં ભાગલા પાડવામાં ફડણવીસની કોઈ ભૂમિકા નહોતી.

ભાજપ પર આંગળી ચીંધવી એ અનુકૂળ છે, પરંતુ વાસ્તવિક કારણો (અવિભાજિત) શિવસેનાના પોતાના નેતૃત્વ અને આંતરિક વિવાદોમાં છે, એમ તેમણે કહ્યું હતું.

## થાણે-બોરીવલી ટનલ

સતેજ પાટીલ અને એનસીપી (એસપી)ના નેતા જયંત પાટીલનો સમાવેશ થતો હતો.

‘પ્રોજેક્ટ અંગે ગંભીર ચિંતાઓ ઉઠાવવામાં આવી હોવા છતાં, સરકારે તેને આગળ ધપાવવાનું ચાલુ રાખ્યું. આ ફક્ત ટેક્નિકલ ભૂલ નથી. આ ૩,૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ છે જેને મહારાષ્ટ્રના લોકોએ અવગણવું જોઈએ નહીં,’ એમ દાનવેએ જણાવ્યું હતું. સતેજ પાટીલે આરોપ લગાવ્યો કે કોન્ટ્રાક્ટ જીતનાર કોન્ટ્રાક્ટર ચૂંટણી બોન્ડનો જાણીતો દાતા હતો. ‘આ કોઈ સંયોગ નથી. સરકાર તે જ કંપનીને ટેન્ડર આપી રહી છે જેણે તેને ભંડોળ પૂરું પાડ્યું છે. આ પારદર્શિતા અને ન્યાયીપણા પર મૂળભૂત પ્રશ્નો ઉભા કરે છે,’ એમ તેમણે કહ્યું હતું.

જયંત પાટીલે વિવાદમાં રહેલી કંપની મેઘા એન્જિનિયરિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડને આપવામાં આવેલા તમામ કોન્ટ્રાક્ટની તાત્કાલિક સમીક્ષા કરવાની માગણી કરી હતી.

મેઘા એન્જિનિયરિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર રાજ્યના ‘પસંદગીના કોન્ટ્રાક્ટર’ બની ગયા હતા, એવો આરોપ વિપક્ષી નેતાઓએ લગાવ્યો હતો.

## ગોરેગામ-મુલુંડ

બોરીવલીમાં આવેલા નેશનલ પાર્ક હેઠળ ટ્વિન ટનલ બનાવવામાં આવશે, જે લિંક રોડ સહિત ૬.૬૫ કિલોમીટરનો કોરિડોર બનાવશે. આ ટ્વિન ટનલ ૨૦થી ૧૬૦ મીટર નીચે ભૂગર્ભમાં રહેશે, જેમાં દર ૩૦૦ મીટરે એકબીજા સાથે જોડવામાં આવશે. ટનલમાં અત્યાધુનિક લાઈટિંગ સહિત વેન્ટિલેશન, ફાયર સેફ્ટી મિકેનિઝમ્સ, સીસીટીવી સર્વેલન્સ અને બંને છેડે કંટ્રોલ રૂમ જેવી અદ્યતન સિસ્ટમથી સજ્જ હશે. વધુમાં વરસાદી પાણીનાં નિકાલ માટે પાઈપલાઈન, ભવિષ્યમાં પાણીપુરવઠા માટે પાઈપલાઈન નાખવા માટેની જોગવાઈ પણ ટનલની નીચે કરવામાં આવવાની છે. ટ્વિન ટનલના બાંધકામ માટે રાજ્ય સરકારને કેન્દ્રને વન જમીનના ડાઈવર્ઝન માટે મંજૂરી માંગતો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ઝીણવટપૂર્વક ચકાસણી બાદ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી બે જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી પણ ફોરેસ્ટ કન્વર્ઝન એક્ટ, ૧૯૮૦ અંતર્ગત મંગળવાર પહેલી જુલાઈ, ૨૦૨૫ના અંતિમ મંજૂરી આપવામાં આવી હતી, જેમાં ૧૯.૪૩ હેક્ટર અનામત ફોરેસ્ટ લેન્ડ (વન્ય જમીન)ને ડાઈવર્ઝન કરવાની મંજૂરી આપવામાં આવી હતી. તે મુજબ હવે પાલિકાએ નિર્ધારીત શરતો અનુસાર તેને અમલમાં મૂકવા માટેની પ્રક્રિયા ચાલુ કરી દીધી છે.

## ટીચર નહીં પિશાચિની...

શિક્ષિકા તેને એન્ટિ-એન્ઝાઇટીની ગોળીઓ આપતી હતી. શિક્ષિકા ઘણીવાર વિદ્યાર્થી સાથે કથિત દુરાચાર આચરવા અગાઉ તેને દારૂ પીવડાવતી હતી.

વિદ્યાર્થીનું વર્તન બદલાયેલું જોયા બાદ પરિવારજનોને જાતીય શોષણ અંગે જાણ થઇ હતી. જોકે તે થોડા મહિના બાદ શાળા પૂર્ણ કરશે અને આ મામલાનો અંત આવશે, એવું વિચારીને પરિવારજનો ચૂપ રહ્યા હતા.

વિદ્યાર્થીએ અમુક મહિના અગાઉ ૧૦મા ધોરણની પરીક્ષા પાસ કરી હતી અને શાળા છોડી દીધી હતી, પણ તે હતાશામાં સરી પડ્યો હતો.

દરમિયાન વિદ્યાર્થીને મળવા માટે શિક્ષિકાએ તેના નોકર મારફત ફરી સંદેશો મોકલાવ્યો ત્યારે વિદ્યાર્થીના પરિવારે આ અંગે વાત કરવાનું નક્કી કર્યું હતું.

શિક્ષિકા સામે ભારતીય ન્યાય સંહિતા, પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ અને જુવેનાઇલ જસ્ટિસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## મહારાષ્ટ્રના વિધાનસભ્યો

પ્રધાન ગણેશ નાઈકે જણાવ્યું હતું કે, જીવંત સાપની પૂજાનો તહેવાર સ્થાનિક લોકો માટે ધાર્મિક મહત્વ ધરાવે છે. જોકે, વન્યજીવ સંરક્ષણવાદીઓ કોર્ટમાં ગયા બાદ તેને બંધ કરી દેવામાં આવ્યો હતો. નાઈકે જણાવ્યું હતું કે આ સંદર્ભમાં ૭-૮ જુલાઈના રોજ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન ખાતાના પ્રધાન (ભૂપેન્દ્ર યાદવ) સાથે બેઠક યોજાશે. હું જોઈશ કે નિયમો અનુસાર આ પ્રથાને ફરીથી શરૂ કરવાની પરવાનગી કેવી રીતે મેળવી શકાય. સરકાર સરિસૃપને નુકસાન ન થાય અને ધાર્મિક પરંપરા ચાલુ રહે તે સુનિશ્ચિત કરવાનો માર્ગ શોધી કાઢશે, એમ તેમણે જણાવ્યું હતું. એનસીપી (એસપી)ના નેતા જયંત પાટીલે જણાવ્યું હતું કે તહેવાર દરમિયાન જીવંત સાપને સંભાળતી વખતે લોકોના મૃત્યુની કોઈ ઘટના નોંધાઈ નથી. ભાજપના સભ્ય ગોપીચંદ પડળકરે પણ દેશમુખની માગણીને ટેકો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે વિદેશી પ્રવાસીઓ જીવંત સાપની પૂજા જોવા માટે શહેરમાં આવતા હતા.

દેશમુખે કહ્યું હતું કે, નાગ પંચમી પર સ્થાનિક લોકો જીવંત કોબ્રાની શોધી કાઢે છે અને તેમની પૂજા કરે છે અને તેમને નુકસાન પહોંચાડ્યા વિના તેમના કુદરતી વાતાવરણમાં પાછા છોડીને આવે છે.

## મુંબઈ અને થાણેમાં

મુજબ ગુરુવારે શહેરના અલગ અલગ વિસ્તારોમાં ભારે વરસાદ પડશે અને શુક્રવાર સુધીમાં વરસાદની તીવ્રતા ઓછી થશે. જોકે શનિવાર બાદ વરસાદની તીવ્રતામાં વધારો થવાની ધારણા છે. હવામાનના નિષ્ણાતોના જણાવ્યા મુજબ ભારત પર સર્જાયેલી લો પ્રેશર સિસ્ટમને કારણે હાલ વરસાદ પડી રહ્યો છે. હાલમાં કોઈ ઓફશોર ટ્રફ સર્જાયો નથી પણ ઝારખંડ અને પૂર્વીય મધ્ય પ્રદેશ પર એક લો પ્રેશર છે. એની સાથે જ નૈઋર્ત્યનું ચોમાસું ફરી સક્રિય થયું હોવાની આ બંનેની અસર હેઠળ કોંકણ પ્રદેશમાં વરસાદ પડી રહ્યો છે. જોકે મુંબઈમાં છ જુલાઈ બાદ ચોમાસું ફરી તેના અસલી મિજાજમાં આવે એવી શક્યતા છે.

પૂર્વ ભારતમાં વધુ એક લો પ્રેશર ડેવલપ થવાની શક્યતા છે અને તે પશ્ચિમ તરફ આગળ વધે એવી શક્યતા છે અને તેની અસર હેઠળ મુંબઈમાં ભારે વરસાદ પડવાની શકયતા છે. સામાન્ય રીતે મુંબઈમાં ચોમાસું ખરા અર્થમાં જુલાઈમાં જ તેનો અસલી મિજાજનો પરચો આપતો હોય છે. જુલાઈમાં સરેરાશ વધુ વરસાદ સાથે સૌથી ભીનો મહિનો રહેતો હોય છે.

જુલાઈમાં સાંતાક્રુઝમાં સરેરાસ ૮૫૫ મિ.મી. જેટલો વરસાદ પડતો હોય છે અને કોલાબામાં જુલાઈ મહિનામાં સરેરાશ ૭૫૪ મિ.મી. વરસાદ પડતો હોય છે. આ દરમ્યાન મુંબઈમાં મે મહિનાથી અત્યાર સુધીમાં સાંતાક્રુઝમાં ૯૦૬ મિ.મી. અને કોલાબામાં ૧,૧૦૯ મિ.મી. વરસાદ પડ્યો છે.

## તો રાજ ઠાકરે શિવસેના

મરાઠી માણસે શિવસેનાના નામે પોતાનું ગુજરાન ચલાવ્યું અને હવે મરાઠી ભાષાના નામે આનંદ ઉત્સવ કરી રહ્યા છે.

આકરા પ્રહાર જારી રાખી નારાયણ રાણેએ વધુમાં જણાવ્યું હતું કે એ લોકોએ અત્યાર સુધીમાં મરાઠી માણસ માટે કર્યું છે શું? મુંબઈમાં મરાઠીઓની વસ્તી માત્ર ૧૮ ટકા છે. ૧૯૬૦માં ૬૦ ટકા વસતી મરાઠી હતી. શિવસેના કહેતી હતી કે આ મરાઠી લોકોના હક માટે છે. તો આ મરાઠીઓ ગયા ક્યાં? ઉદ્ધવ ઠાકરે અઢી વર્ષમાં બે દિવસ માટે મંત્રાલયમાં આવ્યા હતા. તેમણે મહારાષ્ટ્ર, મરાઠી, મરાઠી યુવાનો અને રોજગાર માટે શું કર્યું? ઉદ્ધવ ઠાકરેને મરાઠી અને હિન્દુત્વ પર બોલવાનો કોઈ નૈતિક અધિકાર નથી.


## ક્લાસિફાઈડ

### ૧૪. નોકરી ખાલી છે

GOVT. REGISTERED CO. Requires Retired, Homemakers, Bankers, Salary + PF. 9029094202. (B-16189)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઈસન્સથી ઓફિસો ડી. જે. રોડ ૧૧૫૦' 1138' જોડી અલગ, 603', સ્ટેશન સામે 450', 225'+ 225' આપવી છે. એજન્ટઃ અશ્વિન મર્ચન્ટ- 9819874515. (૬૧-ડી)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સદાશિવ જ્યોતિષ**

(મુફત સલાહ) 21 વર્ષોનો અનુભવી, મનચાહા પ્યાર, લગ્ન વિલંબ, સૌતનત્રાસ - 8080769503 (અંધેરી) (શુદ્ધ નવગ્રહ રત્ન ઉપલબ્ધ). (બી-૧૬૧૮૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# હિન્દુ મરણ

કચ્છ ગામ ખારાઈ, હાલ મુલુંડ, સ્વ. લીલાધર અરજણ ભીંડેના ધર્મપત્ની ગં.સ્વ. શારદાબેન (ઉં. વ. ૮૦) ઋક્ષ્મણીબેન કાશીરામ રાયમંગ્યાના સુપુત્રી. તરુણભાઈ, યોગેશભાઈ, નીતાબેનના માતા. જ્યોતિબેન, ભૂમિકાબેન, રાજેશભાઈના સાસુ. જિજ્ઞેશ, સંકેત અને શ્રુતિના દાદી. યોગીની અને જીનલના દાદીસાસુ તા. ૩૦-૬-૨૫ના રોજ રામશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૫ના ગુરુવારના ગોપુરમ હોલ, આર.પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), ૫.૩૦ થી ૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી મોઢ વણિક**

કચ્છ માંડવી નિવાસી, હાલ ઘાટકોપર, પારસભાઈ મહેતા (ઉં. વ. ૭૨) તા. ૩૦-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મધુબેન ચીમનલાલ મહેતાના સુપુત્ર. સ્વ. કમળાબેન જમનાદાસ પારેખના જમાઈ. હેમાક્ષીબેનના પતિ. ચિંતનના પિતાશ્રી. કીંજલના સસરા. તે કૌશિકભાઈ, ભદ્રા નિતિન ભગત, હર્ષા યોમેશ પારેખના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૫, શુક્રવારના ૫ થી ૭. અગ્રસેન હૉલ, સ્વામિનારાયણ મંદીરની ઉપર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**હાલાઈ લોહાણા**

જૂનાગઢ નિવાસી, હાલ મુંબઈના, જયેશભાઈ મશરૂ, તે સ્વ. વિનોદરાય મશરૂના પુત્ર. પ્રિતીબેનના પતિ (ઉં. વ. ૬૩) ખ્યાતિ તથા અંકિતના પિતાશ્રી. પરેશભાઈ, મુકેશભાઈ, કલ્પેશભાઈના મોટા ભાઈ. તે સ્વ. હરકિશનદાસ મોદીના જમાઈ. કોમલ તથા નિષિતકુમારના સસરાજી તા. ૧ જુલાઈ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩ જુલાઈ, ગુરુવારે ૪ થી ૬. ‘‘પાવનધામ’’ (૧લે માળે). લૌકિક વ્યવહાર બંધ છે. (ચક્ષુદાન કરેલ છે.)

**હાલાઈ લોહાણા**

અ.સૌ. જાગૃતિબેન ઠક્કર (ઉં. વ. ૬૨) મુળ ગામ પોરબંદર, હાલ કાંદિવલી. તે નિતીન ઠક્કરના ધર્મપત્ની. સાગર અને નેહા જય દાસાણીના માતુશ્રી. રોશની અને જય પ્રકાશભાઈ દાસાણીના સાસુમા. સ્વ. વનિતા વિનોદ ઠક્કરના પુત્રવધૂ. તે પરેશભાઈ, જયેશભાઈના ભાભીશ્રી. તે સ્વ. પ્રભાબેન જમનાદાસ દેવાણીના પુત્રી તા. ૨૮-૬-૨૫, શનિવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૫, શુક્રવારના ૫ થી ૭. સ્થળ: મન્નપૂર્ણા બેનક્વિટ, એમએચબી કોલોની, એમએચબી ગાર્ડન સામે, શાઈલી ઈન્ટરનેશનલ સ્કૂલની સામે, ગોરાઈ રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

પ્રતાપસિંહ લલ્લુભાઈ ઠાકુર તે સ્વ. લલ્લુભાઈ જાદવજી અને રાધાલક્ષ્મી ઠાકુરના સુપુત્ર. સ્વ. ઉષાબેન પ્રતાપસિંહ ઠાકુરના પતિ. ચિ. હેમેન્દ્ર અને ચિ. સચિનના પિતા તેમજ અ.સૌ. સ્મિતાબેન અને અ.સૌ. સેજલબેનના સસરા તેમજ ચિ. ક્રિતિકા, ઉત્સાહ, ઉત્સવ, રોનિતના દાદા તા. ૧ જુલાઈ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૫ના શુક્રવારે સાંજે ૫.૩૦થી ૭.૩૦, રીગલ હોલ, ઈસ્ટ સાઈડ, ગ્રાઉન્ડ ફ્લોર, ગોરેગાંવ સ્પોર્ટ્સ ક્લબ, ગેટ ૩, મલાડ વેસ્ટ.

**કચ્છી ભાટિયા**

સુરેન્દ્ર (ઉં. વ. ૭૯) તે પ્રેમજીભાઈ ગોકુલદાસ પાલેજાના સુપુત્ર. જ્યોતિના પતિ. નિરજ તથા અ.સૌ. દિપાલી ધ્યાનેશ રામૈયાના પિતા. જાન્હવી તથા નિકુંજના દાદા. અ.સૌ. જ્યોતિકાના સસરા. રિહાન, સ્વ. દેવીદાસ, રણજીત, સુંદરદાસ, નારાયણદાસ તથા જયાબેન કાપડિયાના ભાઈ તા. ૧-૭-૨૫ના રોજ નાસિક મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૫, શુક્રવારના ૪.૩૦ થી ૬. જલારામ મંદિર હોલ, કેવડી વન, પંચવટી કોલેજની પાછળ, પંચવટી, નાસિક ૪૨૨૦૦૩.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર, હાલ મઝગામ, સ્વ. પ્રેમાબાઈ પ્રાગજી રણછોડદાસ ઠક્કરના પુત્ર ઝવેરીલાલ (ઉં. વ. ૮૫) સ્વ. પ્રભાબેન ધરમશી શામજી જેરામાણીના જમાઈ. સ્વ. જયાલક્ષ્મીના પતિ. સ્વ. અનિરુદ્ધ, કપિલ, રાકેશના પિતા. સ્વ. પુરુષોત્તમભાઈ, વિશનજીભાઈ, સ્વ. મગનલાલ, અમૃતલાલ, નરેન્દ્રભાઈ, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. શાંતાબેન, ગં.સ્વ. લિલાવતીબેન, હીરાગૌરી, ભારતી, માલતીના ભાઈ. ગં.સ્વ. નંદાબેન, જયશ્રી, વૈશાલીના સસરા રવિવાર, તા. ૨૯-૬-૨૫ના રામશરણ પામેલ છે. બંને પ્રક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩-૭-૨૫ના સાંજે ૫.૩૦થી ૭, ગોપુરમ હોલ, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (પ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**સોરઠિયા સારસ્વત બ્રાહ્મણ**

રાણાકંડોરણા નિવાસી, હાલ ભાંડુપ, સ્વ. જાદવજીભાઈ તથા શાંતાબેનના પુત્ર કનૈયાલાલ રાજયગુરુ (ઉં. વ. ૬૫) તે અધ્યારુ ભગવતીબેનના ભાઈ. રાહુલ તથા હેતલના પિતાશ્રી. ચાંદની તથા શરદ ઘાગના સસરા. તા. ૨૯-૬-૨૫ને રવિવારે કૈલાસવાસી થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સાદડી રાખેલ નથી.

**વૈષ્ણવ બ્રહ્મક્ષત્રિય ડાકોરવાલા**

ડાકોરવાલા હાલ બોરીવલી, ભગવતભાઈ મણીલાલ પરમાર (ઉં.વ.૮૨) તે સરોજબેન પરમારના પતિ. સોનલબેન, અમીબેનના પિતા. ચેતનભાઈ, સ્નેહલભાઈના સસરા. પાર્થ/રશ્મિ, પ્રતીક, ગૌરવના નાના. ૧-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા સ્વાગત હોલ, કાર્ટર રોડ નંબર-૫, બોરીવલી (ઈસ્ટ) તા. ૪-૭-૨૫ને શુક્રવારે સાંજે ૫થી ૭.

**ઘોઘારી લોહાણા**

સ્વ. અજીતભાઈ એમ. રાજપોપટ (ઉં. વ. ૮૧) ૧-૭-૨૫, મંગળવારે શ્રીજીચરણ પામેલ છે તે સ્વ. ભાગીરથીબેન મણીલાલના પુત્ર. કાશ્મીરાબેન (કુંદનબેન)ના પતિ. સ્વ. સંતોકબેન વિઠ્ઠલદાસ માખેચાના જમાઈ. સ્વ. અનંતભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. સવીતાબેન, કુંદનબેન, ઉષાબેન, ચંદ્રાબેન, મીનાબેનના ભાઈ. ભાવિકા ધીરેન નેગાંધી, શિલ્પા નિલેશ તન્ના, શીતલ સમીર ઠક્કરના પિતા. ધ્વનિ, વિહાન, હીયાના નાના. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૩-૭-૨૫ના ૫ થી ૭. સ્થળઃ લોહાણા મહાજન વાડી, બીજે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

માધવપુર ઘેડ હાલ કાંદીવલી, ગં. સ્વ. હીરાલક્ષ્મી લુક્કા (ઠક્કર) તા. ૨૯/૬/૨૫ના અવસાન પામેલ છે, તે દેવરામ વાલજી બદીયાણીના પુત્રી. સ્વ. નાથાલાલ વલ્લભદાસ ઠક્કરના પત્ની. કિરણ જયવદન, રશ્મિ ભરતભાઈ, નીલકંઠ તથા ઉમેશ, સ્વ. જ્યોતિબેન નાથાલાલના માતૃશ્રી. રીટા તથા શિવાંગીના સાસુજી. ચિરાગ, યેશા વરૂણ, જેની કુશલ, પ્રિયમ ઉમેશના દાદી. સ્વ. ભીમજીભાઈ વલ્લભદાસ, સ્વ. જમનાદાસ વલ્લભદાસ, સ્વ. જયાબેન કલ્યાણજીના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩/૭/૨૫ના ૫ થી ૭. શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ટીમ્બાવાડી જૂનાગઢ નિવાસી હાલ કાંદિવલી, રસિકલાલ મોહનલાલ વિઠલાણી (ઉં.વ. ૭૭) ૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. નિલેશ તથા રેશ્મા ભાવેશ જોબનપુત્રાના પિતા. સ્વ. કાંતિભાઈ, સ્વ. મગનભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. રમણીકભાઇ, સ્વ. પ્રભાબેન, ગં. સ્વ. ઈલાબેનના ભાઈ. ડેલી તથા બિનલના દાદા. સ્વ. પ્રભુદાસ જીવરાજ બદીયાણી ખડિયા જૂનાગઢના જમાઈ. પ્રાર્થનાસભા ૩/૭/૨૫ના ૧૦.૩૦ થી ૧૨.૩૦. લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, બીજે માળે, શંકરમંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**જનોડ એકડા વિશા ખડાયતા**

ઉજ્જૈન નિવાસી હાલ બોરીવલી, મહેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (ઉં.વ. ૭૯) તે ૨૨/૬/૨૫ના ગૌલોકવાસી થયેલ છે. તે વીણાબેનના પતિ. હિરેનભાઈ તથા વિશાલના પિતા. સેજલ તથા ખુશાલીના સસરા. સ્વ. વિક્રમભાઈ, ગોવિંદભાઇ, બિપીનભાઈ, સ્વ. પંકજભાઈ, ઇન્દીરાબેન, રમીલાબેન, માલતીબેન, મમતાબેનના ભાઈ. સાસરાપક્ષે સ્વ. સોમાલાલ ઓચ્છવલાલ શાહ શહેરાવાળાના જમાઈ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૪/૭/૨૫ના ૯ થી ૧૧. ઓમ મોતીનગર બિલ્ડીંગ, પી ૨, પાર્કિંગ, પંડ્યા હોસ્પિટલ પાસે, સોડાવાલા લેન, બોરીવલી વેસ્ટ.

**ખંભાતી દશા પોરવાડ**

જંબુસર ગામ હાલ મલાડ, સ્વ. અરવિંદભાઈ શાહ તથા સ્વ. વિરબાળાબેનના પુત્ર પ્રિન્સકુમાર શાહ (ઉં.વ. ૬૦), તે વીણાબેનના પતિ તથા હાર્દિક, કરિશ્મા ભાવેશકુમાર પડાયાના પિતા. મોનાબેન શિરીષકુમાર પરીખના ભાઈ. સ્વ. ધર્મિષ્ઠાબેન હરગોવિંદદાસ વ્યાસના જમાઈ, તા. ૧-૭-૨૫ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૫ ગુરુવારના રોજ રાખેલ છે. સમય ૫ થી ૭ કલાકે શ્રી પંચનાથ મહાદેવ મંદિર, સ્ટેશન રોડ, એસ વી રોડ, મલાડ વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

સૌરાષ્ટ્ર, વીરડીવાળા હાલ કાંદિવલી, ગં. સ્વ. દમયંતીબેન મથુરાદાસ સચદેવ (ઉં.વ. ૭૬) ૩૦/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે અમીષ તથા પરીનના માતુશ્રી. ભાવના અમીષ સચદેવના સાસુ. પિયરપક્ષે વડતરાવાળા સ્વ. ધરમશીભાઈ ઉમરશી જટણીયા તથા સ્વ. શ્યામકૌરબેનના દીકરી. વિનોદભાઈ, ભુપેન્દ્રભાઈ તથા સ્વ. કિશોરભાઈના બહેન. જશના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પંચાલ સુતાર**

ગામ નરોલીના હાલે મલાડ, ભીખુભાઇ છબીલદાસ પંચાલ (ઉં.વ. ૮૪), તા. ૨૯-૬-૨૫ને રવિવારના શ્રીજીચરણ પામ્યા છે, તે સ્વ. ભાનુબેનના પતિ. વિજયભાઈ, દિલીપભાઈ, જયેશભાઈના પિતાશ્રી. તૃપ્તી વિજય, પ્રિતી, તૃપ્તી જયેશના સસરાજી. સ્વ. દેવકોરબેન ચંદુલાલ, સ્વ. રૂક્ષ્મણીબેન અમૃતલાલ, સ્વ. રમેશચંદ્ર, નટવરભાઈના મોટા ભાઈ. સ્વ. રમણભાઈ ઝીણાભાઈ, ડાહ્યાભાઈ, ઝીણાભાઈ, ભીખુભાઈ મોરારના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૫ને ગુરુવારે ૫ થી ૭. ફ્લેગ પાર્ટી હોલ૨૨૦/૩, લીબર્ટી ગાર્ડન રોડ નં.૪, મહેતા ઈન્ડસ્ટ્રીની બાજુમાં, આઈસીઆઈસીઆઈની પાછળ, મલાડ વેસ્ટ.

**હાલાઇ ભાટિયા**

પદમશી ગોરધનદાસ સંપટ તથા પુષ્પાબાઇ સંપટના પુત્રી જયશ્રી સંપટ (ઉં.વ. ૭૩) ૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે માધવસિંહ, નલીન, જ્યોતિ, પ્રદીપભાઈ સંપટના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

રાજેશ દયાલજી આશર (રાજુ) (ઉં.વ. ૬૦) તે જયશ્રીના પતિ. સ્વ. રંજન તથા સ્વ. દયાલજી રતનશી આશર (મસ્કતવાળા)ના પુત્ર. અ.સૌ. પ્રીતિ પંકજ, ભરત, જીજ્ઞેષ, સ્વ. ભાવિકાના ભાઈ. અ.સૌ. ભારતીના દિયર. ઠા. નરોતમદાસ જમનાદાસ વેદ (કોચીન)ના જમાઈ. અ. સૌ. કિષ્ના સિદ્ધાર્થ મહેતાના પિતાશ્રી. તા. ૨૯/૬/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧/૭/૨૫ના મંગળવાર ૪.૩૦ થી ૬. પાવનધામ એમ. સી. એ. ક્લબની સામે મહાવીરનગર કાંદિવલી (વે.)

**કચ્છી લોહાણા**

ગામ સંઘડ હાલ દાદર, સ્વ. કમળાબેન મંગલદાસ રાઘવજી રૂપારેલના સુપુત્ર ધીરજલાલ (ઉં.વ. ૭૩) તે સૂર્યાબેન તથા સ્વ. દેવાયાનીબેનના પતિ. કેતન, પ્રિયા તથા પ્રીતિના પિતાશ્રી. સ્વ. ચંદ્રબાળા થાવરદાસ, સ્વ. ગોદાવરીબેન હરિરામ ઠક્કરના જમાઈ, મનીષા કેતન અને પારસભાઈ જોબનપુત્રાના સસરા. અનસૂયાબેન નટવરલાલ, સ્વ. વસુબેન તથા ઉષાબેન જયસિંહ, લતાબેન જયંતિલાલ, શાંતિલાલ અને ગિરીશભાઈના ભાઈ. રવિવાર, તા. ૨૯-૬-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩-૭-૨૫ના ૫ થી ૬:૩૦. કચ્છી લોહાર વાડી, પહેલા માળે, ૧૫ લક્ષ્મીનારાયણ લેન, માટુંગા, મું.૧૯. બૈરાઓ એ એજ દિવસે આવી જવું. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ ચભાડીયા હાલ કલ્યાણ, રાકેશભાઈ અનંતરાય તન્ના (ઉં.વ. ૫૫) તા.૧/૭/૨૫ના અક્ષર નિવાસ થયેલ છે. તે ગં.સ્વ. લક્ષ્મીબેન અનંતરાય તન્નાના પુત્ર. અરવિંદભાઈ હીરાલાલ દૈયાના જમાઈ. યોગીતાબેનના પતિ. જીતુભાઈ, સ્વ. સંધ્યાબેન અરવિંદભાઈ ઠક્કર, ભારતીબેન હસમુખભાઈ પટેલના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સિહોરવાલા હાલ વિલે પારલે, ચંદ્રકાંતભાઈ મેહતા (ઉં.વ. ૮૫) તે ગ. સ્વ. અનુસુયાબેન (સ્વ. ગીરજાબેન) તથા સ્વ. વસંતરાય મહેતાના પુત્ર. સોમવાર, તા. ૩૦-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઇન્દુમતીના પતિ. કૃપા સંદીપ તથા જીગીશા પરાગ મહેતાના પિતા. મહેન્દ્રભાઈ જીતુભાઈ રમેશભાઈ તથા સ્વર્ગસ્થ રાજુભાઈના ભાઈ. જયંતીલાલ દ્વારકાદાસ વોરા (સિહોર)ના જમાઈ. ઈશાન અમી અને પાર્થના નાના. શરીરનું દાન કરેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

અમદાવાદ નિવાસી, પ્રતાપભાઈ લલ્લુભાઈ ઠાકુર (ઉં.વ. ૮૨) તા. ૧-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લલ્લુભાઈ જાધવજી ઠાકુર અને ગં. સ્વ. રાધાલક્ષ્મીના પુત્ર. હેમેન્દ્રભાઈ, સચીનભાઈના પિતા. સ્મિતાબેન, સેજલબેનના સસરા. ક્રિતિકા, ઉત્સવ, ઉત્સાહ, રોનિતાના દાદા. પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૫ના ૫.૩૦ થી ૭.૩૦. રીગલ હૉલ- ઇસ્ટ સાઈડ, ગ્રાઉન્ડ ફ્લોર, ગોરેગાવ સ્પોર્ટ્સ ક્લબ, ગેટ-૩, મલાડ (વે).

**ઘોઘારી મોઢ વણિક**

સિહોર નિવાસી, હાલ જુહુ સ્કીમ, સ્વ. ઇંદુમતી અને સ્વ. પ્રતાપરાય દ્વારકાદાસ પરીખના સુપુત્ર બિપિનભાઈ પરીખ (ઉં.વ. ૮૦) ભારતીબેનના પતિ. સ્વ. હેમચંદ મોહનલાલ ગાંધીના જમાઈ. બિનલ, જેપ્રિશ, ભૂજલના પિતાશ્રી. સ્વ. કિશોરભાઈ, નીતા સુરેશ મુછાળા, રાજુભાઈના ભાઈ. જયેશ ઠક્કર, તેજલ, પ્રિયાના સસરા. શનિવાર, તા. ૨૮-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩-૭-૨૫ના ૫.૦૦ થી ૭.૦૦, જલારામ હોલ, એન. એસ. રોડ નં. ૬, હટકેશ સોસાયટી, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે પાર્લે વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

દોલત ફીરોઝ મુગાશેઠ, મ. ધનમાય અને મ. કાવસજીશા બીલીમોરીયાના વડા દીકરી. મ.ઓ. તેહમીના બેજનજી મા. મુગાશેઠના વહુમાય, મ. ઓ. ફીરોઝના મહોરદાર, ઓ. ફરદુન દસ્તુર, ઊરમેઝના માતાજી. ફરદુન અને ઓ. કોશમીરાના સાસુમાય. એ આરઝીશ એ. કીયાના બપઈજી. ઓ. તાઈરાના મમઈજી. (ઉં.વ. ૯૩) જી/૩૫, ખુશરો બાગ, બિલ્ડિંગ, એસ.બી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૧.ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૪-૦૭-૨૦૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે. કરાની અગિયારીમાં.

# જૈન મરણ

**દેરાવાસી ઝાલાવાડી જૈન**

નવીનભાઈ મોહનલાલ ગાંધી (ઉં. વ. ૮૬) સ્વ. કોકિલાબેનના પતિ. સ્વ. સંજયભાઈ, સંદીપ તથા સંગીતાના પિતા. જાગૃતિ, અ.સૌ. વિભા, શ્રીયુત જીતેનભાઈના સસરા. ચિ. ફેનીલ, શૈલી, સિદ્ધાંત, ક્રીશાના દાદા-નાના. સ્વ. સૂર્યકાંતભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, ભરતભાઈ, સ્વ. બીપીનભાઈ, ભુપેન્દ્રભાઈ, મુકેશભાઈ, સ્વ. કમલેશભાઈ, સરોજબેન, સ્વ. સરલાબેન, અ.સૌ. પ્રફુલાબેન, સ્વ. કૈલાસબેનના ભાઈ તા. ૧ જુલાઈ ૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી વિશા ઓશવાલ જૈન**

રાજકોટ નિવાસી હાલ માટુંગા, સ્વ. લલીતચંદ્ર હિંમતલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ. જસુમતીબહેન (ઉં.વ. ૮૫) તે રાજેશભાઈ તથા ઈલાબેનના માતુશ્રી. અંજનાબેન તથા પારસભાઈના સાસુ. બ્રિંકલ સાગર જરીવાલા, દ્રિપ્તાના દાદી. મોનલના નાની. દિવ્યાબેનના જેઠાણી તા. ૧-૭-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મોરબી નિવાસી હાલ કાંદિવલી, નવીનચંદ્ર મણિલાલ ગાંધી (ઉં.વ. ૮૯) તે સ્વ. જ્યોત્સનાબેનના પતિ. સ્વ. રમણીકલાલ, સ્વ. નૌત્તમલાલ, સ્વ. ભાગ્યવંતીબેન, સ્વ. રેવાબેન, સ્વ. શાંતાબેનના ભાઈ. સ્વ. હિમાંશુ, લીનાબેન, પ્રીતિબેનના પિતા. જસ્મીના, અજયભાઇ માટલીયા તથા જયેશભાઇ ફિફાદરાના સસરા. ટંકારા નિવાસી સ્વ. નિર્મળાબેન વધીચંદ મહેતાના જમાઈ. રૂમીત, હર્ષ, હેત્વી, ક્રિષા, અંશના દાદા. ૧/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ કાંદિવલી, અશ્વિન ડાહ્યાભાઈ કોઠારી (ઉં.વ. ૬૫) ૧/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ કોઠારીના પુત્ર. ચંદ્રાબેન ચંદ્રકાંત સિરીયાના જમાઈ. અલ્કાના પતિ. આનંદ આકાંક્ષા, આશિષ મીનલ, અમીષ આયુષીના પિતા. સ્વ. ભરત શ્રીદેવી, કનુભાઈ સંગીતા, લતા, વીણા, સ્વ. કોકિલા, રેખાબેન તથા અનિલાના ભાઈ. આરવ, આરજવ, આર્વી અરીહાના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એ ૧૧૦૨, ભૂમિ સમકિત, દહાણુકર વાડી, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રતાપુરના અ.સૌ. આરતી ભાવેશ વીછીંવોરા (ઉં.વ. ૪૪) તા. ૩૦-૬-૨૫ના અવસાન પામેલ છે. દમયંતી કિશોરના પુત્રવધૂ. ભાવેશના પત્ની. હેતનાં મમ્મી. વડાલાનાં વિજયાબા ભીખુભા જોજાના પુત્રી. કૈલાશબા, દિલીપભા, મહેન્દ્રભાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભાવેશ શાહ, બી-૩૦૫, સ્થાનુ એપાર્ટમેન્ટ, સેવારામ લાલવાની માર્ગ, મુલુંડ (વે.).

નાના ભાડીયાના શ્રી પીયુષ જયંતીલાલ ભેદા (ઉં.વ. ૫૪) મંગળવાર, તા. ૧/૭/૨૫ના અરિહંત શરણે સીધાવ્યા છે. માતુશ્રી જ્યોતિબેન જયંતીલાલના સુપુત્ર. જયાબેન જયંતીલાલ હિરજીના જમાઇ. આરતીના પતિ. ચિ. મહેકના પિતાશ્રી. ટુંડાના અ.સૌ. કવિતાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : જ્યોતિબેન ભેદા, બી/૫૬, સિલ્વર એપાર્ટમેંટ, શંકર ઘાનેકર માર્ગ, સિદ્ધિવિનાયક મંદિરની પાછળ, પ્રભાદેવી, મુંબઇ.

સણોસરાના શ્રી હીરજી નેણશી નાગડા (ઉં.વ. ૭૩) તા. ૨૯-૬-૨૫ના અવસાન પામેલ છે. દેમીબાઇ નેણશી, કુવરબાઇ આશારીયાના પુત્ર. ગીતાના પતિ. ધ્વની, ગુંજ, લેરખીના પિતા. હાલાપુરના પ્રશાંત લક્ષ્મીચંદના સસરા. મંજુલા (વેલબાઇ), કસ્તુરના ભાઈ. વીઢના વાલબાઇ દેવશી ગોસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. ગીતા નાગડા, બી-૮૦૩, એટમોસ્ફીયર ફેસ ૧, રજીસ્ટ્રેશન ઓફિસની સામે, ગોરેગાંવ મુલુંડ લિંક રોડ, મુલુંડ (વે).

નાંગલપુરના માધુરી મેઘજી શાહ (છાડવા) (ઉં.વ. ૭૯) તા. ૩૦-૬ના અરિહંત શરણ પામેલ છે. પ્રેમાબાઈ જેઠાભાઈના પુત્રવધૂ. મેઘજીના પત્ની. હરેશ, હર્ષા, જયશ્રીના માતુશ્રી. ભાણબાઈ શામજીની પુત્રી. પ્રેમજી, દિવ્યાના બેન. પ્રા. વર્ધમાન સ્થા. જૈન સંઘ સંચાલિત સર્વોદય હોલ, એલ. ટી. રોડ, બોરીવલી (વે). ટા. ૩ થી ૪.૩૦. નિ. રીના લકી છાડવા, ૩૦૧, શંકર શંભુ સદન, દોલતનગર રોડ નં. ૯, બોરીવલી (ઇ).

કાંડાગરાના હંસાબેન લક્ષ્મીચંદ છેડા (ઉં.વ. ૬૪) તા. ૩૦/૬ના અરિહંત શરણ પામેલ છે. નાનબાઈ હિરજી રતનશીના પુત્રવધૂ. લક્ષ્મીચંદના પત્ની. સંચિત, ભાવીતાના માતુશ્રી. જવેરબેન દામજીની પુત્રી. ધીરજ, દામજી, કાંતિલાલ, વસંત, નવીન, રમેશ, રેખા, ચેતનાના બેન. પ્રા. વ. સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦. નિ. લક્ષ્મીચંદ છેડા- ૩૦/૩૧, હીરા એપાર્ટમેન્ટ, એસ.વી. રોડ, ગોરેગાંવ (વે).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પ્રભાબેન પરમાણંદદાસ કોઠારીના સુપુત્ર વિનોદચંદ્ર (ઉં.વ. ૭૭) તા. ૩૦/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રમિલાબેનના પતિ. પારસ અને હેમલના પિતાશ્રી. રમણીકભાઈ, પ્રવીણભાઈ, બળવંતભાઈ, રાજુભાઈ, કમળાબેન પંચમિયા, નિર્મળાબેન મહેતા, અનિતાબેન રૂપાણીના ભાઈ. ચંપાબેન ભુપતભાઈ ટીંબડિયાના જમાઈ. રૂપા તથા ફાલ્ગુનીના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૪/૭/૨૫ શુક્રવારે ૪ થી ૬. લાયન્સ કોમ્યુનિટી હોલ ગારોડિયા નગર ઘાટકોપર (ઈસ્ટ).

**સતાવી પરગણા વિસા પોરવાડ જૈન**

મુંબઈ નિવાસી, અરવિંદભાઈ (નાથુભાઈ) શાહ મંગળવાર, તા. ૧/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પાર્વતીબેન અને સ્વ. મગનલાલ શાહના પુત્ર તથા કોકીલાબેનના પતિ. મનિષા, પ્રેરણા અને હેતલના પિતા. કમલેશ, ભાવેશ અને અનુપમના સસરા. સ્વ. જયાબેન, રમેશભાઈ તથા સ્વ. વસંતભાઈના ભાઈ. બીલીમોરા નિવાસી સ્વ. છગનલાલ નેમચંદ શાહના જમાઈ. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે. ૬/૬૪ શારદા સદન, ફોર્ટ, મુંબઈ ૧.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# હોલિવૂડની વિનસઃ મેરેલિન મનરો

(ભાગઃ ૧)

નામઃ મેરેલિન મનરો

સમયઃ ૫ ઓગસ્ટ, ૧૯૬૨ (સવારે ૩.૫૦)

સ્થળઃ ૧૨૩૦૫ ફિફ્થ હેલેના ડ્રાઈવ, બ્રેન્ટવૂડ, લોસ એન્જેલસ

ઉંમરઃ ૩૬ વર્ષ



**સવારે** સાડા ત્રણ વાગ્યે મારા ઘરની કેર ટેકર યુનિસ મૂરે એ મારા ડોક્ટર રાલ્ફ ગ્રીનસનને ફોન કર્યો... મૂરેએ કહ્યું કે, મારા રૂમની લાઈટ ચાલુ હતી, પણ હું જવાબ આપતી નહોતી! ડોક્ટર ગ્રીનસન મારે ઘેર આવ્યા. એમણે પણ દરવાજે ટકોરા માર્યા, પરંતુ જવાબ ન મળ્યો. એમણે બારીનો કાચ તોડીને દરવાજો ખોલ્યો...

મેં જવાબ ન આપ્યો હોય, અડધી રાત્રે લાઈટ ચાલુ હોય એવું કદાચ પહેલીવાર નહોતું બન્યું. હું આખી રાત જાગતી હોઉં એ નવાઈની ઘટના નહોતી. યુનિસ જાણતી હતી કે, મને અનિદ્રાની સમસ્યા હતી. ડોક્ટર રાલ્ફ ગ્રીનસન પણ જાણતા હતા અને એમણે જ મને બાર્બેચ્યુરેટ (નેમ્બ્યુટલ) પ્રિસ્ક્રાઈબ કરી હતી. સાથે સાથે મને ક્લોરલ હાઈડ્રેડ પણ આપતા હતા. જોકે, એ દવા લખતી વખતે જ મને ગ્રીનસને કહ્યું હતું કે, 'ગમે તેટલી તકલીફ થાય, તમારે કોઈપણ સંજોગોમાં બેથી વધારે ગોળી લેવાની નથી.' મેં એમને વચન આપ્યું હતું કે, હું બેથી વધારે ગોળી નહીં લઉં, પરંતુ એ રાત્રે...

આ બધી કથા તમને કહું એ પહેલાં મારે તમને કહેવું જોઈએ કે, હું કોણ છું. મારું મૂળ નામ નોર્મા જિન બેકર છે, પરંતુ દુનિયા મને મેરેલિન મનરોના નામે ઓળખે છે. હું આજે જ ગુજરી ગઈ. આખી દુનિયામાં આજે આ સમાચાર ફેલાઈ ગયા છે. મારા ઘરની, મારા બેડરૂમની પથારીમાં હું નગ્ન અવસ્થામાં ઊંધું માથું નાખીને-ઓશિકામાં મોઢું દબાવીને સૂતી હતી એ જ સ્થિતિમાં હું મૃત્યુ પામી છું એવી જાહેરાત કરવામાં આવી. મારા હાથમાં ફોનનું રિસિવર હતું. લોસ એન્જેલસ પોલીસે મારા બેડરૂમની એક એક વસ્તુના ફોટા પાડ્યા-મારા પણ... એ ફોટા પ્રેસમાં પ્રકાશિત થશે, આવતીકાલે. મારા બધા જ ચાહકો માટે આ ફોટા આઘાતજનક પુરવાર થશે કારણ કે, હું માત્ર ૩૬ વર્ષની છું, મૃત્યુ પામવાનો આ સમય પણ નથી અને ઉંમર પણ નથી! હું સફળ છું, લાખો દિલોની ધડકન છું, પ્રેસ ફોટોગ્રાફર્સની ફેવરિટ છું, રિપોર્ટર્સ માટે હું ગરમાગરમ સમાચાર છું, ફિલ્મમેકર્સ અને પ્રોડ્યુસર માટે હું બોક્સ ઓફિસ પર ટંકશાળ છું... જો બધું જ બરાબર છે, બરાબર હતું... તો, મારું મૃત્યુ કેમ થયું?

અત્યારે મારા શબને એક સ્ટ્રેચરમાં સુવાડીને પોસ્ટ મોર્ટમ માટે લઈ જવામાં આવી રહ્યું છે. હું જાણું છું કે, પોસ્ટ મોર્ટમના રિપોર્ટ્સમાં શું આવશે. 'ઊંઘની ગોળીઓના ઓવરડોઝથી મેરેલિન મનરોનું મૃત્યુ થયું', પરંતુ એક ખાનગી વાત કહી દઉં, મારા શરીરમાંથી લગભગ ૬૦ જેટલી કેપ્સુલ્સ મળશે, પરંતુ ગોળીઓ પેટમાં (સ્ટમક) નથી, મારા લોહી અને લીવરમાંથી મળશે. આનો અર્થ એ થયો કે, આ ગોળીઓ મેં ગળી નથી, મોઢેથી નથી લીધી... મારા શરીરમાં ઉતારવામાં આવી છે. ઈન્જેક્શનથી કે એનિમાથી, જોકે આ વાત બહાર નહીં આવે. આવશે તો પણ એના વિશે કોઈ કશું કરશે નહીં, કારણ કે મેરેલિન મનરોનું મૃત્યુ એ માત્ર એક અભિનેત્રીની આત્મહત્યા કરતા પણ વધુ સનસનીખેજ અને તબક્કાવાર ઘટનાઓનો ભયાનક ઈતિહાસ છે. આ ઘટનાઓનો પડછાયો અમેરિકાના પ્રેસિડેન્ટ જોન એફ કેનેડી અને એના ભાઈ રોબર્ટ એફ કેનેડી સુધી લંબાય છે...

૩૬ વર્ષની એક અનાથ છોકરી, જેનો અફેર અમેરિકાના પ્રેસિડેન્ટ સાથે અને એના ભાઈ-અમેરિકાના એટર્ની જનરલ સાથે ચાલતો હોય... એક એવી છોકરી જેણે ૧૬ વર્ષની ઉંમરે લગ્ન કરી લીધા હોય એ પછી એની ફિલ્મી કારકિર્દી શરૂ થઈ હોય... એક એવી છોકરી જેની નાનીમાએ પારણામાં એના મોઢા પર ઓશિકું દબાવીને એનું ખૂન કરવાનો પ્રયાસ કર્યો હોય... એક એવી છોકરી જે સમજણી થાય એ પહેલાં એને એક અજાણ્યા ઘરમાં દત્તક આપી દેવાઈ હોય, અને એ પછી એણે ૧૧ વર્ષની ઉંમર પહેલાં ૧૦ ઘર બદલ્યા હોય... ત્રણ લગ્ન પછી પણ નિઃસંતાન, પ્રેમ માટે તરફડતી એવી છોકરી જે ૧૯૬૨માં ગુજરી ગઈ, પરંતુ જેનું મૃત્યુ આવનારી આખી સદીમાં રહસ્યમય રહેવાનું છે. એના મૃત્યુના ૬-૭ દાયકા પછી પણ અમેરિકામાં અને દુનિયાભરમાં એના મૃત્યુના કારણ અને રહસ્યો ઉપર શોધ થવાની છે, ડોક્યુમેન્ટ્રી ફિલ્મો બનવાની છે, એ સ્ત્રી હું છું! હોલિવૂડની વિનસ-મેરેલિન મનરો.

હું જ્યારે જન્મી ત્યારે મારી મા માનસિક બીમારીનો શિકાર હતી. ગ્લેડિયસ પર્લ બેકર, ફિલ્મ લેબમાં ફિલ્મ કટર હતી. હોલિવૂડની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મની પટ્ટીને કાપવાનું કામ કરતી હતી. એણે અનેક લગ્નો કર્યાં, પરંતુ મારા પિતા કોણ હતા એની મને આજે પણ ખબર નથી. મારા જન્મ પહેલાં એણે બે લગ્નો કર્યાં હતાં, જોકે એ સિવાયના પણ સંબંધો હતા. મારા જન્મ પછી, મને છોડી દીધા પછી પણ એણે બીજાં ત્રણ લગ્નો કર્યાં! એ માનસિક રીતે બીમાર હતી. મેનિક ડિપ્રેસિવ. પેરાનોઈડ સ્કિત્ઝોફ્રેનિયાનો શિકાર હતી. એને સતત લાગતું કે, કોઈક એનો પીછો કરે છે. કોઈ એને મારી નાખવા માગે છે. ક્યારેક ખૂબ સારા મૂડમાં રહેતી, ગીતો ગાતી, શરાબ પીતી, નાચવા જતી, મિત્રો બનાવતી, અફેર કરતી ને ક્યારેક મહિનાઓ સુધી વિચિત્ર વર્તન કરતી. મારી નાની પણ માનસિક રીતે બીમાર હતી. હું ત્રણ વર્ષની હતી ત્યારે મારી નાનીમાએ મારા મોઢા ઉપર ઓશિકું દબાવીને મને મારી નાખવાનો પ્રયાસ કરેલો. એ વખતે મારી માની માનસિક સ્થિતિ બરાબર હતી એટલે એણે પોલીસ બોલાવેલી અને સોશિયલ સિક્યોરિટીમાં મારી નાની વિરુદ્ધ ફરિયાદ કરી. સોશિયલ સિક્યોરિટીએ મારા નાનીને અસ્થિર મગજના વૃદ્ધોના અસાયલમમાં ભરતી કરી, મને એક ફોસ્ટર હોમમાં મૂકવામાં આવી. મારી માની માનસિક તપાસ કરતા ખબર પડી કે, એ પણ માનસિક રીતે સ્વસ્થ નથી એટલે આવા એક ફોસ્ટર (પાલક) ઘરમાં મને મૂકવી એ જ સોશિયલ સિક્યોરિટીના અધિકારીઓને યોગ્ય લાગ્યું હશે! અમેરિકામાં આવા ફોસ્ટર હોમ્સને અનાથ કે રઝળતાં બાળકો સાચવવા બદલ સરકાર પૈસા આપે છે. જે ફોસ્ટર હોમમાં મને મૂકી ત્યાં મને રાખવાના એમને ૨૫ ડૉલર મળતા હતા, જોકે એ લોકો મારી પાછળ પાંચ ડૉલર પણ વાપરતા નહોતા! મારે ભૂખ્યા રહેવું પડતું-હું રડતી રહેતી... મારી તરફ ભાગ્યે જ કોઈ ધ્યાન આપતું. ગંદા કપડા અને કુદરતી હાજતો પછી પણ મને કોઈ સાફ ન કરે એવી સ્થિતિમાં હું કલાકો પડી રહેતી. ફોસ્ટર હોમ્સની સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન સોશિયલ સિક્યોરિટીના અધિકારીઓએ આ જોયું એટલે મને ત્યાંથી લઈને બીજે મૂકવામાં આવી. સ્થિતિ ત્યાં પણ કંઈ બહુ આશાસ્પદ તો નહોતી જ...

આજે વિચારું છું તો સમજાય છે કે મારા બાળપણમાં મને મળેલા આ 'ટ્રોમા'ની અસર મારા ઉપર જીવનભર રહી, સાથે જ મારી મા અને નાની પાસેથી મને મળેલી માનસિક બીમારીની ભેટથી પણ હું મુક્ત ન રહી શકી. બાળપણમાં જે ભય મારા મનમાં ઘર કરી ગયો એને કારણે હું નાની નાની વાતમાં ડરી જતી. મને સતત અસુરક્ષા અને અસલામતીનો અનુભવ થતો! જે અટેન્શન મને બાળપણમાં ન મળ્યું એ અટેન્શન મેળવવા માટે હું પ્રેસ અને ચાહકોનું ધ્યાન ખેંચવા કંઈ પણ કરી શકું એટલી અસલામત હતી! પ્રેસ મારી આ અસલામતીનો ગેરફાયદો ઉઠાવતી. ફોટોગ્રાફર્સ મને ન્યૂડ ફોટોશૂટ કરવા કહે, જાહેરમાં અશ્લીલ હરકતો કરવા ઉશ્કેરી શકતા... બીજે દિવસે અખબારમાં મારી તસવીરો અને એની સાથેની હેડલાઈન્સ જોઈને હું નાના બાળકની જેમ ખુશ થઈ જતી. મને લાગતું કે, આખી દુનિયાનું ધ્યાન મારા તરફ છે-આ બાળપણના અભાવમાંથી મારી અંદર જન્મેલા એક વિચિત્ર સેલ્ફ સેન્ટર્ડ સ્વભાવનું પ્રતિબિંબ હતું.

૧૧ વર્ષની ઉંમર સુધીમાં મેં લગભગ ૧૦ ફોસ્ટર હોમ બદલ્યા, મારી મરજીથી નહીં. જેટલી વખત સોશિયલ સિક્યોરિટીના ઓફિસર્સ મારી તપાસ કરવા આવતા એટલી વખત એમને મારી સ્થિતિ જોઈને ઘર બદલવાની ફરજ પડતી. ૧૧ વર્ષની ઉંમરે એમને ખબર પડી કે, છેલ્લા ફોસ્ટર હોમમાં મારી સાથે શારીરિક દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. મેડિકલ તપાસ કરવામાં આવી, દુર્વ્યવહાર સાબિત થયો અને મારા ફોસ્ટર પિતાને સજા થઈ. મને અનાથ આશ્રમમાં મૂકવામાં આવી. (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# બુફે ડિનરની મજાને બદલે આ તે કેવી સજા?!




કરોડપતિ બિઝનેસમેનની કંકોતરી લઈને એમનો સૂટેડ બૂટેડ ડ્રાઇવર કમ પી. એ. આવ્યો હતો. પૂરા વિનયથી 'નમસ્તે' કર્યા બાદ એકવીસ પાનાંની વિથ મ્યુઝિક ખૂલતી એવી ગોલ્ડ પ્લેટેડ કિનારવાળી કંકોતરી, એની સાથે ત્રણ પ્રકારની ગિફ્ટ, ત્રણ પ્રકારની મીઠાઈ અને ત્રણ પ્રકારના ડ્રાયફ્રૂટ પેકેટ આપીને, ટ્રેનિંગ આપ્યા પ્રમાણે મીઠા અવાજે અગિયાર દિવસના આ ફંક્શનમાં હાજરી (ફરજિયાત) આપવા નમ્ર વિનંતી કરી. (જેમ નેતાઓને ભાડેના ટોળાની જરૂર પડે, તેમ કદાચ આવી જ ચેષ્ટા શ્રીમંતોના આવા આમંત્રણ થકી થઈ હોવાની શક્યતા ખરી.)

'ધનસુખલાલ શેઠે આપને ભાર દઈને પ્રેમથી આમંત્રણ આપતાં કહ્યું છે કે મારા છોકરાઓને આ બહેને જ ભણાવેલા એટલે આશીર્વાદ આપવા તો ગુરુજીએ આવવું જ રહ્યું. એ પરીક્ષામાં (ચાર વાર!) નાપાસ થયેલો, પણ પાંચમી વખતે બહેને મહેનત કરીને, યોગ્ય ધક્કો મારીને એસ.એસ.સી. પાસ કરાવેલો તો આજે મારો લાલો મોટો બિઝનેસ સંભાળી શકે છે.' (વડ નીચેનો ટેટો છે. બાપા જશે પછી લાખના બાર હજાર કરવાનો જ છે એ વાત નક્કી!.)

'ગુરુ તરીકે અમે નહીં જઈએ તો એ ફેરા નહીં ફરશે કે પછી અમારાં આશીર્વાદ વિના એમનું લગ્નજીવન સફળ નહીં થશે...' એવા વિચારો મનમાં બળવત્તર બન્યા. તો બીજી તરફ અગિયાર દિવસના જુદાં જુદાં ફંક્શનના જુદા જુદા ટાઇમ, દૂર દૂર આવેલા જુદા જુદા પાર્ટી પ્લોટ સુધી જવામાં ટેક્સીનો કેટલો ખર્ચ થાય, કેટલા કલાકો વ્યર્થ જાય અને કેટલો ચાંદલો લખાવવો તેવી અનેક મૂંઝવણમાં અમને ઊંઘ આવવી બંધ થઈ ગઈ, પણ સંયુક્ત ઘરના તમામે તમામ સદસ્યો કીમતી કંકોતરી અને ભેટો જોઈને રોજનાં ડિનર કેવાં હશે, એ વિચારીને બધા જ આવવા માટે એક પગે તૈયાર થયાં.

સર્વાનુમતે નક્કી થયું કે કુટુંબમાં કુલ પંદર જણા છે તો રોજ પાંચ પાંચ જણાએ અમારી સાથે ટેક્સીમાં આવવું. કરોડપતિના બારણે ભૂખડી બારસ નરસિંહ જેવા અમારે ના જવું હોય, તો છેલ્લે માંગી ભીખીને, ઉછીના કે ભાડે લઈને પણ સારાં વસ્ત્રો પહેરીને જવું. જોકે 'અમે રહ્યાં માસ્તર! એટલે અમે તો' જેવાં છીએ, એવાં જ આવીશું.' એમ ડિક્લેર કરી જ દીધું.

નરસિંહ મામેરું લઈને નીકળેલો અને એમાં સાથે સાધુઓ જોડાયેલા. લગભગ એવો જ ઘાટ અમારા વરઘોડાનો હતો. શહેરની બહાર ઘણું દૂર આવેલું ફાર્મ હાઉસ શોધતાં શોધતાં એવા ખોટે રસ્તે ચડી ગયા કે અમે ગંતવ્ય સ્થાને લગભગ એક કલાકની જગ્યાએ બે કલાકે પહોંચ્યાં. એટલે ટેક્સીવાળાએ બારસો રૂપિયા પડાવ્યા અને હજી અમે ખાઈ પીને બહાર નીકળીએ ત્યાં સુધી થોભે અને પરત અમારાં ઘરે પહોંચાડવાના બીજા બારસો આપો, તો એ થોભવા તૈયાર હતો. જમતાં કરતાં મોડી રાત થઈ જશે પછી ટેક્સી ના મળે. અમારો પહેરવેશ જોઈને કોઈ લિફ્ટ પણ આપે કે કેમ? 'અમે તો પેટ ભરીને જમીશું અને સંગીત પણ સાંભળીશું.' એવો મનોરથ લઈને આવેલા ઉત્સાહી સ્વજનો ખાતર અમે ટેક્સીને ઊભી રખાવી.

રોજ રોજ રોટલા ખાનારાં, છો આજે મન મૂકીને ખાતાં. જોકે, અંદરનું માનવ મહેરામણ જોઈને અમારાં ગાત્ર ઢીલાં થઈ ગયાં. આ મેળામાં કોઈ ખોવાઈ ના જાય એટલે એકબીજાની આંગળી પકડી રાખવાની સૂચના આપી. સહુથી પહેલાં આ ભુખ્ખડોને ખવડાવી દેવામાં જ મજા છે. કારણ કે અહીં જો ખાવાનું ખૂટ્યું, તો મારે ઘરે જઈને ક્યાં તો હોટલ, ક્યાં તો ઘરમાં રાંધ્યે જ છૂટકો. મીઠાઈઓના કાઉન્ટર પર સૌથી પહેલાં ઊભા રહી ગયાં. ત્યાં લાઇન ખૂબ લાંબી હતી. એટલે ત્યાંથી વાનગીની વિગતો વાંચી વાંચીને આગળ વધ્યાં. બધાને પિઝા પાસ્તાની લાઇનમાં ઊભા રાખ્યાં, પણ જ્યારે અમારો વારો આવ્યો, ત્યારે પિઝાના રોટલા હતા, પણ ચીઝ પૂરી થઈ ગઈ હતી. તે લેવા રસોઈયો દોડધામ કરતો હતો એટલે બીજો અડધો કલાક ત્યાં ચીઝની રાહ જોયા બાદ ફરી સ્વીટ ખાવા માટે લાઇનમાં ઊભા રહ્યાં. એક તો મોડા આવ્યાં અને માણસો તો જાણે ધક્કે ધક્કે ચાલે. સ્વીટ સુધી જેમ તેમ પહોંચ્યાં, ત્યાં સ્વીટનું કાઉન્ટર બંધ થવા લાગ્યું. સમ ખાવા પૂરતો એક ટુકડો પણ હાથ ન આવ્યો... !

બાજુમાં મોટી મોટી ડિશ ભરીને ચાર પેટુઓને ખાતાં જોઈને અમારાં માતાજી ટેવ મુજબ શાપ આપે તે પહેલાં, 'ચાલો, આપણે પંજાબી કે ગુજરાતી થાળીમાં જલદી પહોંચીએ. નહીંતર બાવાની બેવ નહીં, પણ બધું જ બગડશે.'

બાપા અને માતાજીએ ટેવ મુજબ બબડવાનું શરૂ કર્યું. 'તમને બધાને મોટે ઉપાડે જાતજાતનું ખાવું હતું. રાતના અગિયાર વાગે હો રોટલા ભેગાં ની થવાય, એને કોણ કરોડપતિનો જમણવાર કહે? અમારા ગામમાં અમે જે જમણવાર કરતાં... અ... હા.. હા... હા...! પતરાળા પર ખાવાનું, રસોઈયાની દાળ, શાક, કંસાર ને કેળા - મેથીનાં ભજિયાંની સુગંધ દસ ગામ હુધી પહોંચે ને એના ઓડકાર આખા જિલ્લામાં પહોંચે. એમાં પણ અમારા ભુલાશંકરની લાપસી ને દાળ તો કેવાં પડે!'

વાનગીના સ્ટોલ ઉપર વાંચતાં વાંચતાં પગની કઢી થઈ ગઈ. બા બાપુજી લોન ઉપર ફસડાઈ પડ્યાં. 'તમારે જે ખાવું હોય તે ખાવ. અમને ટેક્સીમાં ઘર ભેગાં કરો. હવારની ખીચડી કઢી ખાઈને હૂઈ જહું.' ત્યાં જ એક જણને ઊભો રાખીને પૂછ્યું, 'ભાઈ, અહીં ગુજરાતી - પંજાબી થાળીનો સ્ટોલ ક્યાં છે?'

વેઇટરે કહ્યું, 'અહીં તો એવી થાળી નહીં મળે. અહીં તો બધું કાન્ટિનેન્ટલ જ મળે.' એમ બોલીને જલદી જલદી ભાગી ગયો. (અમારાં દેદાર જોઈને કદાચ એ અમને...)

આખરે પાણી રેડીને પાણી જેવો જ બનાવી દીધેલ સૂપ અને સલાડ લઈને બા - બાપાને આપવા ગયાં. ત્યાં બાપા બોલ્યા, 'ચાલો, અહીં ચાંદલો કરવાનો નથી. એ પૈસામાંથી કોઈ હોટલમાં ખાઈને ઘર ભેગાં થઈ જઈએ. ફરી અમને આગ્રહ કરીને ભીખ માગતાં હોય, એમ લાઇનમાં ઢોબલું લઈને ખાવાનાં માગવા પડે, એવા લગનમાં અમને લાવતાં નહીં. આ પાણી જેને પીવું હોય તે પી લઈને અહીંથી જલદી ટેક્સી પકડો.' ટેક્સીવાળાએ પાછી દુઃખતી નસ દબાવી. 'કેમ બાપા, કરોડપતિના લગનમાં ધરાઈને જાતજાતનું ખાધું ને?' મેં ટેક્સી ડ્રાઇવરને હોટલ તરફ ગાડી લેવા કહ્યું અને સાથે મોં ઉપર આંગળી મૂકીને ચૂપ રહેવા પણ સમજાવી દીધું. ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# ચાય કી બાત-વાત એક પ્યાલી ઉમ્મીદની...

**પંદર** વર્ષની પ્રિયા જોષીએ ક્યારેય નહોતું વિચાર્યું કે એની જિંદગી એવો વળાંક લઈ લેશે, જે ટીનએજરના જીવન માટે અસામાન્ય ગણાતો હોય. ક્લાસની હોશિયાર વિદ્યાર્થિની એવી પ્રિયા પોતાના મમ્મી-પપ્પા સાથે બે બેડરૂમના એપાર્ટમેન્ટમાં રહેતી. એની દુનિયા બહુ નાની હતી. સ્કૂલ, ટ્યુશન, વિકેન્ડમાં 'નેટફ્લિક્સ' અને રોજ સાંજે એપાર્ટમેન્ટની અગાશી પર બેસ્ટ ફ્રેન્ડ અદિતિ સાથે અલકમલકની વાતો. પિતા રાજેશ જોષી એક લોજીસ્ટિક કંપનીમાં દસેક વર્ષથી સુપરવાઈઝર હતા. મા સુનિતા ભણેલી-ગણેલી ગૃહિણી હતી. જિંદગી એશો-આરામવાળી નહોતી, પણ સંતુલિત અને સુકુનભરી ચોક્કસ હતી. આ સંતુલન ખોરવાયું, જ્યારે રાજેશની કંપનીએ અચાનક ચાલીસ ટકા કર્મચારીઓની છટણી કરી નાખી.

'અમે માત્ર ખપ પૂરતાં કર્મચારીઓ રાખ્યાં છે.' મેનેજરે રાજેશને હાથમાં કવર પકડાવતાં કહેલું, ' તમે નસીબદાર છો, કે હજુ સુધી નોકરી બચેલી છે , પણ ભાગ્ય તો સાપેક્ષ વસ્તુ ગણાય છે.' કવર ખોલીને જોતાં ખ્યાલ આવ્યો કે, રાજેશના કામકાજના કલાકો ઓછા કરી નાખવામાં આવ્યા છે ને સાથોસાથ પગાર પણ અડધો.આ અડધોઅડધ કપાતની અસર બીજા મહિનાથી ચારેકોર ચોખ્ખી દેખાવા લાગી. લોનના હપ્તાઓ ચડવા લાગ્યા. કરિયાણાનું બજેટ કરમાવા લાગ્યું. અને ઘરમાં એક વણકહી ચિંતાનો ઓછાયો સાથે રહેવા લાગ્યો.

પ્રિયા આ બદલાવ અનુભવી રહી હતી. પપ્પા હવે છાપું વાંચતા ઓછું ને ક્લાસિફાઈડ કોલમમાં નોકરી વધુ શોધતા. મા જે અમુક બ્રાન્ડેડ વસ્તુઓની શોખીન હતી. એ હવે લોકલ માર્કેટમાંથી દાળ-ચોખા ખરીદવા લાગેલી. પોતાના લંચબોક્સમાંથી ચોકલેટ ગાયબ થઈ ગઈ હતી અને દર રવિવારે બહારનું ડિનર પણ બંધ, છતાં મોકળા મને આજ સુધી મમ્મી-પપ્પાએ એને કોઈ વાત કહી નહોતી.

જોકે, એક જ ઘરમાં આવી વાત થોડી છાની રહે? એક દિવસ પ્રિયાએ બેડરૂમમાં હળવા સ્વરે થતી કાનાફૂસી સાંભળી લીધી :

'પ્રિયાની સ્કૂલ ફી ડ્યુ છે. શું કરીશું? માનો અવાજ ધીમો પણ ચિંતાતુર હતો. 'જોઈએ, કંઈક કરીશું.' પપ્પા પાસે આજકાલ આ જ જવાબ રહેતો, પણ, હવે એના જવાબ પર મને ભરોસો નહોતો :

'આ કંઈક એટલે શું? એમ રાતોરાત પૈસા ક્યાંથી ખરી પડવાના છે?' સુનિતા થોડી ખીજવાયને બોલી. એ રાત્રે પ્રિયા રૂમની છતને તાકતી પડી રહી. અત્યાર સુધી સ્કૂલ ફી એના માટે ઘરના



લાઈટબિલ જેવા અનેક ખર્ચાઓ માફક આપોઆપ ભરાય જતો ખર્ચો હતો એટલી સિક્યોરિટી તો જિંદગીએ હંમેશાં એને આપેલી, જેની પરવા કરવાની હોય નહીં. આજે પહેલીવાર એને લાગ્યું કે, એ જાણે કોઈ પાતળા તંતુ પર ટીંગાયેલી છે.

બીજા દિવસે સ્કૂલ જતાં એના ખભ્ભા પર ભણતર કરતાં જવાબદારીઓનો ભાર વધુ લદાયેલો હતો.

પ્રિયાએ ઘરમાં મદદ કરવાનું ઠાની લીધું. એણે પડોશનાં બાળકોને ટ્યુશન દેવાનું શરૂ કરી દીધું. સ્કુલ માટે સ્કુટર મુકી ચાલતા જવા લાગી, બ્લ્યુટૂથ સ્પિકરને ઓનલાઈન વેંચી નાખ્યું. જોકે આવા ચુટુર-પુટુર પ્રયત્નોથી બહુ ઝાઝો ફર્ક પડ્યો નહી. શું કરવું એ હજુ એને સમજમાં નહોતું આવી રહ્યું.

ત્યારે એક સાંજે માના હાથની ચા પીતાં એના મગજમાં વિચાર ઝબક્યો.

'મમ્મી, આ કોલોનીમાં લગભગ બધા સાંજે ચા પીતા હશે હેં ને? આપણે અહીં ગેટ પાસે ચાનો એક નાનકડો સ્ટોલ લગાવીએ તો? ' આ સાંભળીને સુનિતા જોરથી હસવા લાગી, પણ પ્રિયાના ચહેરા પર ગંભીરતા જોઈ એ મૂંઝાઈ.

'હું મજાક નથી કરી રહી, મમ્મી. બસ સાંજના બે કલાક. આપણે ચા સાથે સમોસા, મેગી જેવો નાસ્તો પણ રાખીશું. આમ પણ તારા હાથની રસોઈ તો આંગળા ચાટી જવાય એટલી સ્વાદિષ્ટ હોય છે. સ્ટોલને નામ આપીશું 'ચાય કી બાત'.

તે દિવસથી પ્રિયાને ઉમ્મીદનું એક હળવું કિરણ ઘરમાં દેખાવા લાગ્યું ,. પપ્પાએ તો શરૂઆતમાં સાવ ઘસીને ના જ પાડી દીધી, પણ પ્રિયાની જીદ્દ અને એક તક આપવાની આજીજીએ આખરે એમને મનાવી લીધા.

એક જૂની કાંસાની કીટલી કાઢી. થોકબંધ કપ ખરીદ્યા. જાતે પેઈન્ટ કરેલું બોર્ડ લગાવ્યું. કોલોનીમાં પોસ્ટર લગાવ્યા. પોતાના દોસ્તોને પણ પ્રચાર-પ્રસારમાં જોડી દીધા. પહેલા જ દિવસે પ્રિયાબેન ખુશી-ખુશી સાંજે ચા લઈ ઊભાં રહ્યાં, પણ આશ્ચર્યસહ પાંચ કલાકમાં માત્ર ચાર કપ ચાનો વેપલો થયો.

'પ્રથમ ગ્રાસે મક્ષિકા' બીજું શું' કહી મમ્મી-પપ્પાએ એને જમવા બેસાડી. પહેલો, બીજો, ત્રીજો..એમ કરતાં પંદરેક દિવસ વીતી ગયાં. પ્રિયાને પોતાના નિર્ણય પર પારાવાર પસ્તાવો થયો. દુકાળમાં અધિક માસ. ઘરમાં પહેલેથી જ પૈસાની ખેંચ હતી. એમાં પોતે પણ થોડું નુકસાન ઉમેર્યાનો વસવસો, પણ કહે છે ને કે, સહુનો ભગવાન હોય. અંતે પાંચેક અઠવાડિયે

પ્રિયાની મહેનત રંગ લાવી. એક દિવસ પાસેની સોસાયટીમાં કોઈ ફંકશન હતું, ને વરસાદ કહે મારું કામ. અચાનક ત્યાંથી રોજ માફક સુનમુન બેસેલી પ્રિયાના સ્ટોલ પર પંદર-વીસ લોકોનું ટોળું આવી ચડ્યું. વરસાદી મોસમમાં પ્રિયાની ચા એ એવો જાદુ ફેલાવ્યો કે લોકો એક પછી એક આવતાં જ રહ્યા. એ દિવસે પ્રિયાએ મમ્મીની મદદથી પહેલીવાર વકરો કર્યો. પછી તો શું જોઈએ? જે જગ્યાએ ચાની આદત પડી, એ પછી છુટવી મુશ્કેલ. પ્રિયાના સ્ટોલ પર ધીરે ધીરે ગ્રાહકો વધતા ચાલ્યા. પ્રિયા એમનું હસીને સ્વાગત કરતી, પસંદ- નાપસંદનો ખ્યાલ રાખતી અને ડિસ્કાઉન્ટ પણ આપતી. આગલા બે મહિનામાં તો એણે પોતાની કમાણીથી સ્કૂલ ફીના પૈસા તો ભરી દીધા, સાથોસાથ થોડી ઘણી બચત પણ કરી લીધી.

એક રાત્રે જ્યારે પ્રિયા સ્ટોલ સમેટી રહી હતી ત્યારે પપ્પાએ એની તરફ જોયું. એમની આંખો ભીની થઈ ગયેલી:

'બેટા, તે મને શીખવી દીધું કે, હિંમત કોને કહેવાય...' પ્રિયા એમને વળગી પડી :

'પપ્પા, શીખવ્યું તો તમે જ હતું. મેં તો બસ, એનો અમલ કર્યો. આજે મુસીબતો ભલે દૂર ના થઈ હોય, પણ એની સામે લડવાનો રસ્તો મને જરૂર મળ્યો છે. ઉમ્મીદની આ એક પ્યાલી સાથે.' કહી પ્રિયાએ ચાનો કપ હવામાં ટોસ્ટ કર્યો. સામે રાજેશ દીકરીની પીઠ થપથપાવી ગર્વભેર એ સમજુ તરુણીને તાકી રહ્યો. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# સ્ટાઈલિંગ ને કમ્ફર્ટ આપતા એન્કલ લેન્થ લેગિન્સ



જે લેગિન્સની લેન્થ એન્કલ સુધી હોય તેને એન્કલ લેન્થ લેગિન્સ કહેવાય. એન્કલ લેન્થ લેગિન્સ ફન્કશનલ વેર તરીકે પહેરી શકાય. એટલે કે, આ લેન્થના લેગિન્સ સાથે ક્રોપ ટોપ, શોર્ટ ટોપ, રેગ્યુલર ટી-શર્ટ, ઓવર સાઈઝ શર્ટ કે પછી અલગ અલગ લેન્થની કુર્તિઓ એમ બધું જ તમે એન્કલ લેન્થ લેગિન્સ સાથે મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકો. એન્કલ લેન્થ લેગિન્સ બધી જ વયની મહિલાઓ પહેરી શકે. તમારી ઉંમર અને બોડી ટાઈપ પ્રમાણે તમે એન્કલ લેન્થ લેગિન્સ સાથે કઈ ટાઈપના ટોપ્સ પહેરવા છે તે નક્કી કરી શકો. એન્કલ લેન્થ લેગિન્સમાં ઘણા પ્રકાર આવે છે પ્લેન, પ્રિન્ટેડ, ચેકર, જેગિંગ વગેરે. ચાલો જાણીએ એન્કલ લેન્થ લેગિન્સ સાથે કઈ ટાઈપના ટોપ્સ કોણ અને કેવી રીતે પહેરી શકે.

ક્રોપ ટોપ સાથે -

એન્કલ લેન્થ લેગિન્સ સાથે ક્રોપ ટોપ એક સ્માર્ટ લુક આપે છે. જો તમારું શરીર સુડોળ હોય તો તમે એન્કલ લેન્થ લેગિન્સ સાથે ક્રોપ ટોપ પહેરી શકો. ક્રોપ ટોપ તમારી પર્સનાલિટી વાઇસ સિલેક્ટ કરવું. લેગિન્સ એ એક એવું વસ્ત્ર છે જે શરીરને ચોંટી જાય છે અને આબેહૂબ શરીરનો શેપ લે છે. જેથી જો તમારું શરીર ભરેલું હોય એટલે કે, કમર અને હિપનો ભાગ વધારે હોય તો લેગિન્સ સાથે ક્રોપ ટોપ પહેરવાના ટાળવા. ક્રોપ ટોપ એટલે જે ટોપની લેન્થ કમર પર પૂરી થાય. આ લુક યંગ યુવતીઓ પર વધારે સારો લાગે છે. આ લુક કલરફુલ કોમ્બિનેશન સાથે ખૂબ સુંદર લાગશે. જેમકે, બ્લેક લેગિન્સ સાથે બ્રાઇટ કલરનું ક્રોપ ટોપ કે પછી રોયલ બ્લુ એન્કલ લેન્થ લેગિન્સ સાથે પેરેટ ગ્રીન કલરનું ક્રોપ ટોપ. યંગ યુવતીઓ આવા બ્રાઇટ કલર કોમ્બીનેશન પહેરી એક અટ્રેક્ટિવ લુક આપી શકે. આ એક કેઝ્યુઅલ લુક છે જેથી આની સાથે તમે સ્લીપર્સ પહેરી શકો અથવા તો લોફર્સ પણ પહેરી શકાય ડિપેંડીગ તમે ક્યાં જવાનો છો.

શોર્ટ ટોપ સાથે - જે ટોપની લેન્થ કમરથી નીચે અને હિપથી ઉપર હોય તેને શોર્ટ ટોપ કહેવાય. શોર્ટ ટોપમાં ટી-શર્ટ પણ આવે અને શોર્ટ ટોપમાં ફેન્સી ટોપ્સ પણ આવે કે જે સિન્થેટિક ફેબ્રિકમાં હોય છે. ડીપેન્ડિંગ કે તમારે એન્કલ લેન્થ લેગિન્સ સાથે શોર્ટ ટોપ ક્યાં પહેરવાનું છે. જો તમારે કેઝ્યુઅલ લુક જોઈતો હોય તો, તમે શોર્ટ ટી-શર્ટ પહેરી શકો. જો કોઈ સેમી કેઝ્યુઅલ આઉટિંગ માટે જવાનું હોય તો, સિન્થેટિક ફેબ્રિકના કે પછી હોઝિયરી ફેબ્રિકના શોર્ટ ટોપ્સ પહેરી શકાય. જેઓનું શરીર સુડોળ છે તેઓ બધીજ જાતના શોર્ટ ટોપ્સ પહેરી શકે, પરંતુ જો તમારું શરીર ભરેલું હોય તો તમારે ખાસ કરીને સિન્થેટિક ફેબ્રિકના શોર્ટ પહેરવા. સિન્થેટિક ફેબ્રિક એક સ્લીક લુક આપે છે. પેટર્ન અને પ્રિન્ટ તમારી બોડી ટાઈપ પ્રમાણે સિલેક્ટ કરવા.

ઓવર સાઈઝ શર્ટ/ટી-શર્ટ સાથે - જો તમે મીડિયમ સાઈઝના શર્ટ પહેરતા હોવ તો તમે પણ લાર્જ કે પછી એક્સ્ટ્રા લાર્જ સાઈઝના શર્ટ પહેરો તેને ઓવર સાઈઝ શર્ટ કહેવાય. આ સ્ટાઇલ ખૂબ જ ટ્રેંડમાં છે. આ લુક યંગ યુવતીઓમાં ખૂબ જ લોકપ્રિય છે. આ ઓવર સાઈઝ શર્ટ પહેરવાની એક સ્ટાઇલ હોય છે. જો તમે કોન્ફિડન્ટ ન હોવ તો ઓવર સાઈઝ શર્ટ ન પહેરવા. આ ઓવર સાઈઝ શર્ટ એન્કલ લેન્થ લેગિન્સ સાથે સ્માર્ટ લુક આપે છે. પ્લેન કલરના એન્કલ લેન્થ લેગિન્સ સાથે સોલિડ કલરના પ્લેન શર્ટ પહેરી શકાય. જેમકે, બ્લેક કલરના લેગિન્સ સાથે રોયલ બ્લુ કલરનું પ્લેન શર્ટ પહેરી શકાય. કે પછી વાઈટ કલરના લેગિન્સ સાથે શોકીંગ પિન્ક કલરનું શર્ટ પહેરી શકાય. પ્રિન્ટેડ લેગિન્સ સાથે પણ ઓવર સાઈઝ શર્ટ સારા લાગશે. આ શર્ટને પહેરવાની એક ચોક્કસ સ્ટાઇલ હોય છે એટલે કે, શર્ટનું પહેલું બટન ખુલ્લું રાખવામાં આવે છે અને જે બીજું બટન હોય તેને પહેલું બટન લાગે તેટલું શર્ટ ઉપર લઇ જવું.


આ સ્ટાઇલ ઘણી યુવતીઓ બહુ સારી રીતે કેરી કરી શકે છે અને કોઈ યુવતીઓને આ રીતે શર્ટ પહેરવું નથી ગમતું. ઘણી યુવતીઓ કે મિડલ એજ મહિલાઓ ઓવર સાઈઝ શર્ટ પહેરે છે અને તેની પર હાઈ વેસ્ટ પર થીન કે બ્રોડ બેલ્ટ પહેરે છે. આ લુક પણ જો તમે કોન્ફિડન્ટલી પહેરી ન શકતા હોવ તો ન પહેરવો નહીં તો તમે હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મુકાશો. આ લુક તમે કોફી ડેટ કે કીટી પાર્ટી કે કોઈ કેઝ્યુઅલ આઉટિંગ માટે પહેરી શકો. એન્કલ લેન્થ લેગિન્સ સાથે ઓવર સાઈઝ ટી-શર્ટ એ કોલેજ યુવતીઓમાં બહુ પ્રચલિત સ્ટાઇલિંગ છે. આ સ્ટાઇલ એક કમ્ફર્ટ તો આપે જ છે પરંતુ તેની સાથે એક સ્ટાઈલિશ લુક પણ આપે છે. ■

ફેશન પ્લસ
મધુ સિંહ
feedback.ladki@bombaysamachar.com

# મેકએપ બ્રશ સાફ રાખો છો ને?

**મોટાભાગની** મહિલાઓ સૌંદર્ય પ્રસાધનો વાપરીને સાફ કર્યા વગર કે ધોયા વગર એમ નેમ જ મૂકી દે છે જેને કારણે કીટાણુઓ અને બેકટેરિયાનું ઘર બની જાય છે અને બીજી વખત વાપરીયે એટલે ચેહરા પર પીમ્પલ્સ થવા કે બીજી કોઈ સ્કીન ઈન્ફેકશન થવાની સંભાવના રહે છે. દરેક મહિલાએ પોતાનાં સૌંદર્ય ઉપકરણોનું ધ્યાન રાખવું જોઈએ. ખાસ કરીને મેકઅપ બ્રશનું. આપણા મેકઅપ બ્રશ ઘણી જાતના બેક્ટેરિયા અને કીટાણુઓનું પ્રજનન સ્થળ હોય છે જેને આપણે નરી આંખે જોઈ નથી શકતા. આ કીટાણુઓ અને બેકટેરીયા મેકઅપ બ્રશમાં ફસાઈ જાય છે અને તેના છિદ્રોને બંધ કરી દે છે. બીજી વખત જયારે બ્રશને વાપરીયે ત્યારે ચેહરા પર ખીલ કે પછી સ્કીન ઈન્ફેકશન થવાની સંભાવના હોય છે. ચાલો જાણીયે બ્રશને કઈ રીતે સાફ રાખી શકાય.

ઉપયોગ કર્યા પછી બ્રશને ભીનું કરી તેની ઉપરથી મેકઅપ પ્રોડકટસ કાઢી નાખવા. બ્રશને કોઈ એન્ટિબેકટેરિયલ સાબુથી ધોઈ તેમાં ફસાયેલા પ્રોડક્ટસ બરાબર સાફ કરી તેને નવશેકા પાણીમાં ત્રણથી ચાર વખત ધોઈને રાખવા. ત્યાર બાદ બ્રિસલ્સને પાણીમાંથી કાઢી સરખા નિચોવીને, બ્રિસલ્સને મૂળ આકારમાં લાવી સાફ કપડા પર તડકામાં સુકવવા મૂકવા.




### અલગ અલગ જાતના મેકઅપ બ્રશ

જે મહિલાઓ મેકઅપ કરવાનું ખૂબ જ જરૂરી સમજે છે તેમને આ વાતનો ખ્યાલ હોવો જોઈએ, મેકઅપ કરવા માટે અલગ અલગ ટાઈપના બ્રશની જરૂર પડે છે, પરંતુ મેકઅપ બ્રશ વાપરવાની એક ટેક્નિક હોય છે. ચાલો જાણીયે કયું બ્રશ કઈ રીતે વાપરી શકાય.

### ફાઉંડેશન બ્રશ

ફાઉંડેશન કોઈ પણ મેકઅપનો આધાર છે. આ આધારમાં કોઈ ખામી ન રહે તે માટે અને તમારો મેકઅપ નેચરલ લાગે તે માટે ફાઉંડેશન બ્રશનો ઉપયોગ કરવામાં આવે છે. આ ફેસ મેકઅપ બ્રશ દ્વારા આપણે આપણા મેકઅપને પરફેકટ લુક આપી શકીયે છીએ.

### બ્લશ બ્રશ

ગાલો પર બ્લશ કરતી વખતે શરૂઆતમાં થોડું બ્લશ લગાડવું. આ મેકઅપ બ્રશનો ઉપયોગ ગાલોની લાલી ઉભારવા માટે કરવામાં આવે છે. બ્લશ બ્રશ થોડા ફુલેલા હોય છે અને તેને ગાલ પર કોમળ હાથથી લગાડવામાં આવે છે.

### કંસીલર બ્રશ

જેમ આપણે જાણીયે છીએ કે, કંસીલરનો ઉપયોગ ચહેરાની કરચલી અને આંખોની નીચે કાળા કુંડાળા અને ચહેરાના ડાઘ છુપાવવા માટે કરવામાં આવે છે. આ મેકઅપ બ્રશ કંસીલરને બરાબર રીતે લગાડવામાં મદદ કરે છે. ફાઉંડેશનની સાથે કંસીલરને મીક્સ કરવા માટે આ બ્રશનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં બ્રશની મદદ વડે કાળા ડાઘ પર થોડી માત્રામાં કંસીલર લગાડીને ત્વચા પર હલ્કે હાથે થપથપાવવામાં આવે છે જેથી તે ફાઉંડેશન સાથે મિકસ થઈ જાય.

### કંટૂર બ્રશ

ઘણું ઘટ્ટ રીતે પેક કરેલું બ્રિસલ્સ બ્રશ એવું બ્રશ છે કે, જેનાથી માથું, જડબું અને નાક તથા ચિક બોનને કંટૂર કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. ગાલ પર કંટૂર લગાડીને તેને બ્લેંડ કરવામાં આવે છે. ચહેરાના જે ભાગ પર તમે કંટૂર અને આકાર આપવા માગો છો, તે એ જગ્યાને કંટૂર કરે છે.

### આઈશેડો બ્રશ

આઈશેડો બ્રશ આંખોને ડ્રામેટીક અને સ્મોકી લુક આપવા માટે વપરાય છે. જો તમે લિપસ્ટિક અથવા લીપ ગ્લો વાપરવા માગતા હોવ તો લિપસ્ટિક બ્રશની કોર્નર વડે લિપલાઈન તૈયાર કરવી. આની મદદથી હોઠોની લાઈનને સ્મૂધ બનાવવી. બ્રશ ખરીદતા પહેલા બ્રશની મજબૂતી ચકાસી લેવી.

### હાઈલાઈટર બ્રશ

હાઈલાઈટર બ્રશ પર ઘણા ભરાવદાર અને મુલાયમ વાળ હોય છે જે મેકઅપને હાઈલાઈટ કરવા માટે વાપરવામાં આવે છે.

કોઈ બીજાનું મેકએપ બ્રશ ન વાપરવું કે ન કોઈને તમારું બ્રશ વાપરવા આપવું. જો તમે મેકઅપ બ્રશ રોજ વાપરતા હોવ તો અઠવાડિયામાં એક વખત જરૂરથી સાફ કરવું. માત્ર બ્રશ જ નહીં પરંતુ બ્યુટી બ્લેંડર અને પફ પણ સાફ રાખવું. ■

ફોકસ
રેખા દેશરાજ
feedback.ladki@bombaysamachar.com

# મહિલાઓ માટે ધુમ્રપાન કેટલું હાનિકારક છે?

## આ એક એવી લત છે, જેની લાંબા ગાળા સુધી આડઅસરનો ભોગ બનવું પડે અને એ જાનલેવા પણ સાબીત થઈ શકે.

**સિગારેટના** પેકેટ પર ભલે વૈજ્ઞાનિક ચેતવણી હોય કે સિગારેટ પીવી એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે આનાથી ફેંફસાં ખરાબ થઈ શકે છે. કેંસર જેવી ગંભીર બીમારી પણ થઈ શકે છે. આમ છતાં યુવા વર્ગમાં આની લત લાગવામાં કોઈ કમી નથી.

૨૦૨૨ની સાલમાં ટોબેકો કંટ્રોલ ઈન ઈંડિયાના રિપોર્ટ અનુસાર જણાવવામાં આવ્યું હતું કે, દેશભરમાં તંબાકુનું સેવન કરવાવાળાની સંખ્યામાં ઘટાડો થયો છે. પરંતુ બીડી અને સિગારેટની ડિમાન્ડમાં સતત વધારો થયો છે. એમાં પણ નાની ઉંમરની છોકરીઓને સિગારેટની લત લાગી ગઈ છે એવું આ રિપોર્ટમાં ચિંતા વ્યક્ત કરતાં જણાવવામાં આવ્યુ હતું. રિપોર્ટ અનુસાર સાલ ૨૦૦૯ થી લઈને ૨૦૧૯ની વચ્ચે સિગારેટ પીવામાં યુવક અને યુવતીઓની સંખ્યામાં દસ ગણો વધારો થયો છે.

આ સર્વે ભલે જૂનો હોય પરંતુ આના પરથી અંદાજો લગાડી શકાય કે ૨૦૧૯થી ૨૦૨૫ સુધીમાં આમા કેટલો વધારો થયો હશે. યુવતીઓમાં સિગારેટની લત જલદીથી વધી રહી છે. આની પાછળ ઘણા કારણો છે.

પુરુષો સાથે બરાબરી કરવામાં મહિલાઓ સિગારેટ પીવામાં પોતાને કુલ સમજે છે. આવી મહિલાઓને સિગારેટ પીવાવાળા પુરુષો આકર્ષિત કરે છે અને આ દેખાદેખીમાં યુવતીઓ સિગારેટ પીવા લાગી છે. તણાવ, ડિપ્રેશન, વધતી સ્પર્ધા, શિક્ષણ ક્ષેત્રમાં આવવાવાળી ચુનોતીઓથી વધતું જતું ડિપ્રેશનને કારણે તેમની આ લતમાં સતત વધારો થાય છે. ભલે કાયદા પ્રમાણે ૧૮ વર્ષથી નીચેનાને સિગારેટ વેચવી એ અપરાધ છે, પરંતુ દુકાનદારો આ અપરાધ કરતાં અચકાતાં નથી.



મહિલાઓ પ્રગતિના નામ પર પુરુષોની બરાબરી કરવા માટે જે પ્રમાણે સિગારેટની જાળમાં ફસાઈ ગઈ છે કે તે ભૂલી ગઈ છે કે, આ સ્વાસ્થ્ય માટે કેટલું હાનિકારક છે.

સ્મોકિંગ કરવાવાળો પુરુષ અને મહિલાઓના રિપ્રોકટીવ ઓરગન્સ પર પણ આની ખરાબ અસર થાય છે. જોકે મહિલાઓ પર બાળકને જન્મ આપવાની પણ જવાબદારી હોય છે. જેની માટે ખાસ કરીને સ્મોકિંગની લતથી છૂટકારો મળવો જરૂરી છે. તેમ જ સરકાર પણ એ જ ઈચ્છે છે કે, તંબાકુ ઉત્પાદન પર ભાવ વધારી દેવામાં આવે જેથી કરી તેનું વેચાણ ઓછું થાય.

યુવાવર્ગે પણ સમજવું જોઈએ કે, આ એક એવી લત છે કે, તેમની માટે જાનલેવા સબિત થઈ શકે અને લાંબા ગાળા સુધી આનાથી થયેલ આડઅસરનો ભોગ બનવું પડે. પુરુષોની તુલનામાં મહિલાઓ માટે ધૂમ્રપાન કરવું વધારે હાનિકારક છે તેના અમુક વૈજ્ઞાનિક કારણો અહી આપેલાં છે.

મહિલાઓના શરીરમાં એસ્ટ્રોજન જેવા હોર્મોન હોય છે. જે મહિલાઓના હૃદય અને તેમનાં હાડકાનું રક્ષણ કરવાનું કામ કરે છે. જો મહિલાઓ ધૂર્મપાન રે તો નિકોટીન અને બીજા કેમિકલ આ હોર્મોનનું સંતુલન બગાડે છે જેને કારણે મહિલાઓમાં હૃદયરોગ અને ઓસ્ટોયોપોરોસિસ થવાની શક્યતા વધી જાય છે.

વિભિન્ન અભ્યાસ દ્વારા એમ જાણવામાં આવેલ છે કે, જો મહિલા અને પુરુષ સમાન માત્રામાં ધુમ્રપાન કરતા હોય તો પુરુષોની તુલનામાં મહિલાઓને ફેફસાનું કેંન્સર થવાની શક્યતા વધારે હોય છે. કારણકે, મહિલાઓનું શ્વસન તંત્ર પુરુષોની તુલનામાં વધારે સંવેદનશીલ હોય છે. વધારે પડતા ધુમ્રપાનને કારણે મહિલાઓને માસિક ચક્ર સંબંધિત અનિયમિતતા થવાની સંભાવના રહે છે. જેનાથી ઈનફર્ટિલિટી થવાનો ખતરો વધી જાય છે અને મોનોપોઝ પણ જલદી આવે છે.

ધૂમ્રપાનથી મહિલાઓની ત્વચા પર પણ ખરાબ અસર થાય છે. આનાથી ત્વચા પર કરચલીયો જલદી પડે છે, ત્વચામાં ચમક રહેતી નથી અને ઉંમર વધવાના લક્ષણ જલ્દીથી દેખાય છે.

### ગર્ભાવસ્થામાં ધૂમ્રપાન હાનિકારક

ગર્ભાવસ્થામાં ધૂમ્રપાન કરવું એ ગર્ભમાં રહેલા બાળક માટે ખૂબ જ ખતરનાક છે. ગર્ભાવસ્થામાં ધૂમ્રપાન આવનારા સંતાનને બીમાર બનાવે છે.

### ગર્ભપાત, સમય પહેલા પ્સૂતિ

ધૂમ્રપાનથી ગર્ભપાત થવાની સંભાવના વધી જાય છે. આનાથી સમય પહેલાં બાળકનો જન્મ થઈ શકે છે. બાળકના ઓછા વજનને કારણે બાળક કમજોર પેદા થાય છે.

### ઓછું વજન

જો મહિલા ધૂમ્રપાન કરતી હોય તો ગર્ભાવસ્થા દરમિયાન બાળકને પૂરતો ઓક્સિજન મળતો નથી જેને કારણે બાળકનું જે વજન હોવું જોઈએ તેને હિસાબે ઓછું હોય છે. આવા બાળકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. તંદુરસ્ત ન હોવાને કારણે તેઓ વારંવાર બીમાર પડે છે.

### જન્મજાત વિકૃતિઓ

ઘૂમ્રપાન ભ્રૂણનાં વિકાસને ખરાબ રીતે પ્રભાવિત કરે છે. નવજાતનાં હૃદય અને ફેફસામાં વિકૃતિ પેદા કરે છે.

### શ્વાસ સંબંધી બીમારીઓ

જે મહિલાઓ લાંબા સમયથી ધૂર્મપાન કરતી આવી છે તેના બાળકને આગળ ચાલીને અસ્થમા, એલર્જી અને બ્રોંકાઈટીસ જેવી શ્વાસની બીમારીઓ થવાની શક્યતા વધી જાય છે. ધૂમ્રપાનને કારણે મગજના વિકાસમાં બાધા આવે છે, ધ્યાનમાં ઊણપ, શીખવામાં કઠણાઈ તેમ જ બીજી ઘણી વ્યવહારિક સમસ્યાઓ આવે છે.

### ડિલિવરી પછી શિશુ મૃત્યુ સિંડ્રોમ

- જન્મ પછી અચાનક જ બાળકનાં મૃત્યુની સંભાવના ધૂમ્રપાન કરતી મહિલાઓનાં બાળકોમાં વધી જાય છે.

-જો ગર્ભવતી મહિલા ધૂર્મપાન કરતી વ્યકિતનાં સંપર્કમાં પણ જો આવે કે જેને પેસીવ સ્મોકર કહેવાય તેના બાળકમાં શારીરિક અને માનસિક વિકાસ પર પણ ખરાબ અસર પડે છે. ■

# પુરુષ

## પેસિવ ઈન્કમ કે સ્કિલ ડેવલપમેન્ટઃ મહત્ત્વનું શું?



ઓછા પ્રયાસથી મળતી નિયમિત આવક સાથે ટેક્નિકલ જ્ઞાન ઉમેરવાથી એ વધુ ફાયદાકારક બની શકે...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**આજના** ઝડપથી બદલાતા યુગમાં ૨૫થી૩૫વર્ષની ઉંમરના યુવાનો, ખાસ કરીને પુરુષો, નાણાકીય સ્વતંત્રતા અને સમયની મુક્તિની શોધમાં પેસિવ ઈન્કમની લાલચમાં આવી જાય છે. પેસિવ ઈન્કમ એટલે એવી આવક જે ન્યૂનતમ સક્રિય પ્રયાસો સાથે નિયમિત મળતી રહે,જેમ કે રિયલ એસ્ટેટ, શેરબજાર, ઓનલાઈન વ્યવસાય કે કન્ટેન્ટ નિર્માણમાંથી થતી આવક. આ ઉંમર એ સમય છે જ્યારે યુવાનો પાસે ઊર્જા, ઉત્સાહ અને શીખવાની ક્ષમતા હોય છે, જે એમને ઝડપી સફળતાના વાયદાઓ તરફ આકર્ષે છે, પરંતુ આ જ વય એ લાંબા ગાળાની કારકિર્દી ઘડવા અને કુશળતા વિકસાવવા માટેનો પણ આદર્શ સમય છે. આ બંને ધ્યેય વચ્ચે સંતુલન સાધવું એ યુવાનો માટે મોટો પડકાર છે. આજે આપણે એ જ ચર્ચા કરવી છે કે શું યુવાનોએ પેસિવ ઈન્કમ પર વધુ ધ્યાન આપવું જોઈએ કે કુશળતા એટલે કે સ્કિલ ડેવલપમેન્ટને પ્રાથમિકતા આપવી જોઈએ? અને આ બંનેનું સંતુલન કેવી રીતે શક્ય છે?

પેસિવ ઈન્કમનું આકર્ષણ એની સ્વતંત્રતા અને સરળતામાં રહેલું છે. ઈન્ટરનેટના આ યુગમાં યુવાનો યુટ્યૂબ ચેનલ, બ્લોગ, એફિલિએટ માર્કેટિંગ, ડ્રોપશિપિંગ, કે ક્રિપ્ટોકરન્સી જેવા વિકલ્પ દ્વારા ઝડપથી ધનવાન બનવાનું સપનું જુએ છે. આવા સ્ત્રોત શરૂઆતમાં રોકાણ કર્યા પછી નિયમિત આવક આપે છે એવી ધારણા યુવાનોને આકર્ષે છે. ઉદાહરણ તરીકે, એક ઓનલાઈન કોર્સ બનાવવો કે ડિજિટલ પ્રોડક્ટ વેચવું એ એવા માર્ગ છે જે લાંબા ગાળે નિષ્ક્રિય આવક આપી શકે છે. જો કે, આવા માર્ગ ઘણીવાર શરૂઆતમાં નોંધપાત્ર સમય, શ્રમ અને નાણાંનું રોકાણ માગે છે. યુટ્યૂબ ચેનલની સફળતા માટે નિયમિત ગુણવત્તાયુક્ત કન્ટેન્ટ, દર્શકોનો વિશ્વાસ અને માર્કેટિંગની જરૂર પડે છે.

એ જ રીતે, શેરબજાર કે ક્રિપ્ટોમાં રોકાણ માટે બજારનું ઊંડું જ્ઞાન અને જોખમ સંચાલનની કુશળતા જરૂરી છે. ઘણા યુવાનો આ જોખમોને અવગણીને આંધળું રોકાણ કરે છે, જે નાણાકીય નુકસાન કે નિરાશા તરફ દોરી જાય છે.

બીજી તરફ,આ ઉંમર એ કુશળતા વિકાસનો સોનેરી સમય છે. આ સમયે શીખેલી કુશળતાઓ યુવાનોને લાંબા ગાળે સ્થિર અને વધુ આવકની તકો આપે છે. ટેક્નિકલ કુશળતાઓ જેવી કે પ્રોગ્રામિંગ, ડેટા એનાલિસિસ, કે ડિજિટલ માર્કેટિંગ,અને સોફ્ટ સ્કીલ્સ જેવી કે સંદેશાવ્યવહાર, નેતૃત્વ અને ટાઈમ મેનેજમેન્ટ, ઈત્યાદિ, આજના સ્પર્ધાત્મક બજારમાં અમૂલ્ય છે. આ કુશળતા માત્ર નોકરીની તક જ નહીં, પરંતુ ઉદ્યોગસાહસિક પ્રયાસોમાં પણ સફળતા લાવે છે. ઉદાહરણ તરીકે, ડિજિટલ માર્કેટિંગનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ પોતાના ઓનલાઈન વ્યવસાયને વધુ અસરકારક રીતે ચલાવી શકે છે, જ્યારે નાણાકીય જ્ઞાન ધરાવનાર રોકાણમાં સમજદાર નિર્ણયો લઈ શકે છે. આમ કુશળતા વિકાસ એ ફક્ત સક્રિય આવક માટે જ નહીં, પરંતુ પેસિવ ઈન્કમની સફળતા માટે પણ આધારભૂત છે. આવી સ્કિલ્સ એને પોતાના ક્ષેત્રમાં ઓછા સમયમાં મોટી જવાબદારીઓ તેમજ મોટી કમાણી અપાવી શકે છે, જે એને જીવનભર ખપમાં આવી શકે એમ છે એટલે જ આ બંને ધ્યેય વચ્ચે સંતુલન સાધવું જરૂરી છે. ૨૫થી૩૫ વર્ષની ઉંમર એ એવો તબક્કો છે જ્યાં યુવાનો પાસે શીખવાની અને પ્રયોગો કરવાની શક્તિ હોય છે. જો આ સમયે ફક્ત પેસિવ ઈન્કમ પર ધ્યાન આપવામાં આવે તો કુશળતા વિકાસની તક ચૂકી જવાય, જે લાંબા ગાળે નાણાકીય અને વ્યાવસાયિક સ્થિરતાને અસર કરી શકે છે.

ઉદાહરણ તરીકે,એક યુવાન જો ફક્ત શેરબજારમાં રોકાણ પર ધ્યાન આપે અને નવી કુશળતા ન શીખે તો બજારના ઘટાડાથી એની આવક જોખમમાં મુકાઈ શકે છે. તેના બદલે, જો તે નાણાકીય વિશ્લેષણની કુશળતા શીખે તો એ વધુ સારા રોકાણના નિર્ણયો લઈ શકે છે.

સંતુલન સાધવા માટે યુવાનો દર અઠવાડિયે થોડો સમય કુશળતા વિકાસ માટે ફાળવી શકે છે. ઓનલાઈન કોર્સ, વર્કશોપ કે વ્યવહારુ અનુભવ દ્વારા નવી કુશળતાઓ શીખવી શકાય છે. આ ઉપરાંત, આ કુશળતાઓનો ઉપયોગ પેસિવ ઈન્કમના સ્ત્રોત બનાવવા માટે થઈ શકે છે. ઉદાહરણ તરીકે, એક ગ્રાફિક ડિઝાઈનર ઓનલાઈન ટેમ્પલેટ વેચીને નિષ્ક્રિય આવક મેળવી શકે છે, જ્યારે એક પ્રોગ્રામર એક એપ્લિકેશન બનાવીને નિયમિત આવકનો સ્ત્રોત ઊભો કરી શકે છે. આ રીતે, કુશળતા વિકાસ અને પેસિવ ઈન્કમ એકબીજાને પૂરક બની શકે છે.

આ ઉપરાંત, યુવાનોએ પેસિવ ઈન્કમના સ્ત્રોત પસંદ કરતી વખતે એમની રુચિ અને ક્ષમતાઓને ધ્યાનમાં રાખવી જોઈએ, જેમકે...

જો કોઈ વ્યક્તિને લેખનનો શોખ હોય તો એ બ્લોગ કે ઈ-બુક લખીને આવક મેળવી શકે છે. આવા પ્રયાસોમાં સફળતા માટે ધીરજ અને સતત પ્રયાસોની જરૂર હોય છે, જે યુવાનોની શીખવાની ક્ષમતા સાથે સુસંગત હોય છે. વધુમાં, નાણાકીય શિસ્ત અને જોખમ વ્યવસ્થાપન પણ મહત્ત્વનું છે. યુવાનોએ એવા પેસિવ ઈન્કમના માર્ગો પસંદ કરવા જોઈએ જે એમની આર્થિક ક્ષમતા અને જોખમ સહન કરવાની શક્તિ સાથે મેળ ખાતા હોય.

ઈનશોર્ટ, ૨૫થી૩૫ વર્ષની ઉંમર એ યુવાનો માટે એમના ભવિષ્યને આકાર આપવાનો નિર્ણાયક સમય છે. પેસિવ ઈન્કમનું આકર્ષણ શક્તિશાળી હોવા છતાં તેની પાછળ આંધળી દોટ લાંબા ગાળે જોખમી બની શકે છે. તેના બદલે, કુશળતા વિકાસ એ એક એવું રોકાણ છે જે નવી તકો ખોલે છે, સ્થિરતા આપે છે અને પેસિવ ઈન્કમના પ્રયાસોને વધુ અસરકારક બનાવે છે. યુવાનોએ આ બંનેનું સંતુલન સાધવું જોઈએ, જ્યાં એ પોતાની કુશળતાઓને શાર્પ કરે અને તેનો ઉપયોગ નિષ્ક્રિય આવકના સ્ત્રોત બનાવવા માટે કરે. આવો અભિગમ એમને નાણાકીય સ્વતંત્રતા અને વ્યાવસાયિક સફળતા બંને હાંસલ કરવામાં મદદરૂપ થશે. ■




કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## આપણે ત્યાં સાત ફેરા ને પશ્ચિમમાં પ્રી-નપ!

ડિયર હની,

આપણે ત્યાં લગ્ન એ એક સામાજિક પ્રથા છે. આ લગ્ન સંસ્થા વિષે ઘણા બધા મત-મતાંતર છે. કેટલાક તરફેણમાં છે તો કેટલાક વિરુદ્ધમાં અને એમાંથી જ કદાચ પશ્ચિમની જેમ લીવ - ઇન રિલેશનશિપનો આપણે ત્યાં પ્રારંભ થયો છે.

ઘણા કિસ્સામાં, ખાસ કરીને ફિલ્મોમાં જોવા મળે છે કે, યુવાન અને યુવતી નજીકથી એકબીજાને જાણવા-ઓળખવા માટે પહેલાં લગ્ન વિના સાથે રહે છે અને ફાવે તો વાત આગળ વધે, નહીં તો 'નથી રમતા' એમ કહી બંને છુટા પડી જાય છે.

મારા એક મિત્રને તું જાણે છે. એને એક છોકરી સાથે પ્રેમ થયો અને બંને અલગ જાતિના. ઘરમાં વિરોધ થયો, પણ એ બંને મક્કમ હતા. આખરે એક નુસખો અજમાવાયો. છોકરી છોકરાને ઘેર દોઢ મહિનો રહે અને સાસરિયાઓ કહે કે સારું લાગે છે તો લગ્ન કરવા. અને દોઢ મહિને ઘરના સભ્યો રાજી થયા અને આખરે લગ્ન થયા. અહીં સુધી ઠીક છે, પણ થોડા સમયથી પશ્ચિમમાં કોઈ લગ્ન કરે ત્યારે એક શબ્દ બહુ સાંભળવા મળે છે અને એ છે, પ્રીનપ ('પ્રીનઅપ' પણ લખાય છે). તું પૂછશેઃ

'આ પ્રીનપ વળી કઈ બલા છે?'

વેલ, પ્રિનપ એટલે પ્રિ-નપ્શીયલ એગ્રીમેન્ટ (Pre-nuptial Agreement). ગુજરાતીમાં તેને લગ્ન પૂર્વેનો કરાર કહી શકાય. આ એક કાયદેસરનો દસ્તાવેજ છે, જે લગ્ન પહેલાં બે વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે, પણ એમાં શું હોય છે?

એમાં ચાર પાંચ મુદ્દાનો સમાવેશ થાય છે. એકઃ જો ભવિષ્યમાં છૂટાછેડા થાય તો બંનેની સંપત્તિ (જેમ કે મકાન, બેંક ખાતા, રોકાણ, વગેરે) અને લગ્ન પછી કમાએલી સંપત્તિનું વિતરણ કેવી રીતે થશે તેની સ્પષ્ટતા.

બેઃ લગ્ન પહેલાંના દેવાં અને લગ્ન પછી ઊભા થનારા દેવાં માટે કોણ જવાબદાર રહેશે એ પણ નક્કી કરવામાં આવે છે.

ત્રણઃ જો છૂટાછેડા થાય તો કોઈ એકને ભરણપોષણ મળશે કે કેમ અને કેટલું મળશે તેની શરતો ય નક્કી કરવા આવે છે.

ચારઃ વારસા સંબંધિત બાબતોનું પણ નિરાકરણ કરી શકાય છે અને પાંચઃ જો કોઈ એકનો પોતાનો વ્યવસાય હોય તો તેનાં હિતોનું રક્ષણ કરવા માટેની જોગવાઈઓ પણ આ કરારમાં હોઈ શકે છે.

આવો કરાર કરવાનું કારણ શું?

પ્રિનપ કરવાનો મુખ્ય હેતુ એ છે કે ભવિષ્યમાં જો લગ્ન સંબંધ તૂટી જાય તો બંનેનાં નાણાકીય હિતોનું રક્ષણ થાય,જે છૂટાછેડાની પ્રક્રિયાને સરળ બનાવી શકે છે અને લાંબા કાનૂની વિવાદોને ટાળી શકે છે.

પશ્ચિમમાં ઘણા કિસ્સામાં ખાસ કરીને સેલિબ્રિટી કપલમાં છૂટાછેડા થાય ત્યારે આવા બધા મુદ્દા બહુ વિવાદમાં આવે છે. પતિ ધનાઢ્ય હોય તો કરોડોમાં ચુકવણું કરવું પડી શકે છે. 'એમેઝોન'નાં માલિક જેફ બોસેઝનાં લગ્ન થયા ત્યારે પણ પ્રીનપની બહુ ચર્ચા થઇ હતી.

બીજી તરફ, આપણે ત્યાં -ભારતમાં આવી ચર્ચા ભાગ્યે જ હોય છે. આપણે ત્યાં તો લગ્નમાં સાત ફેરાનું મહત્ત્વ છે. આ સાત ફેરા શું છે એ આજની યુવા પેઢીને બહુ ખબર નથી. સપ્તપદીમાં વર અને કન્યા અગ્નિની આસપાસ સાત વાર ફરે છે અને દરેક ફેરા સાથે એક વિશેષ વચન કે શપથ લે છે. આ સાત ફેરા દ્વારા પતિ-પત્ની એકબીજા સાથે સાત જન્મોનો અતૂટ સંબંધ બાંધે છે અને દાંપત્ય જીવનની જવાબદારીઓ સ્વીકારે છે. આપણે પણ આ વિધિ કરી હતી, પણ સાત ફેરામાં શું શપથ લેવાયા હતા એ તને ખબર ત્યારે પણ નહોતી અને કદાચ અત્યારે પણ નથી.

પહેલો ફેરામાં વર અને કન્યા એકબીજાને વચન આપે છે કે બન્ને સાથે મળીને ઘરનું ભરણપોષણ કરશે, પૂરતું અન્ન અને ધન કમાશે, અને એક સુખી, સ્વસ્થ જીવન માટે જરૂરી સુવિધાઓ પૂરી પાડશે. અને આ વાત આર્થિક સુરક્ષા અને સુખાકારીની વાત છે.

બીજો ફેરામાં વર-કન્યા એકબીજાને શારીરિક અને માનસિક શક્તિ જાળવી રાખવા, જીવનમાં સંતુલન રાખવા અને નૈતિક મૂલ્યોનું પાલન કરવા માટે સહાય કરવાનું વચન આપે છે.

ત્રીજા ફેરામાં ધન કમાવવું અને એનો સદુપયોગ, ધાર્મિક અને સામાજિક કર્તવ્યના પાલનની વાત છે.

ચોથા ફેરામાં વર-કન્યા પરિવાર અને સંતાનોના સુખ માટે પ્રયત્ન કરવા, સુખ અને દુઃખમાં એકબીજાનો સાથ આપવા વચન લે છે.

પાંચમાં ફેરામાં બંને સંતાન પ્રાપ્તિ, એમના યોગ્ય ઉછેરની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

છઠ્ઠા ફેરામાં દરેક ઋતુમાં, દરેક પરિસ્થિતિમાં એકબીજાનો સાથ આપવા, સ્વાસ્થ્ય જાળવવા અને લાંબા, સુખી જીવન માટે પ્રયત્ન કરવાના વચન આપે છે.

-અને સાતમાં ને આખરી ફેરામાં સૌથી મહત્ત્વનું વચન લેવાય છે. વર-કન્યા જીવનભરના મિત્રો બનવા, એકબીજાને સંપૂર્ણ રીતે સમજવા અને પ્રેમ, વિશ્વાસ તથા વફાદારી સાથે શાશ્વત સંબંધ જાળવવાના શપથ લે છે.

આ વિશે આટલી વિગતવાર વાત કરવાનું કારણ એ છે કે, આપણી લગ્ન પ્રથા કેટલી ઉત્તમ ભાવના ધરાવે છે. એમાં જીવનના દરેક પાસાનો સમાવેશ કરવામાં આવે છે. પશ્ચિમમાં એવું નથી. હા, આપણે ત્યાં લગ્ન પ્રથા તૂટી રહી છે એવી ફરિયાદ છે. સ્ત્રી પાત્રને વધુ સહન કરવું પડે એવા કિસ્સાનો પાર નથી, પણ એમાં વાંક આપણો છે. આ સંબંધ માત્ર આર્થિક મુદ્દા પૂરતો નથી, પણ એનાથી વિશેષ છે. સાત ફેરાની ભાવના આપણે ભૂલી ગયા છીએ એટલે સમસ્યા શરૂ થઇ છે. મારી વાત સાથે તું સહમત થશે એની મને ખાતરી છે.

તારો બન્ની

---

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## નિવૃત્તિ પછી આમ પણ જીવી શકાય...



પ્રતીકાત્મક તસવીર

**કામધંધામાંથી** નિવૃત્ત થયા પછી ઘરમાં બેસી રહેવાનો કોઈને પણ કંટાળો આવે. એક સમય હતો જ્યારે સવારમાં નવને દસની ટ્રેન અચૂક પકડવાની હતી. વહેલા ઊઠી નિત્યકર્મ પતાવી, ચા-નાસ્તો કરીને, પત્નીએ તૈયાર કરેલું ટિફિન સાથે ઘરમાંથી બહાર આવીને રિક્ષા મેળવવી એટલે લોઢાના ચણા ચાવવા. ઉતાવળ એટલી હોય કે નવને દસની ટ્રેન ચૂકી ન જવાય....ટ્રેન ચૂકી ગયા ને ઓફિસ મોડા પહોંચ્યા તો બોસની વઢ ખાઈને પોતાના ટેબલ પર ખડકાયેલા ફાઈલોના ઢગલા વચ્ચે ખોવાઈ જવાનું...

વચ્ચે લંચ - ચા પીવાનો સમય કાઢીએ ઓફિસનો ટાઈમ પૂરો થાય પછી શેર ટેક્સી - ટ્રેન પકડી ઘરે પહોંચીએ ત્યારે માંડ 'હાશ' થાય...!

અનિલભાઈ પણ આ જ ચક્કર પછી રિટાયર્ડ થયા ત્યારે તો બહુ ખુશ થયા. 'હમ્મ, હવેથી દોડધામ ભરી જિંદગીથી છૂટકારો .... હવે તો એય ને મોડો ઊઠીશ, નિરાંતે મોડેથી નહાવા જઈશ. એકાદ કલાક તો અખબાર વાંચીશ. અનિલભાઈને વાંચનનો બહુ શોખ પણ નોકરીની દોડધામને કારણે રવિવાર સિવાય ભાગ્યે જ નિરાંતે અખબાર વાંચી શકતા...

શાંતિથી મોડેથી ગરમાગરમ તવા ઉપરથી ઊતરતી રોટલી જમીશ એવાં બધા દિવાસ્વપ્નમાં અનિલભાઈ રાચતા હતા.

રિટાયરમેન્ટને બીજે દિવસે સવારે અનિલભાઈ નિરાંતે ઊંઘતા રહ્યા- હવે કયાં ઓફિસે જવું હતું? પણ ત્યાં તો પત્નીનો અવાજ સંભળાયો, 'ઊઠો હવે આ શું ઘોડા વેચીને સૂતા છો? કેટલું મોડું થયું છે, જરા ઘડિયાળમાં તો જુઓ.' 'ભલેને મોડું થાય, આજે મારે ક્યાં ઓફિસમાં જવું છે. નિરાંતે સૂવા દેને. માંડ આરામ કરવાનો સમય મળ્યો છે.'

'અરે ભાઈ, તમારે ઓફિસે નથી જવું, અમારે તો ઘરના કામ સમયસર પતાવવાના છે ને? તમે રિટાયર્ડ થયા, હું થોડી રિટાયર્ડ થઈ છું? પત્નીએ સંભળાવ્યું.

પત્નીની વાત સાચી હતી. પોતાને કંઈ કામ ન હતું, પણ પત્નીને તો ઘરમાં ઘણાં કામ હતાં. પુત્ર-પુત્રવધૂના ટિફિન ભરવાના... પૌત્રને સ્કૂલબસમાં મૂકવા જવાનો... વળી કામવાળી બાઈનો સમય પણ સાચવવો પડે ને? જો બાઈ ચાલી જાય તો મોટી ઉપાધિ થઈ જાય તેથી બાઈને તો પતિ કરતાંયે વધારે સાચવી લેવી પડે...

આ બધા વચ્ચે અનિલભાઈનો મોડા ઊઠવાનો પ્લાન તો ચોપટ જ થઈ ગયો. પત્નીએ તાકીદ કરી હતી ઊભા થઈને જલદી નહાવા-ધોવાનું, ચાપણી-નાસ્તાનું પતાવજો. એટલે અનિલભાઈએ એમ કર્યું. પછી તેમને થયું-લાવ, હવે તો નિરાંતે અખબાર વાંચું. દીવાનખાનામાં અખબાર લેવા ગયા તો પુત્ર અખબાર વાંચતો હતો. અનિલભાઈ પુત્ર અખબાર વાંચીને મૂકે તો પોતે હાથમાં લે તે માટે રાહ જોઈને બેઠાં... આખરે અખબાર અનિલભાઈના હાથમાં આવ્યું રે ત્યારે નિરાંતે છાપું વાચવાનો અનિલભાઈનો મૂડ બગડી ગયો હતો. આવી જ ઉતાવળ જમવાની બાબતમાં થઈ. ઘરમાં બધાંને લાગ્યું અનિલભાઈને હવે શું કામ છે? એમણે તો આપણી અનુકૂળતા પ્રમાણે જ રહેવાનું !

થોડા દિવસ ઘરનું આ જ રૂટિન થઈ ગયું. આખી જિંદગી વ્યસ્ત રહેલા અનિલભાઈ કંટાળી ગયા. હવે શું કરવું ?

એક સાંજના સમયે અનિલભાઈ વોક કરવા ગાર્ડનમાં ગયા. ઘણાં બધાં સિનિયર સિટિઝન બાંકડા પર સામસામે બેઠાં હતાં અને વાતો કરી રહ્યા હતા. અનિલભાઈ ત્યાં બેસી ગયાં. બધાં એમની કોઈ પ્રવૃત્તિની વાત કરતા હતા એટલે અનિલભાઈએ પૂછ્યું, 'તમે લોકો કોઈ સરસ પ્રવૃત્તિ કરતા હો તેવું લાગે છે. મને જણાવશો તમે લોકો શું કરો છો?'

'જુઓ ભાઈ, અમે બધાં કામધંધેથી નિવૃત્ત થયાં છીએ. આખી જિંદગી કમાઈને બે પૈસા ભેગાં કર્યા છે તેથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાજના જરૂરિયાતમંદો માટે વાપરીએ છીએ. ખાસ કરીને હોસ્પિટલમાં જઈએ. ત્યાં એડમિટ થયેલા દર્દીઓને ફળ આપીએ. એ લોકોને મોંઘા ફળ લેવા પોષાય નહીં તેથી અમે અંદર અંદર જ મિત્રો થોડા થોડા પૈસા કાઢીને સફરજન, ચીકુ, કેળા જેવા ફળ લઈને દરેક દર્દીને આપીએ. અમે બધાં પણ કાંઈ બહુ શ્રીમંત નથી, છતાં જેવી શક્તિ તેવી ભક્તિ કરીએ છીએ. ક્યારેક કોઈ એવાં દર્દીને મળવાનું થાય જે મ્યુનિસિપલ હોસ્પિટલમાં એડમિટ તો થઈ ગયા પણ દવા લાવવાના પૈસા એમની પાસે નથી હોતા તો એવાં દર્દી માટે અમે પૈસા ભેગાં કરીને એમને જેનરિક દવા લાવી આપીએ. જેનરિક દવા અમને સસ્તી પડે અને દર્દીનું પણ કામ થાય. કોઈવાર કોઈ દર્દીને દૂધની જરૂર હોય તો એની પણ વ્યવસ્થા કરીએ. આમ અમારાંથી જે કંઈ થઈ શકે તે અમે કરીએ છીએ.'

'અરે, આ તો બહુ સરસ કામ કરો છો તમે લોકો! હું પણ તાજેતરમાં જ રિટાયર્ડ થયો છું. હું પણ તમે કહ્યું તેમ શ્રીમંત નથી પણ મહેનત કરીને બે પૈસા કમાયો છું, તો મારા તરફથી નાનું મોટું યોગદાન તો આપી જ શકું છું. વળી મારી પાસે સમય જ સમય છે તો તમારી સાથે હોસ્પિટલ પણ આવીશ.' અનિલભાઈએ કહ્યું. બધાંએ એમની વાતને વધાવી લીધી.

અનિલભાઈને જિંદગી જીવવાની મજા આવવા લાગી. નિવૃત્ત થયા પછી કેમ સમય પસાર કરવાનો અને સમાજને ઉપયોગી થવાનો એમને યોગ્ય માર્ગ મળી ગયો. ■

# દસ્તાવેજો નહીં આપનાર સિવાયના ધારાવીના રહેવાસીઓને ડીઆરપી યોગ્ય યાદીમાં સમાવેશ

મુંબઈઃ ધારાવીના રહેવાસીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે કારણ કે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી) અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા તબક્કાવાર ડ્રાફ્ટ એનેક્ષર-ટૂ બહાર પાડવાનું શરૂ થઈ ગયું છે. ડીઆરપી દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, સેક્ટર ૬ (મેઘવાડી અને ગણેશ નગર) માટે પ્રકાશિત થયેલી આવી પહેલી યાદીમાં, ૭૫ ટકાથી વધુ ટેનામેન્ટ ધારકો પુનર્વિકાસ યોજના હેઠળ નવાં ઘરો માટે લાયક છે. બાકી રહેલા લોકોને વધારાની ચકાસણી અને માગેલા દસ્તાવેજોને આધારે પાત્રતા આપવામાં આવશે.

કુલ ૫૦૫ ટેનામેન્ટમાંથી, ૩૧ ટેનામેન્ટે હજુ સુધી કોઈ દસ્તાવેજો સબમિટ કર્યા નથી, ૧૩૭ કેસ ડીઆરપી દ્વારા ચકાસણી માટે બાકી છે અને બાકીના ૩૮ સમુદાયિક સુવિધાઓના માળખાં છે. બાકીના ૨૯૯ ટેનામેન્ટમાંથી, ૨૨૯ વિવિધ માપદંડો હેઠળ નવા ઘરો માટે લાયક હોવાનું જાણવા મળ્યું છે. બાકીના ૭૦ ટેનામેન્ટ તેમની પાત્રતાને માન્ય કરવા માટે વધારાના દસ્તાવેજો સબમિટ કરવાની પ્રક્રિયામાં છે.

ડીઆરપીના સીઈઓ એસવીઆર શ્રીનિવાસએ ખાતરી આપી હતી કે દરેક રહેવાસીને તેમની યોગ્યતા દરજ્જાના આધારે ધારાવીની અંદર કે બહાર ઘર મળશે. હું વધુ એકવાર કહેવા માંગુ છું કે ધારાવી રિડેવલપમેન્ટ એ એસઆરએના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી સમાવિષ્ટ પ્રોજેક્ટ છે, જ્યાં દરેક રહેવાસીને ઘર મળશે. એટલું જ નહીં, બધા વાણિજ્યિક એકમો, ભલે તે યોગ્ય હોય કે અયોગ્ય, તેમને ધારાવીની અંદર જ જગ્યા મળશે,'' શ્રીનિવાસે કહ્યું હતું.

તેમણે વધુમાં સમજાવ્યું કે પાત્રતા ધરાવતા વાણિજ્યિક એકમોને, કોઈપણ સંજોગોમાં, ધારાવીની અંદર મફત ઇન-સીટુ જગ્યાઓ મળશે. હકીકતમાં, ધારાવીની અંદર ભાડાના ધોરણે અયોગ્ય વાણિજ્યિક એકમોને સમાવવા માટે સરકારને દરખાસ્ત કરવામાં આવી છે. દરેક સોસાયટીમાં અનામત રાખેલી ૧૦ ટકા વાણિજ્યિક જગ્યા અયોગ્ય વાણિજ્યિક એકમોને ભાડાના ધોરણે આપી શકાય છે જેથી તેઓ ધારાવીમાં જ પોતાનું ગુજરાન ચલાવી શકે. અમે આ દરખાસ્ત પહેલાથી જ કરી દીધી છે,'' તેમ શ્રીનિવાસે કહ્યું હતું.

પરિશિષ્ટ-ટૂ ના ડેટા મુજબ, રહેણાંક, વાણિજ્યિક અને રહેણાંક/વાણિજ્યિક સહિત ૧૭૦ ગ્રાઉન્ડ ફ્લોર ટેનામેન્ટ્સ, બધા જ પાત્રતા માપદંડોને પૂર્ણ કરે છે અને ધારાવીની અંદર અથવા બહાર નવા ઘરો માટે હકદાર છે. આમાંથી, ૧૫૭ ટેનામેન્ટ્સ ૧ જાન્યુઆરી, ૨૦૦૦ પહેલા અસ્તિત્વમાં આવ્યા હતા, અને ધારાવીની અંદર ૩૫૦ ચોરસ ફૂટના ઘરો માટે હકદાર છે. બાકીના ૧૩ ટેનામેન્ટ્સને શશુલ્ક પાત્ર ગણવામાં આવે છે, એટલે કે તેઓ ૧ જાન્યુઆરી, ૨૦૧૧ પહેલા ધારાવીમાં સ્થાયી થયા પછી ધારાવીની બહાર ૩૦૦ ચોરસ ફૂટના ઘરો માટે હકદાર છે, જેની સબસીડાઇઝ કિંમત ૨.૫ લાખ રૂપિયા છે.

એક મહત્વપૂર્ણ પગલામાં, ઉપલા માળના ટેનામેન્ટ ધારકોનો સમાવેશ, જે સામાન્ય રીતે અન્ય બધી ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનાઓ હેઠળ ગેરલાયક ઠેરવવામાં આવે છે, તે વર્તમાન સરકાર અને ડીઆરપીના સમાવેશ માટેના વચનનું સાચું પ્રતીક છે. ■

# રાણીબાગમાં પેંગ્વિનો પાછળ ૨૫.૮૩ કરોડનું આંધણ

મુંબઈઃ ભાયખલામાં આવેલા વીરમાતા જીજાબાઈ ભોંસલે ઉદ્યાનમાં રાખવામાં આવેલા પેંગ્વિનો માટે છેલ્લા પાંચ વર્ષમાં ૨૫.૮૩ રૂપિયા કરોડ ખર્ચાયા છે. જોકે પ્રાણી સંગ્રહાલયની જાળવણી માટે કુલ ખર્ચ ૧૦૫.૫૯ કરોડ રૂપિયા થયો છે. આમ માત્ર પેંગ્વિનની પાછળ પ્રાણી સંગ્રહાલયના અધિકારીઓએ કુલ જાળવણી ખર્ચના લગભગ એક ચતુર્થાંશ ખર્ચ કર્યો છે.

મુંબઈના વીરમાતા જીજાબાઈ ભોંસલે ઉદ્યાનમાં હમ્બોલ્ટ પેંગ્વિનો નિઃશંકપણે સૌથી મોટું આકર્ષણ છે. જો કે, આ આકર્ષણ પ્રાણી સંગ્રહાલયના અધિકારીઓ માટે ભારે ખર્ચાળ સાબિત થઇ રહ્યુ છે. અધિકારીઓ દર વર્ષે પેંગ્વિનની જાળવણી પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરે છે. પ્રાણી સંગ્રહાલયના ડિરેક્ટરની ઓફિસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, પ્રાણી સંગ્રહાલયે છેલ્લા પાંચ વર્ષમાં પ્રાણી સંગ્રહાલયની જાળવણી પાછળ ૧૦૫.૫૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. જેમાં અનેક પ્રકારના ખર્ચનો સમાવેશ થાય છે અને પેંગ્વિનની જાળવણી માટે ૨૫.૮૩ કરોડ રૂપિયાની નોંધપાત્ર રકમ ખર્ચવામાં આવી છે. આ ઉપરાંત બગીચાઓના જાળવણી માટે ૩૧. ૨૦ કરોડ રૂપિયા, હાઉસકીપિંગ માટે ૨૭.૧૧ કરોડ રૂપિયા અને વ્યાપક સેવા જાળવણી કરાર માટે ૨૧.૪૮ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. ■

# ડોમ્બિવલીમાં યુવકે ગળાફાંસો ખાધો

## વ્હૉટ્સઍપ ચેટ્સને આધારે મહિલા વિરુદ્ધ આત્મહત્યા ભણી દોરી જવાનો ગુનો

થાણેઃ ડોમ્બિવલીમાં યુવકને આત્મહત્યા ભણી દોરવાના આરોપસર પોલીસે ૨૧ વર્ષની મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. બંને વચ્ચેના વ્હૉટ્સઍપ ચેટ્સમાં યુવકને જીવનનો અંત આણવા માટે મહિલાએ ઉશ્કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ડોમ્બિવલી પૂર્વના સાગાવ ખાતે વરચાપાડા વિસ્તારમાં રહેતા સાહિલ સહદેવ ઠાકુરે (૨૧) ૨૬ જૂને ઘરમાં ગળાફાંસો ખાધો હતો. માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સાહિલ ઠાકુર અને મહિલા એકબીજાને ઓળખતા હતાં. ઘટનાને દિવસે સાહિલના પરિવારજનો ધાર્મિક યાત્રા માટે શહેરની બહાર ગયા હતા અને સાહિલ ઘરમાં એકલો હતો.

પરિવારજનો પાછા ફર્યા ત્યારે સાહિલ ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. શરૂઆતમાં આત્મહત્યા પાછળનું કારણ જાણી શકાયું નહોતું, પણ પરિવારજનોએ બાદમાં સાહિલનો મોબાઇલ તપાસતાં તેમાં 'બબલી' નામની મહિલા સાથે તેની સંખ્યાબંધ વ્હૉટ્સઍપ ચેટ્સ મળી આવી હતી.

દરમિયાન રાજકીય પક્ષનો ભૂતપૂર્વ પદાધિકારી સોમવારે સાહિલના પરિવારજનો સાથે માનપાડા પોલીસ સ્ટેશનમાં આવ્યો હતો. તેમણે પોલીસને ચેટ રેકોર્ડ્સ બતાવ્યા હતા, જેમાં આત્મહત્યાના કલાકો અગાઉ પાડે ગામની મહિલા અને સાહિલ વચ્ચે કેટલીક વાંધાજનક વાતો થઇ હતી. પોલીસના જણાવ્યા અનુસાર સાહિલના મૃત્યુ અગાઉ મોડી રાતે બે વાગ્યાથી ૩.૧૫ વાગ્યા વચ્ચે મહિલા સાથે ફોન પર તેનો ઝઘડો થયો હતો.

સંદેશાઓમાં મહિલાએ કથિત રીતે સાહિલને કહ્યું હતું કે 'ઘરમાં કોઇ નથી. ગળાફાંસો ખાઇ લે. નવી સાડી નહીં, જૂની સાડીનો ઉપયોગ કર.' સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સંદીપન શિંદેએ પુષ્ટિ આપી હતી કે ચેટ્સની તપાસ કરવામાં આવી હતી અને તે ગંભીર સ્વરૂપની હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારજનોએ આપેલા ડિજિટલ પુરાવા અને તેમની ફરિયાદને આધારે પોલીસે સોમવારે મહિલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ દ્વારા નેક્સ્ટ-જેન રેડિયેશન ટેક સાથે કૅન્સરની સારવાર

**Radixact® સિસ્ટમ અપનાવતા હૉસ્પિટલે કેન્સરની સારવારમાં વૈશ્વિક માપદંડો સ્થાપે છે**



મુંબઈઃ મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ અત્યાધુનિક Radixact® ટ્રીટમેન્ટ ડિલિવરી સિસ્ટમ સાથે તેની રેડિયેશન થેરાપીને અપગ્રેડ કરીને તેની કેન્સર સારવાર ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કર્યાની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે.

આ અત્યાધુનિક ટેક્નોલોજી કેન્સરની સારવારમાં વધુ ચોક્સાઇ, સુરક્ષા અને ઓછી આડ અસર દ્વારા દર્દીઓ માટેનાં પરિણામોમાં સુધારો કરીને ઓન્કોલોજીમાં હૉસ્પિટલની લીડરશિપને મજબૂત બનાવે છે. Radixact® સિસ્ટમનો ઉમેરો કોકિલાબેન હૉસ્પિટલની વ્યાપક કેન્સર કેર ઓફરિંગને મજબૂત બનાવે છે અને નવી પેઢીના ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શરીરના અંગો મુજબની સબ-સ્પેશિયાલિટી નિપુણતા અને વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક થયેલા પ્રોટોકોલ્સના શક્તિશાળી મિશ્રણને એક જ છત હેઠળ લાવે છે.

Radixact® સિસ્ટમ રેડિયેશન થેરાપીમાં નોંધપાત્ર સુધારો છે જે તંદુરસ્ત કોષસમૂહમાં એક્સપોઝર ઓછું કરે તેવી ચોક્સાઇપૂર્વકની સારવાર પૂરી પાડે છે. બિલ્ટ-ઇન સીટી સ્કેનર સાથે સજ્જ હોવાથી તે રિયલ-ટાઇમ ઇમેજિંગ પૂરી પાડે છે, જેથી એ સુનિશ્ચિત થઈ શકે કે ગાંઠ સમગ્ર સારવાર દરમિયાન સાચી જગ્યાએ રહે. આ સિસ્ટમ વર્સેટાઇલ છે અને શરીરના વિવિધ ભાગોમાં વિવિધ પ્રકારના કેન્સરની સારવાર કરવા માટે સક્ષમ છે. તેની સિન્ક્રોની ટેક્નોલોજી શરીરની હિલચાલ મુજબ અનુરૂપ થઈ જાય છે અને શ્વાસોચ્છવાસ દરમિયાન પણ ચોક્સાઇ જાળવી રાખે છે. આ અભિગમ દર્દીઓ માટે સુરક્ષિત અને વધુ અસરકારક સારવાર અનુભવ સુનિશ્ચિત કરે છે. તે ૩૦૦થી વધુ નોંધપાત્ર અનુભવ ધરાવતા અને વિશ્વના જાણીતા મલ્ટીડિસિપ્લિનરી કેન્સર સ્પેશિયાલિસ્ટ્સની ટીમ દ્વારા સમર્થિત છે. આ ઉપરાંત Radixact® સિસ્ટમથી સારવાર દરમિયાન દર્દીની શારીરિક રચના અથવા ગાંઠની જગ્યામાં થતા ફેરફારને અનુકૂળ થવાની તેની ક્ષમતા સાથે ગાંઠને શ્વાસ લેવાની પ્રક્રિયા સાથે પણ વધુ સચોટ રીતે લક્ષ્ય બનાવી શકાય છે.

# અશ્લીલ ચેનચાળા કરનારા પડોશીનો વીડિયો ઉતારી બાળકીએ પાઠ ભણાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અશ્લીલ ચેનચાળા કરનારા ૬૫ વર્ષના વૃદ્ધ પડોશીને ૧૨ વર્ષની બાળકીએ બરાબરનો પાઠ ભણાવ્યો હોવાની ઘટના પરેલ વિસ્તારમાં બની હતી. પડોશીની હરકતની ફરિયાદ માતાએ કાને ન ધરતાં બાળકીએ જ તેનો વીડિયો બનાવ્યો હતો, જેને આધારે પોલીસે વૃદ્ધની ધરપકડ કરી હતી.

આ પ્રકરણે બાળકીની માતાએ એન. એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર આરોપી પોસ્ટ ઑફિસમાં કામ કરતો હતો અને હાલમાં નિવૃત્ત છે. બાળકીનો પરિવાર બિલ્ડિંગના બીજા માળે રહે છે અને આરોપી પણ એ જ માળનો રહેવાસી છે.

ફરિયાદમાં જણાવાયું હતું કે પહેલી વાર મે મહિનામાં આ ઘટના બની હતી. બાળકી કોમન પેસેજમાં ઊભી હતી ત્યારે તેને જોઈને આરોપીએ અશ્લીલ ચેનચાળા કર્યા હતા. એ સિવાય પડોશના જ એક ઘરમાં બાળકી ટ્યૂશને ગઈ હતી ત્યારે આરોપીએ તેના પગને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. બાળકીએ આ વાતની જાણ માતાને કરી હતી, પરંતુ માતાએ તેને ગંભીરતાથી લીધી નહોતી. પરિણામે બાળકીએ જ પડોશીને પાઠ ભણાવવાનું નક્કી કર્યું હતું.

તાજેતરમાં આરોપીએ ફરી શરમજનક કૃત્ય કરતાં બાળકીએ મોબાઈલ ફોનથી તેનો વીડિયો ઉતારી લીધો હતો. વીડિયો ક્લિપ જોઈ માતાને આઘાત લાગ્યો હતો. પતિ સાથે ચર્ચા કર્યા બાદ માતાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસે આરોપીની ધરપકડ કર્યા બાદ નોટિસ બજાવી તેને છોડ્યો હતો. આરોપીએ અન્ય કોઈ બાળકી સામે આવા ચેનચાળા કર્યા છે કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

# હિજાબ પર પ્રતિબંધઃ એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલને ધમકી

છત્રપતિ સંભાજી નગરઃ છોકરીઓને હિજાબ પહેરવાની મંજૂરી ન આપવા બદલ છત્રપતિ સંભાજી નગરની સ્થાનિક એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલને ધમકી આપવાના આરોપસર છ અજાણ્યા શખસ સામે ગુનાહિત ધાકધમકીનો કેસ નોંધવામાં આવ્યો છે. જોકે, કોલેજ સત્તાવાળાઓએ આ પ્રકારનો કોઈ પ્રતિબંધ હોવાનો ઇનકાર કરતાં કહ્યું હતું કે માત્ર પરીક્ષા દરમિયાન જ નિયંત્રણ લાદવામાં આવ્યા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના સોમવારે પીપલ્સ એજ્યુકેશન સોસાયટીની એન્જિનિયરિંગ કોલેજમાં બની હતી જેના કારણે પ્રિન્સિપાલ અભિજિત વાડેકરે કેન્ટોનમેન્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ દાવો કર્યો હતો કે પરીક્ષા ચાલી રહી હતી ત્યારે બપોરે ૧.૪૫ વાગ્યાની આસપાસ છ પુરુષનું એક જૂથ કોલેજમાં પ્રવેશી 'તમે અમારા લોકોને હિજાબ પહેરવાની મંજૂરી કેમ નથી આપતા' એવો સવાલ કર્યો હતો. સૂત્રોચ્ચાર કરતી વખતે તેમણે કથિત રીતે અપશબ્દોનો ઉપયોગ કરી ધમકી પણ આપી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારે બીએનએસની કલમ ૧૮૯ (૨) (ગેરકાયદે એકઠા થવું), ૩૩૩ (અતિક્રમણ), ૩૫૨ (શાંતિ ભંગ કરવા માટે ઇરાદાપૂર્વક અપમાન) અને ૩૫૧ (ગુનાહિત ધાકધમકી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. તપાસ ચાલી રહી છે. (પીટીઆઈ)■

# હાંકી કઢાયેલા ભૂતપૂર્વ પ્રધાન રાજેન્દ્ર મુલકને કૉંગ્રેસે ફરી પક્ષમાં લીધા

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસે એક મોટો નિર્ણય લેતા,પૂર્વ પ્રધાન રાજેન્દ્ર મુલકનું પાર્ટીમાંથી સસ્પેન્શન રદ કર્યું છે. આ પછી, મુલક ફરીથી કોંગ્રેસમાં જોડાયા છે. મહારાષ્ટ્ર કોંગ્રેસે મુલકની પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથેની મુલાકાતનો એક ફોટો પણ ઇન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે.

આ સાથે, પાર્ટીએ લખ્યું, 'દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નીથલાની હાજરીમાં આજે વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને ભૂતપૂર્વ પ્રધાન રાજેન્દ્ર મુલકનું સસ્પેન્શન ઔપચારિક રીતે પાછું ખેંચી લેવામાં આવ્યું. આ પ્રસંગે, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે મુલકનું પાર્ટીમાં પુનરાગમન પર સ્વાગત કર્યું અને સત્તાવાર રીતે સસ્પેન્શન પાછું ખેંચવાની જાહેરાત કરી. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના સેક્રેટરી બી.એમ. સંદીપ અને કુણાલ ચૌધરી પણ હાજર રહ્યા હતા. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી દરમિયાન ભૂતપૂર્વ પ્રધાન રાજેન્દ્ર મુલકને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. રામટેક બેઠક ખટઅ માં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુટીબી)ને ફાળવવામાં આવી હતી. આમ છતાં, તેઓ રામટેક બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા.

એકનાથ શિંદેની શિવસેનાના નેતા આશિષ જયસ્વાલ રામટેક બેઠક પરથી જીત્યા. અપક્ષ ઉમેદવાર મુલક બીજા સ્થાને રહ્યા હતા. શિવસેના (યુબીટી) ઉમેદવાર વિશાલ બારબેટે ત્રીજા સ્થાને રહ્યા હતા.

જયસ્વાલને ૧,૦૭,૯૬૭ મત મળ્યા. મુલકને ૮૧,૪૧૨ મત મળ્યા અને વિશાલને ૫,૫૦૧ મત મળ્યા. જયસ્વાલે ૨૦૧૯ ની ચૂંટણીમાં અપક્ષ તરીકે ચૂંટણી લડી અને જીત મેળવી હતી. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| गंज | અગાશી |
| गंडा | કાટ |
| गच्ची | મંતરેલો દોરો |
| गदारोळ | કમ્પ્યુટર |
| गणकयंत्र | શોરબકોર |

### ઓળખાણ પડી?

લગ્ન નહોતા કરવા એટલે ૧૮ વર્ષની ઉંમરે ઘરેથી ભાગી ગયેલી ને પેરિસમાં ફેશન ઈન્ડસ્ટ્રીમાં નામના મેળવનારી યુવતીની ઓળખાણ પડી?

અ) સુરેખા આચરેકર
બ) વૈશાલી શડાંગુળે
ક) મીના સરપોતદાર
ડ) આરતી બર્વે



### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના સસરાના એકમાત્ર વેવાઈના એકમાત્ર પુત્રવધૂની દીકરીના મામા પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાઈ બ) સાઢુભાઈ ક) સાળો ડ) ભાણેજ

### જાણવા જેવું

ફૂલ અનેક આકાર તથા પ્રકારનાં હોય છે. ફૂલોનો ઉપયોગ બહુ પ્રાચીન કાળથી શોભા અને સુગંધને માટે થતો આવ્યો છે. દુનિયામાં તેલ, અત્તર વગેરે સુગંધી દ્રવ્ય મોટે ભાગે ફૂલેમાંથી જ તૈયાર થયા છે. સુકુમારતા, કોમળતા અને સૌંદર્ય માટે ફૂલ બધા દેશના કવિઓમાં સુપ્રસિદ્ધ છે.

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં સાપને રહેવાનું ઘર શોધી કાઢો

પાંદડાંવાળી શાખાને છેડે નીકળેલો સુંદર અંકુર શોભા વધારે છે.

### નોંધી રાખો

મિત્ર કેવો હોવો જોઈએ? શેરી મિત્રો સો મળે, તાળી મિત્રો અનેક, સુખ દુઃખમાં સંગ રહે તે લાખોમાં એક.

### માઈન્ડ ગેમ

અંગત સ્વાર્થ માટે યુએસએ યુક્રેનમાં ઉપલબ્ધ રેર અર્થ એલિમેન્ટ પર કબજો મેળવવા માગે છે. રેર અર્થ એલિમેન્ટ જણાવો.

અ) આર્ગોન બ) ટીટેનિયમ
ક) બેરિયમ ડ) ફોસ્ફરસ

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| तोंड | મોઢું |
| मान | ડોક |
| कोपर | કોણી |
| मनगट | કાંડું |
| बोट | આંગળી |

ગુજરાત મોરી મોરી રે
ભાભી

ઓળખાણ પડી?
રેખા ગુપ્તા

માઈન્ડ ગેમ
સોડિયમ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
વાન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્રો | ત્સા | ૨ હ | ન | | ૩ વિ | ૪ ન | ય | ૫ ભં | ૬ ગ |
| ગ્રા | | ર | | ૭ અં | ચ | ઇ | | ૮ ગા | જ |
| ૯ મ | ૧૦ ર | ણ | | ૧૧ ત | ર | | ૧૨ પ | ર | બ |
| | મ | | ૧૩ વ | ર્ગ | વા | ર | | | ના |
| ૧૪ વ | ત | | ૧૫ છો | ત | | | ૧૬ વા | ૧૭ હ | ક |
| ૧૮ ન | વા | ટ ણિ | યા | | ૧૯ એ | ૨૦ કં | દ | રે | |
| ૨૧ સં | ત | | | ૨૨ દ | | ૨૩ ગા | ળ | | ૨૪ આ |
| ર | | ૨૫ અં | ૨૬ ત | રિ | યા | ળ | | ૨૭ રા | વ |
| ૨૮ ક્ષ | ૨૯ મા | | ૩૦ મા | યા | | | ૩૧ અ | વ | શ્ય |
| ૩૨ ક | લ | મ | | ૩૩ ઇ | સ | રા | જ | | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | | ૫ |
| | | | | ૬ | ૭ | | | | |
| | | | ૮ | | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | ૧૨ | | ૧૩ | | | ૧૪ | | |
| | ૧૫ | | | | | ૧૬ | | | |
| ૧૭ | | | | ૧૮ | | | | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | ૨૩ | |
| | | ૨૪ | | | | | | ૨૫ | |
| ૨૬ | | | | | | ૨૭ | | | |
| | | ૨૮ | | | | | | ૨૯ | |

**આડી ચાવી**

૧. પોતાની શક્તિ પર ભરોસો (૫)
૪. બધાથી ચડિયાતું (૪)
૬. 'વ' અક્ષર કે તેનો ઉચ્ચાર (૩)
૮. 'સબ સલામત'નો પોકાર (૪)
૯. ક્રિકેટરો દોડી દોડીને લઈ લે (૨)
૧૦. કમાનાર (૩)
૧૩. આ ---માં તેલ નથી (૨)
૧૪. કાબેલિયત (૩)
૧૫. બધો સામાન અહીં નાખો (૩)
૧૬. --- પૂજ્યાં એટલે આજ્ઞાંકિત થઈ રહેવું (૩)
૧૭. તેજસ્વી, ચોખ્ખી, નિર્મળ (૩)
૧૮. દોહદ, ઈચ્છાઓ, અબળખા (૪)
૨૦. દાખલા તરીકે (૨)
૨૧. --- જપવા એટલે વારંવાર યાદ કરવું (૨)
૨૨. હકીકત, ખરેખરું, વાજબી (૪)
૨૪. આગંતુક (૪)
૨૫. બ્રહ્માનો એક દિવસ, સંકલ્પ (૩)
૨૬. --- રમાડે રામ - ગુ.ફિલ્મ (૩)
૨૭. સુંદર હાસ્યવાળી (૪)
૨૮. હનુમાનજી (૫)
૨૯. નક્કી (૨)

**ઊભી ચાવી**

૧. જરૂરી (૪)
૨. જ્ઞાન, વિજ્ઞાન, શાસ્ત્ર (૨)
૩. સગવડ, સોઈ (૪)
૪. સહેલું, સીધું (૩)
૫. મોટાપણું (૪)
૭. હોશિયાર, કુશળ (૩)
૯. રખવાળી, બચાવ, પાલન (૩)
૧૧. સંભાળ, જતન, બરદાસ્ત (૪)
૧૨. જૂની વાતો ---ને શું કરશો? (૩)
૧૪. પ્રસ્તાવ, અરજી (૪)
૧૬. તમારી બુદ્ધિ --- ગઈ છે? (૩)
૧૭. દાખલા તરીકે (૫)
૧૮. પોતાપણું (૫)
૧૯. વિચાર્યું પણ ના હોય એવું (૫)
૨૧. એક અનાજ (૨)
૨૩. ખીલેલું (૪)
૨૪. તાપ (૩)
૨૭. તાંતણો, નિયમ, ટૂંકું વાક્ય (૨) (જો.છૂ.)

### સુડોકુ-૯૦૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૫ | ૨ | | ૪ | ૧ | | ૯ |
| ૪ | ૧ | | | | | | ૫ | ૮ |
| ૨ | | | | | | | | ૪ |
| | | ૧ | | ૬ | | ૪ | | |
| | | | ૮ | | ૭ | | | |
| | | ૩ | | ૪ | | ૫ | | |
| ૮ | | | | | | | | ૬ |
| ૯ | ૬ | | | | | | ૨ | ૫ |
| ૧ | | ૭ | ૬ | | ૨ | ૮ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૪ | ૮ | ૧ | ૭ | ૩ | ૨ | ૫ |
| ૧ | ૮ | ૩ | ૫ | ૨ | ૪ | ૭ | ૬ | ૯ |
| ૭ | ૫ | ૨ | ૩ | ૬ | ૯ | ૪ | ૧ | ૮ |
| ૪ | ૧ | ૭ | ૨ | ૩ | ૫ | ૯ | ૮ | ૬ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૮ | ૧ | ૨ | ૫ | ૭ |
| ૫ | ૨ | ૮ | ૭ | ૯ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૮ | ૪ | ૧ | ૯ | ૫ | ૩ | ૬ | ૭ | ૨ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૮ | ૫ | ૪ | ૩ |
| ૩ | ૭ | ૫ | ૬ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ |

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નયના ભટ્ટ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) પુષ્પા પટેલ (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) શીરીન ઔરંગાબાદવાલા (૧૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નયના ગિરીશ મિસ્ત્રી (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) અલકા વાણી - સિડની (૨૬) પ્રવીણ વોરા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) મહેશ દોશી (૨૯) વિણા સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) પુષ્પા ખોના (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) રમેશ દલાલ (૪૦) ડાયના સંતોકે (૪૧) દીપિકા ઉદેશી (૪૨) સુરેશ ઉદેશી (૪૩) નિતીન જયંતિલાલ બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) ધીરેન્દ્ર ઉદેશી (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) અરવિંદ કામદાર (૫૦) અંબરીષ ઓઝા (૫૧) શીરીષ ઉદેશી

## અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ઉડાવવાની ધમકી આપતા ત્રણ ત્રણ ઇમેલ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં આવેલા વિશ્ર્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમને બૉમ્બથી ઉડાવી દેવાના ફરી એક વખત ધમકીભર્યા ઇમેલ મળ્યા હતા. ગુજરાત ક્રિકેટ એસો.ના એડમિન મેનેજર તેજસ મહેતાએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમને બ્લાસ્ટ કરીને ઉડાવી દેવાની ધમકી આપતા ત્રણ ઇમેલ મળ્યા હોવાની ફરિયાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં નોંધાવી હતી. તેજસ મહેતાએ એવી ફરિયાદ નોંધાવી હતી કે, ગુજરાત ક્રિકેટ એસો.ના ઓફિશિયલ ઇમેલ આઇડી પર ૧૩ મેના રોજ એક ઇમેલ આવ્યો હતો. જે પ્રભાકર દિવીજવાળા ઇમેલ આઇડી પરથી આવ્યો હતો. તેમાં બોમ્બથી સ્ટેડિયમને ઉડાવી દેવાની ધમકીવાળા ઇમેલ કરવાની જવાબદારી સ્વીકારવા ઉપરાંત હૈદરાબાદની હોટલમાં દિવીજે યુવતી પર રેપ કર્યો છે અને તેને પોલીસ પકડતી ન હોવાથી પોલીસનું ધ્યાન દોરવા આ ઇમેલ કરવામાં આવ્યો છે. આવા ત્રણ ઇમેલ ગુજરાત ક્રિકેટ એસો.ને મળ્યા હોવાની તેજસ મહેતાએ ફરિયાદ કરતાં પોલીસે વધુ તપાસ આદરી છે. રેનીએ જુદી જુદી સ્કૂલમાં પણ આવા ઇમેલ કર્યા હોવાથી પોલીસ તેની તપાસ કરી રહી છે. સાયબર ક્રાઇમે જ્યારે રેનીની પૂછપરછ કરી ત્યારે તેણે રથયાત્રા અંગે પણ આવો ઇમેલ કરવાની તૈયારી કરી હતી, પરંતુ તે પહેલાં પોલીસે તેને પકડી લીધી છે તેવી કેફિયત રજૂ કરી હતી.

## ₹ ૧૩ કરોડના છેતરપિંડીના કેસમાં વોન્ટેડ બીરજુ સલ્લા ગુજરાત પોલીસના સકંજામાં

અમદાવાદ: શહેર ક્રાઈમ બ્રાન્ચે એક મોટી અને મહત્ત્વપૂર્ણ કાર્યવાહીમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા નોંધાયેલા કેસનો કુખ્યાત દોષિત બીરજુ સલ્લાને દબોચી લીધો હતો. પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલ્લિક અને જોઈન્ટ પોલીસ કમિશનર શરદ સિંઘલના સીધા માર્ગદર્શન હેઠળ, ડીસીપી અજિત રાજિયાણના નેતૃત્વમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ મેહુલ ચૌહાણ અને તેમની ટીમ દ્વારા બીરજુ સલ્લાની સઘન પૂછપરછનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, બીરજુ સલ્લા બૉમ્બ ધડાકા, વિમાન હાઈજેક કરવાની ધમકી અને અન્ય ગંભીર ગુનાઓમાં દોષિત સાબિત થયેલો આરોપી છે. આ ઉપરાંત, તેની મહારાષ્ટ્રમાં ચાલી રહેલા એક મોટા પોન્ઝી કૌભાંડમાં પણ સંડોવણી હોવાનું મનાય છે, અને તે આ કૌભાંડ સંબંધે પણ વોન્ટેડ હતો.

મહારાષ્ટ્ર પોંઝી કૌભાંડમાં વોન્ટેડ બીરજુ સલ્લાને ૧૩ કરોડ રૂપિયાનું સોનું અને હીરા પરત ન કરીને ઝવેરી સાથે છેતરપિંડી કરવાના આરોપમાં અજ્ઞાત સ્થળેથી અટકાયતમાં લેવામાં આવ્યો હતો. ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સલ્લાની પૂછપરછ કરવામાં આવી રહી છે. તે મહારાષ્ટ્ર પોંઝી કૌભાંડમાં 'વોન્ટેડ' હતો. તેને અગાઉ વિમાન અપહરણ કરવાની ધમકી આપવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો (અને બાદમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો). ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ક્રાઇમ) અજિત રાજિયને જણાવ્યું હતું કે, મુંબઈના તારદેવનો રહેવાસી સલ્લા સામે ગયા મહિને નોંધાયેલા છેતરપિંડીના કેસમાં પણ તે ફરાર છે. ૧૦ જૂનના રોજ નોંધાયેલી એફઆઈઆર મુજબ, સલ્લાએ ઉછીના લીધેલા સોનું, ચાંદી અને હીરા પરત ન કરીને એક ઝવેરીને ૧૩ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. તે કેસમાં તેની ક્યારેય ધરપકડ કરવામાં આવી ન હતી. મુંબઈની એક કોર્ટે તાજેતરમાં સલ્લાની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

પોલીસ સૂત્રો દ્વારા એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, બીરજુ સલ્લા અફવાઓ ફેલાવવામાં પણ ખૂબ માહિર છે. તેની ધરપકડથી આવા ગુનાહિત કાવતરાં અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ અંગે અનેક રહસ્યો બહાર આવવાની શક્યતા છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે સત્તાવાર વિગતો આજે ગુરૂવારે જાહેર કરવામાં આવે તેવી સંભાવના છે.

## મુખ્ય પ્રધાને ઈકો ફ્રેન્ડલી રિયુઝેબલ ગ્લાસ વોટર બોટલિંગ ફેસેલિટીનો પ્રારંભ કરાવ્યો

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સચિવાલય કેમ્પસમાં ઇકો ફ્રેન્ડલી રિયુઝેબલ ગ્લાસ વોટર બોટલિંગ ફેસીલીટીનો પ્રારંભ કરાવ્યો હતો. સચિવાલય અને વિધાનસભા કેમ્પસમાં હવે આ ફેસિલિટી અંતર્ગત પ્લાસ્ટિક બોટલને બદલે કાચની બોટલમાં સખી નીરના બ્રાન્ડ નેમથી પીવાનું પાણી આપવામાં આવશે. સચિવાલય કેમ્પસમાં સખી નીરનો આ પ્લાન્ટ 'મા' નર્મદા એકતા મહિલા મંડળ દ્વારા સંચાલિત થયો છે. ભૂપેન્દ્ર પટેલે વન-પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ પ્રધાન મૂળુભાઈ બેરા, રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલ અને ભીખુસિંહ પરમારની ઉપસ્થિતિમાં આ પ્લાન્ટનો નવા સચિવાલય બ્લોક નંબર-૧૩ના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પ્રારંભ કરાવ્યો હતો. આ પ્લાન્ટ કાર્યરત થતાં સચિવાલય કેમ્પસમાં દરરોજ ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક બોટલનો વપરાશ બંધ કરીને હવે નજીવા દરે કાચની બોટલમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવવાને કારણે પ્લાસ્ટિક વેસ્ટમાં પણ ઘટાડો થશે. ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં નેટ ઝિરો સંકલ્પને પાર પાડવાની પ્રતિબદ્ધતા સાથે સચિવાલય સંકુલમાં પણ કાચની બોટલમાં પાણી માટેનો આ સખી નીર પ્લાન્ટ શરૂ થયો છે. આ ઉપરાંત કાચની બોટલના પરિવહન માટે જે ઈ-રિક્ષાનો ઉપયોગ થવાનો છે તેને પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ફ્લેગ ઑફ કરાવ્યું હતું. ભૂપેન્દ્ર પટેલે આ સખી નીર પ્લાન્ટ કાર્યરત કરાવતા સંચાલક સખી મંડળની બહેનો અને ટૅકનોલૉજી ડેવલપર સ્ટાર્ટઅપ્સ સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

## નવા સ્થાપિત બેગ વેલ્ડિંગ મશીનો દ્વારા અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ કાપડની બેગનું વિતરણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પર્યાવરણને બચાવવાના પ્રયાસોમાં એક મહત્ત્વનું પગલું એટલે પ્લાસ્ટીક બેગના વપરાશને ઓછું કરવું. ગત વર્ષે રાજ્યના વિવિધ જાહેર સ્થળો પર પ્લાસ્ટિક બેગનો વપરાશ ઘટાડવા બેગ એટીએમ મૂકવાના મહત્ત્વના પર્યાવરણલક્ષી નિર્ણય બાદ માત્ર ૨૦૦ દિવસમાં એક લાખથી વધુ નાગરિકોએ કાપડની થેલીનો ઉપયોગ કરીને પર્યાવરણ બચાવવાના સંકલ્પને ખરા અર્થમાં ચરિતાર્થ કર્યો છે.

આ વર્ષે વિશ્ર્વ પર્યાવરણ દિવસ ૫ જૂનના રોજ પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનને વધુ વેગ આપવાં ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં રાજ્ય સરકારે અનેકવિધ નવીન પ્રયાસો શરૂ કર્યા છે. જેના ભાગરૂપે હવે રાજ્યના મંદિરોમાં કાપડની થેલીમાં પ્રસાદની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

રાજ્યના મહત્ત્વના મંદિરો જેમ કે અંબાજી, સોમનાથ, દ્વારકા, શામળાજી, સાળંગપુર, ઇસ્કોન મંદિર સહિતના કુલ ૧૩ મંદિર પર ૩૦ મશીન મૂકવામાં આવ્યાં છે. આ મશીન મૂકવાથી મંદિરની મુલાકાતે આવતા શ્રદ્ધાળુઓને કાપડની થેલીમાં જ પ્રસાદ મળી રહે છે. આ મશીનમાં પાંચ અથવા ૧૦ રૂપિયાનો સિક્કો નાખીને અથવા તો ક્યુઆર કોડ સ્કેન કરીને કાપડની થેલી મેળવી શકાય છે.

વિશ્ર્વ પર્યાવરણ દિવસ, ૫ જૂન ૨૦૨૫ના રોજ ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા મહાત્મા મંદિર ખાતેથી વધુ ૨૬૦ કાપડની બેગના વેન્ડિંગ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવા સ્થાપિત બેગ વેલ્ડિંગ મશીનો દ્વારા અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ કાપડની બેગનું વિતરણ કરવામાં આવ્યું છે. આ પહેલના ભાગરૂપે, રાજ્યના મહત્ત્વના જાહેર સ્થળોએ વિશેષ એટીએમ મશીન મૂકવામાં આવ્યા છે, જેમાંથી કાપડની થેલી મેળવી શકાય છે.

આ ઉપરાંત અમદાવાદ તથા સુરત ખાતે બજારો, યાત્રાધામો, હૉસ્પિટલ અને જાહેર બગીચાઓમાં પણ આ મશીનો મુકવામાં આવ્યા છે. અમદાવાદ ખાતે ૨૦ જેટલી હૉસ્પિટલોમાં પેપર બેગના વેન્ડિંગ મશીન પણ મૂકવામાં આવ્યા છે, જેથી હૉસ્પિટલની મેડિકલ શોપ પરથી પેપરની બેગ પણ મળી શકે. આ બાબતે મોનિટરિંગ માટે 'પ્રતિજ્ઞા લાઇવ ડેશબોર્ડ' પણ વિકસાવવામાં આવ્યું છે, જેમાં કાપડના બેગ વિતરણના મશીનોની લાઇવ માહિતી મેળવી શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્ર્વમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગની નિર્ભરતા ઘટાડવા માટે દર વર્ષે ૩ જુલાઈને વિશ્ર્વ પ્લાસ્ટિક બેગ મુક્તિ દિવસ તરીકે ઉજવાય છે.

## રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે બેગલેસ ડે, ૫ જુલાઈથી અમલ: ઈતર પ્રવૃત્તિ કરાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે નો સ્કૂલ બેગ ડેની અમલવારી કરવાનો ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારના આ નિર્ણયથી શનિવારે વિદ્યાર્થીઓને શાળામાં બેગ લઈ જવામાંથી મુક્તિ મળશે. દર શનિવારે બેગલેસ ડે અંતર્ગત પ્રવૃત્તિઓ શાળામાં કરાવવામાં આવશે. ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં આવતા શનિવાર ( ૫ જુલાઈ)થી નો સ્કૂલ બેગનો અમલ થશે.

ન્યુ એજ્યુકેશન પોલિસી(એનઈપી) ૨૦૨૦ અને એનસીએફ-એસઈ ૨૦૨૩ મુજબ સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓનાં ધોરણ ૧ થી ૮નાં બાળકોના મનોશારીરિક વિકાસ તેમજ રમત-ગમત, શારીરિક કસરતો, યોગ, સૂર્યનમસ્કાર, ચિત્ર, બાલસભા, સંગીત વગેરે બાબતોનો સમાવેશ કરવા માટે તેમ જ બેગલેસ ડે અને આનંદદાયી શનિવારની પ્રવૃત્તિઓ દર શનિવારે કરવાના આદેશ અપાયા છે.

ન્યુ એજ્યુકેશન પોલીસીના નો સ્કુલ બેગ ડેના નિયમ મુજબ, દરેક પ્રાથમિક શાળામાં શનિવારે વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ વગર બોલાવવામાં આવશે અને શૈક્ષણિક પ્રવૃત્તિ કરતા વધુ ધ્યાન ઈતર પ્રવૃત્તિ ઉપર ધ્યાન રાખવામાં આવશે. અને આ ઈતર પ્રવૃત્તિ દ્વારા બાળકોનો વિકાસ એ સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આ નિયમ એ નવી એજ્યુકેશન પોલિસીમાં દાખલ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવી શિક્ષણ નીતિ મુજબ શિક્ષણ વિભાગે હવે ગુજરાતની પ્રાથમિક શાળામાં દર શનિવારે બેગલેસ ડે ઉજવવાનો નિર્ણય કર્યો છે. જો કે, રાજ્યની અનેક સરકારી અને ખાનગી શાળાઓ સ્વૈચ્છિક રીતે અઠવાડિયામાં એક દિવસ અથવા મહિનામાં એક દિવસ બેગલેસ ડે રાખતી હોય છે. જેમાં વિદ્યાર્થીઓને શિક્ષણથી અલગ ઈતર પ્રવૃતિઓ કરાવાતી હોય છે. જો કે, હવે રાજ્ય સરકારના પરિપત્ર બાદ દરેક પ્રાથમિક શાળાઓમાં શનિવારે બેગલેસ ડેનો અમલ થશે.

## રાજ્યમાં ૪૦,૦૦૦ શિક્ષકોની ઘટ, ૬,૯૨૧ સ્કૂલો મેદાનવિહોણી: કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે આવતા શનિવાર ( ૫ જુલાઈ)થી બેગલેસ ડે ઉજવવાની જાહેરાત કરી છે, ત્યારે કૉંગ્રેસે સરકાર પર ગંભીર આક્ષેપ કર્યો હતો કે સાચી સ્થિતિ એ છે કે છેલ્લાં ૧૫ વર્ષથી રાજ્યમાં ચિત્ર, સંગીત અને વ્યાયામના ૪૦ હજાર શિક્ષકોની ભરતી જ કરવામાં આવી નથી અને ૬,૯૨૧ સ્કૂલોમાં મેદાન પણ નથી તો વિદ્યાર્થીઓ વધારાની પ્રવૃત્તિઓ કેવી રીતે કરી શકશે.

કૉંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ આ પરિસ્થિતિ પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે, ભાર વગરના ભણતરનો વિચાર સુંદર છે, પણ જે શાળામાં શિક્ષકો જ નથી, મેદાન જ નથી, ત્યાં વિદ્યાર્થી કઈ રીતે બેગલેસ ડે ઉજવશે. રાજ્યમાં ૪૦,૦૦૦ જેટલી શિક્ષકોની જગ્યા ખાલી છે પણ નવી ભરતી યોજાતી નથી. રાજ્યમાં ૬૯૨૧ જેટલી પ્રાથમિક શાળાઓ પાસે મેદાન જ નથી, ત્યારે આવા દિવસો પર વિદ્યાર્થીઓ કઈ રીતે રમતગમત અને શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

કોમ્પ્યુટર શિક્ષકોની પણ વર્ષોથી ભરતી બંધ છે અને વર્ચુઅલ શિક્ષણના દાવાઓ અધૂરા છે. પ્રવેશોત્સવના નામે કરોડોની જાહેરાતો થાય છે, પણ શિક્ષકોની ભરતી માટે ક્યારેય ઉત્સવ યોજાતો નથી.

બેગલેસ દિવસથી વિદ્યાર્થીઓને બેગના ભારથી એક દિવસ રાહત મળે, પણ વાલીઓના ખભા પરથી ઊંચી ફીનો ભાર ક્યારે ઊતરશે તેવો સવાલ તેમણે કર્યો હતો.

## મનસુખ સાગઠિયા સામે મની લોન્ડરિંગની તપાસ થશે, ઈડીએ રાજકોટ મનપા પાસે મંજૂરી માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં મુખ્ય સહઆરોપી અને મનપાના પૂર્વ ટાઉન પ્લાનિંગ અધિકારી મનસુખ સાગઠિયાની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. જેમાં અનેક એજન્સીઓ ગુના નોંધ્યા બાદ હવે ઇડી પણ મેદાનમાં આવી છે, ૨ જુલાઈ બુધવારના રોજ મનસુખ સાગઠિયા સામે ગુનો નોંધવા ઈડીએ રાજકોટ મનપા પાસે મંજૂરી માગતી દરખાસ્ત કરી હતી જેને સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરી હતી. હવે આ દરખાસ્ત જનરલ બોર્ડમાં મંજૂરી માટે મુકાશે. જનરલ બોર્ડની મંજૂરી બાદ સાગઠિયા સામે ગુનો નોંધી ઈડી કાર્યવાહી કરશે. મનસુખ સાગઠિયાની રૂ. ૨૧ કરોડની મિલકતો પ્રિવેન્સન ઓફ મની લોન્ડરિંગ એકટની કલમ ૫ હેઠળ તા.૨૮.૦૫.૨૦૨૪ના રોજ જપ્તીમા લીધા બાદ દિલ્હીની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રાજકોટ મહાનગર પાલિકા પાસે ફરિયાદ દાખલ કરવા મંજૂરી માગી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગેમઝોન અગ્નિકાંડ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ ધનજીભાઈ સાગઠિયાની વરવી ભૂમિકા જણાઈ આવતા તેઓ સામે એક સાથે ૩ ફોજદારી કેસો નોંધાયેલા હતા. જેમાં ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ એક કેસ અને ભારતીય દંડ સહિતા હેઠળ બે કેસ કરવામાં આવ્યા છે. આ કેસોની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે ટી.પી.ઓ. મનસુખ સાગઠિયાએ ૨૮ કરોડની અપ્રમાણસર મિલકત ધારણ કરેલ છે જે તેઓએ પોતાના પત્ની અને પુત્રના નામે વસાવેલ હતી તથા એક સ્થાવર મિલકતમાં તેમના પુત્ર કેયુરે અલ્કેશ રણછોડભાઈ ચાવડા નામના વ્યક્તિ સાથે સહમાલિકી રાખેલ હતી.

દરમિયાન આ કેસની જાણ એ.સી.બી.એ ઈડીને કરી હતી. જેથી ઈડીએ તપાસ હાથ ધરી નિષ્કર્ષ કરેલ કે ટી.પી.ઓ. મનસુખ સાગઠિયાએ પોતાના નામે તથા તેમના પત્ની ભાવનાબેન સાગઠિયા અને પુત્ર કેયૂર સાગઠિયા તથા અલ્કેશ રણછોડભાઈ ચાવડા નામના વ્યકિતઓના નામે મિલકતો વસાવેલી છે, જેમાં સ્થાવર મિલકતો, જમીનો, કીમતી ઝવેરાતો તથા જુદી જુદી બૅંકોની ફિક્સ ડિપોઝિટનો સમાવેશ થાય છે.

## દક્ષિણ ગુજરાતમાં ફરી મેઘમહેર: ૧૦૧ તાલુકામાં વરસ્યો વરસાદ

અમદાવાદ: દક્ષિણ ગુજરાત પર ફરી મેઘરાજા મહેરબાન થયા હતા. રાજ્યના ૧૦૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. છેલ્લા ૧૨ કલાકમાં સુબીરમાં ૩.૫૪ ઈંચ, વાલોડમાં ૩.૨૩ ઈંચ, ડોલવાણમાં ૨.૯૧ ઈંચ, મહુવા(સુરત)માં ૨.૫૬ ઈંચ, વ્યારામાં ૧.૪૨ ઈંચ, સોનગઢમાં ૧.૩૮ ઈંચ, બારડોલીમાં ૧.૨૬ ઈંચ, ડાંગ આહવામાં ૧.૧૮ ઈંચ, ઉચ્છલમાં ૧.૧ ઈંચ વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં બે તાલુકામાં ત્રણ ઈંચથી વધારે, બે તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ પડ્યો હતો. પાંચ તાલુકામાં એક ઈંચથી વધારે વરસાદ નોંધાયો હતો. ૯૨ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

ગુજરાતમાં ચોમાસાની શરૂઆતથી પડી રહેલા સારા વરસાદને લઈ અત્યાર સુધીમાં ૧૫ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. જ્યારે ૩૮ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦થી ૭૦ ટકા, ૫૧ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૬ ડેમમાં ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં ૨૧ ડેમ હાઈ એલર્ટ પર છે. ૧૩ એલર્ટ અને ૧૯ વોર્નિંગ પર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૩૪.૭૪ ટકા વરસાદ નોંધાયો છે. કચ્છમાં ૩૨.૯૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૨૫.૮૪ ટકા, પૂર્વ મધ્યમાં ૩૬.૪૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૫.૨૪ ટકા તથા દક્ષિણ ગુજરાતમાં ૩૭.૯૧ ટકા વરસાદ વરસ્યો છે.

## સુરતમાં ₹ ૧.૬૦ કરોડના ખર્ચે દેશનું પ્રથમ સોલાર સંચાલિત બસ સ્ટેશન તૈયાર, ૧ લાખ વીજ યુનિટનું ઉત્પાદન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમન્ડ સિટી તરીકે જાણીતા સુરતની યશકલગીમાં હવે વધુ એક ઉમેરો થયો છે. સ્માર્ટ સિટી સુરતના અલથાણ ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ. ૧.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત દેશનું પ્રથમ 'સ્માર્ટ બસ સ્ટેશન' સુરતનું નવું નજરાણું બનશે.

૧૦૦ કિલોવોટ ક્ષમતાનો રૂફટોપ સોલાર પ્લાન્ટ સમગ્ર દેશ માટે પ્રોત્સાહન અને આકર્ષણનું કેન્દ્ર બનશે. સુરત મહાનગરપાલિકા અને જર્મન સંસ્થા જીઆઈઝેડના સહયોગથી તૈયાર થયેલા આ પ્રોજેક્ટ હેઠળ રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ અને સેકન્ડ લાઇફ બેટરી સ્ટોરેજ સિસ્ટમ દ્વારા બસો માટે ૨૪ કલાક અને ૭ દિવસ ગ્રીન ચાર્જિંગ સુવિધા સાથે વાઈફાઈ અને લાઈટિંગ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ થશે. આ વિષે વધુ વિગત આપતા લાઇટ એન્ડ એનર્જી એફિસેસિસ સેલના કાર્યપાલક ઇજનેર પ્રકાશભાઇ પંડ્યાએ જણાવ્યું હતું કે, સુરતના અલથાણ વિસ્તારમાં તૈયાર કરાયેલા દેશનું પ્રથમ સૌર ઊર્જા આધારિત ઇલેક્ટ્રિક બસ ડેપો ખાતે ૧૦૦ કિલોવોટ ક્ષમતા ધરાવતા રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ અને પ્રતિ કલાકે ૨૨૪ કિલોવોટ ક્ષમતા ધરાવતી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત દિવસ દરમિયાન સૌર ઊર્જાથી જનરેટ થતી વીજળી સેકન્ડ લાઈફ બેટરીમાં સંગ્રહિત થાય છે. રાત્રિ દરમિયાન ઇલેક્ટ્રિક બસોને ચાર્જ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. પરિણામે ગ્રીડ પરનો ભાર ઘટે છે અને નવીનીકરણીય ઊર્જાનો વધુ પડતો ઉપયોગ શક્ય બન્યો છે. આ પ્રોજેક્ટનું મુખ્ય આકર્ષણ જણાવતા તેમણે કહ્યું હતું કે, ઇલેક્ટ્રિક બસ ડેપો થકી વાર્ષિક અંદાજે ૧ લાખ વીજ યુનિટનું ઉત્પાદન થશે અને આશરે રૂ. ૬.૬૫ લાખની ઊર્જા બચત થશે. એટલે પર્યાવરણીય દ્રષ્ટિએ પણ આ પ્રોજેક્ટ ન માત્ર સુરત શહેર માટે પરંતુ સમગ્ર દેશ માટે શ્રેષ્ઠ ઉદાહરણરૂપ બનશે.

## ગુજરાત હાઇ કોર્ટમાં વર્ચ્યુઅલ સુનાવણી દરમિયાન મગમાં પીણું પીતા સિનિયર એડવોકેટ સામે અવમાનનાની કાર્યવાહી

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટે મંગળવારે સિનિયર એડવોકેટ ભાસ્કર તન્ના સામે અવમાનનાની કાર્યવાહી શરૂ કરી હતી. કોર્ટમાં વર્ચ્યુઅલ સુનાવણી દરમિયાન, વકીલ મગમાંથી પીણું પીતા જોવા મળ્યા હતા. એટલું જ નહીં, તેઓ ફોન પર વાત પણ કરી રહ્યા હતા. જસ્ટીસ એ.એસ. સુપેહિયા અને જસ્ટિસ આર.ટી. વાછાણીની બેન્ચે રજિસ્ટ્રીને સિનિયર વકીલ સામે અવમાનનાની કાર્યવાહી નોંધવાનો નિર્દેશ કર્યા હતા. કોર્ટે આકરી ટીકા અને નિંદા કરતાં તેમની સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એટલે કે, કોર્ટની અવમાનનાની કાર્યવાહી હાથ ધરી છે. આ કથિત ઘટના ન્યાયાધીશ સંદીપ ભટ્ટની કોર્ટમાં બની હતી. આમાં, સિનિયર વકીલ વર્ચ્યુઅલી હાજર રહ્યા હતા.

૨૬મી જૂનના રોજ એટલે ગત ગુરૂવારના રોજ હાઇ કોર્ટના જસ્ટિસ સંદીપ ભટ્ટની કોર્ટમાં વર્ચ્યુઅલ હિયરિંગ દરમિયાન સિનિયર એડવોકેટ ભાસ્કર તન્ના બીયર મગમાં ડ્રીંક પીતા અને ફોન પર વાત કરતા દેખાયા હતા. હાઇ કોર્ટના એક સિનિયર વકીલના અપમાનજનક અને ચોંકાવનારા કૃત્યની અતિ ગંભીર નોંધ જસ્ટિસ એસ.એસ.સુપૈયા અને જસ્ટિસ આર.ટી. વચ્છાણીની બેન્ચે લીધી હતી. એડવોકેટ તન્નાની વર્તણૂક ન્યાયતંત્રની ગરિમાના હનન સમાન હોવાનું નોંધતા નારાજગી સાથે તેમની સામે સુઓમોટો કન્ટેમ્પ્ટની કાર્યવાહી હાથ ધરવાનો આદેશ બેન્ચે કર્યો હતો. આ ઘટનાનો વીડિયો ઘણો જ વાયરલ થઈ રહ્યો છે.

બેન્ચે આ અંગેનો સુઓમોટો કેસ દાખલ કરવાનો આદેશ કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, કાર્યવાહીના લાઇવ સ્ટ્રીમિંગની વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી હતી. હાઈ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સિનિયર વકીલે ગુજરાત હાઈ કોર્ટ નિયમો, ૨૦૨૧ ના નિયમ ૫(જે)નું કથિત રીતે ઉલ્લંઘન કર્યું છે. તે જણાવે છે કે કાર્યવાહીમાં ભાગ લેનાર કોઈપણ વ્યક્તિ, પછી ભલે તે રૂબરૂમાં હોય કે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા, કોર્ટની ગરિમા જાળવવા માટે તેણે શિસ્ત અને શિષ્ટાચાર જાળવવો જોઈએ. કોર્ટે રજિસ્ટ્રીને આગામી સુનાવણી સુધી રિપોર્ટ તૈયાર કરીને કોર્ટ સમક્ષ રજૂ કરવાનો નિર્દેશ કર્યો હતો. આ મામલો બે અઠવાડિયા પછી વધુ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવશે.

હાઇ કોર્ટના આદેશ બાદ સિનિયર એડવોકેટ તન્ના જસ્ટિસ સુપૈયાની કોર્ટમાં ઉપસ્થિત થયા હતા. તેમણે આ મામલે બિનશરતી માફી આપવા વિનંતી કરી હતી. જેમા તેમણે કહ્યુ હતુ કે, કોર્ટે જે સજા આપવી હોય એ મને મંજૂર છે પરંતુ જે પણ ભૂલ થઇ છે એ ટેકનિકલ ગ્લિચના લીધે થઇ હતી.

## ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે: ઑગસ્ટમાં નવા પ્રમુખની થઈ શકે જાહેરાત

અમદાવાદ: ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના પ્રદેશ પ્રમુખને પાંચ વર્ષ પૂર્ણ થવા આવ્યાં છે. ૨૦ જુલાઈના દિવસે સીઆર પાટીલને ગુજરાતના પ્રદેશ પ્રમુખ તરીકે પાંચ વર્ષ પૂર્ણ થશે. તેથી ૨૦ જુલાઈ બાદ નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત થાય તેવી સંભાવના છે. કોઈ કારણસર ગુજરાત ભાજપે નવા પ્રદેશ પ્રમુખનું નામ જાહેર કર્યું નથી. ટૂંક સમયમાં ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત થશે. મંગળવારે ભાજપ દ્વારા વિવિધ રાજ્યમાં પ્રદેશ પ્રમુખની નિમણૂક કરવામાં આવી હતી, તેથી ગુજરાત પ્રદેશ પ્રમુખની ટૂંક સમયમાં જાહેરાત થાય તેવી ચર્ચા શરૂ થઈ છે.

ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખ કયા વિસ્તારમાંથી આવશે તેની ચર્ચાએ જોર પકડ્યું છે. ગુજરાત ભાજપની હાલની સ્થિતિ જોતા નવા પ્રદેશ પ્રમુખ સૌરાષ્ટ્રમાંથી આવશે તેવી અટકળો થઈ રહી છે, કારણકે સૌરાષ્ટ્રમાં અમરેલી હોય કે પછી રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, જામનગર, વગેરે સ્થળો પર ભાજપમાં આંતરિક વિખવાદ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ભાજપ સ્થિતિ મજબૂત કરવા માટે અને બધા નેતાઓને સાથે લઈને ચાલે એવા નેતાને પ્રમુખપદ મળે તેવી સંભાવના જોવા મળી છે.

ભાજપે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૧૫૬ સીટ જીતીને ઈતિહાસ રચ્યો હતો તેમ છતાં વિસાવદર સીટ જીતી શક્યા નહોતા. તાજેતરમાં થયેલી વિસાવદર પેટાચૂંટણીમાં આ સીટ જીતવા ભાજપે નેતાઓની ફોજ ઉતારી હતી. તેમ છતાં ભાજપ જીતી શક્યું નહોતું. સૌરાષ્ટ્રમાં સંઘ અને સંગઠનમાં મજબૂત ચહેરો હોય તેવા નેતાને ગુજરાતની કમાન સોંપવામાં આવે તેવી ચર્ચા ચાલી રહી છે.

## ગુજરાત કેબિનેટનો મોટો નિર્ણય: તૂટેલા રોડ રસ્તા અને ખાડા તાત્કાલિક રિપેર કરવા આદેશ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત કેબિનેટની બુધવારે મળેલી બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યમાં ભારે વરસાદના કારણે ઠેર-ઠેર રસ્તા તૂટી ગયા હોવાથી શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક તૂટેલા રોડ અને રસ્તાઓ પર પડેલા ખાડાઓને રિપેર કરવાના આદેશ આપ્યો હતો.ગાંધીનગર ખાતે આજે મળેલી કેબિનેટની બેઠકમાં વરસાદની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાહત બચાવ, જળાશયોની સ્થિતિ અને કૃષિ વિભાગ દ્વારા વાવેતર સહિતની બાબતો કેબિનેટની બેઠકમાં રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યમાં તૂટેલા રસ્તાઓ અને ખાડાઓની પણ ખાસ નોંધ લેવાઇ હતી. મુખ્ય પ્રધાને રાજ્યના તૂટેલા રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરવા આદેશ આપ્યા હતા. મુખ્ય પ્રધાને પ્રધાનોને તેમના પ્રભારી વિસ્તારમાં રોડ રસ્તા, અને ખાડાની કામગીરીને પ્રાધાન્ય આપવા સૂચન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ચોમાસાની શરૂઆત સાથે જ જોરદાર વરસાદ પડ્યો હતો.

# યશસ્વી સેન્ચુરી ચૂક્યોઃ ગિલની કૅપ્ટન્સ ઈનિંગ્સ, સાતમી સદી ફટકારી

## ▶ કરુણ નાયર ટેસ્ટમાં પહેલી વાર વનડાઉનમાં રમ્યો, ફક્ત ૩૧ રન કરીને આઉટ થયો ▶ ભારત ૫/૩૧૦

એજબૅસ્ટનઃ ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યાથી)માં પહેલા દિવસે ભારતીય ઓપનર યશસ્વી જયસ્વાલે બે મોટી ભાગીદારી કર્યા પછી ૮૭ રનના પોતાના સ્કોર પર વિકેટ ગુમાવી દીધી હતી અને છઠ્ઠી સદી ચૂકી ગયો હતો, પરંતુ કૅપ્ટન શુભમન ગિલ સાતમી ટેસ્ટ સેન્ચુરી પૂરી કરવામાં સફળ રહ્યો હતો. રમતને અંતે ભારતનો સ્કોર પાંચ વિકેટે ૩૧૦ રન હતો. ગિલ જ્યારે ૯૪ રન પર હતો ત્યારે તેણે બૅક-ટુ-બૅક બૉલમાં ફોર ફટકારીને સદી પૂરી કરી હતી અને ૧૦૨ રન પર પહોંચી ગયો હતો. ગિલે પહેલી ટેસ્ટમાં પણ સેન્ચુરી ફટકારી હતી. કૅપ્ટન તરીકે તેની આ બીજી સદી છે. તેણે ૧૯૯ બૉલમાં ૧૧ ફોરની મદદથી સેન્ચુરી પૂરી કરી હતી અને ૧૧૪ રન પર નોટઆઉટ હતો. તેની સાથે રવીન્દ્ર જાડેજા ૪૧ રને રમી રહ્યો હતો. ભારતની પાંચમાંથી બે વિકેટ ક્રિસ વૉક્સે અને એક-એક વિકેટ બેન સ્ટૉક્સ, બ્રાયડન કાર્સ અને શોએબ બશીરે લીધી હતી. યશસ્વી આ સિરીઝમાં બીજી વાર બ્રિટિશ કૅપ્ટન બેન સ્ટૉક્સના બૉલમાં આઉટ થયો હતો અને ૧૩ રન માટે છઠ્ઠી સેન્ચુરી ચૂકી ગયો હતો. તેની વિકેટ વખતે ભારતનો સ્કોર ત્રણ વિકેટે ૧૬૧ રન હતો. યશસ્વીએ કરુણ નાયર સાથે ૮૦ રનની અને ગિલ સાથે ૬૬ની ભાગીદારી કરી હતી.

### ભારતે ત્રણ રનમાં બે વિકેટ ગુમાવી

ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ઓપનર યશસ્વી અને શુભમન ગિલે કેટલીક ભાગીદારીઓથી ભારતના સ્કોરને સન્માનજનક સ્થિતિમાં લાવવા જે પ્રયત્ન કર્યો એના પર જાણે પાણી ફરી રહ્યું છે. ૨૦૮ રનના સ્કોર પર ભારતની ત્રણ જ વિકેટ હતી, પરંતુ એ સ્કોર




પર રિષભ પંત (પચીસ રન) આઉટ થયો અને ૨૧૧ રનના સ્કોર પર નીતીશ કુમાર રેડ્ડી (એક રન)એ વિકેટ ગુમાવી દેતાં બાજી ફરી ગઈ હતી. ભારતનો સ્કોર ૩/૨૦૮ પરથી ૫/૨૧૧ થઈ ગયો હતો.

એ પહેલાં, ભારતે અહીં વાદળિયા હવામાન વચ્ચે ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટમાં સાવચેતીભરી શરૂઆત કર્યા બાદ આક્રમક બૅટિંગ કરી હતી. ઓપનર યશસ્વીએ એક છેડો સાચવી રાખ્યો હતો, જ્યારે સામા છેડે કે. એલ. રાહુલ માત્ર બે રન કરીને આઉટ થઈ ગયો હતો. રાહુલ સાથે યશસ્વીની માત્ર ૧૫ રનની ભાગીદારી થઈ શકી હતી, પણ પછીથી વનડાઉનમાં મોકલવામાં આવેલા કરુણ નાયર સાથે યશસ્વીએ બીજી વિકેટ માટે ૮૦ રનની શાનદાર ભાગીદારી કરી હતી.

ટેસ્ટમાં તેણે પહેલી જ વાર ત્રીજા નંબરે બૅટિંગ કરી. પહેલા દાવમાં તેને છઠ્ઠા ક્રમે મોકલવામાં આવ્યો હતો. બુધવારે તે ૭૩ મિનિટ સુધી ક્રીઝ પર રહ્યો હતો અને તેણે ૫૦ બૉલમાં પાંચ ફોરની મદદથી ૩૧ રન કર્યા હતા અને પેસ બોલર બ્રાયડન કાર્સના બૉલમાં બીજી સ્લિપમાં હૅરી બ્રૂકના હાથમાં કૅચઆઉટ થયો હતો.

### બુમરાહને આરામ, આકાશને મોકો

ભારતે પ્લેઇંગ-ઇલેવનમાંથી જસપ્રીત બુમરાહને આરામ આપ્યો હતો તેમ જ શાર્દુલ ઠાકુર અને સાઇ સુદર્શનને ટીમની બહાર રાખ્યા હતા. બુમરાહના સ્થાને આકાશ દીપને ઇલેવનમાં સમાવાયો છે.

સાઇ સુદર્શન પ્રથમ ટેસ્ટ (જે તેની ડેબ્યૂ ટેસ્ટ હતી)માં સારું નહોતો રમ્યો. પહેલા દાવમાં તે શૂન્યમાં આઉટ થયા બાદ બીજા દાવમાં ૩૦ રનમાં આઉટ થઈ ગયો હતો. તેને આજે પડતો મૂકીને નીતીશ કુમાર રેડ્ડીને રમવાનો મોકો અપાયો છે. શાર્દુલ ઠાકુર પણ પહેલી ટેસ્ટમાં અપેક્ષા કરતાં ખૂબ નબળું રમ્યો હતો. તેના સ્થાને સ્પિન-ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને રમવાની તક આપવામાં આવી છે.

### કુલદીપ કેમ નહીં, વૉશિંગ્ટનને કેમ તક

કુલદીપ યાદવનું નામ આ મૅચ માટે ખૂબ ચર્ચામાં હતું, પણ બૅટિંગ હરોળને વધુ મજબૂત કરવાના હેતુથી જ વૉશિંગ્ટનને સિલેક્ટ કરવામાં આવ્યો છે. ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર વેઇન લાર્કિન્સ તાજેતરમાં અવસાન પામ્યા હતા અને તેમને અંજલિ આપવા બ્રિટિશ ક્રિકેટરો તેમ જ ભારતીય ખેલાડીઓ હાથ પર કાળી પટ્ટી પહેરીને રમી રહ્યા છે. ■

## બર્મિંગમમાં શંકાસ્પદ પૅકેટ મળી આવ્યું

# ભારતીય ક્રિકેટરોને હૉટેલમાં જ રહેવાની સલાહ!

બર્મિંગમઃ એજબૅસ્ટનમાં ઇંગ્લૅન્ડ સામે સિરીઝની બીજી ટેસ્ટ રમી રહેલા ભારતીય ક્રિકેટરોના માટે બર્મિંગમના હાર્દ ભાગમાં આવેલી હૉટેલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેમની હૉટેલની નજીકના સેન્ટેનરી સ્ક્વેર વિસ્તારમાં મંગળવારે શંકાસ્પદ પૅકેટ મળી આવતાં ભારતીય ખેલાડીઓને મૅચ બાદ હૉટેલ પર પહોંચ્યા પછી ક્યાંય બહાર ન જવાની સલાહ અપાઈ હતી.

બીસીસીઆઇના એક સૂત્રએ પીટીઆઇને આ માહિતીને સમર્થન આપતા જણાવ્યું હતું કે બર્મિંગમ સિટી સેન્ટરની પોલીસે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ શૅર કરી હતી જેને આધારે ખેલાડીઓને કહેવામાં આવ્યું છે કે હૉટેલની બહાર ક્યાંય જશો નહીં.

સામાન્ય રીતે ભારતીય ખેલાડીઓ ફુરસદના સમયે (મૅચ પછી મોડી સાંજે) હૉટેલની આસપાસના વિસ્તારોમાં જતા હોય છે. તેઓ બીજી ટેસ્ટની બુધવારે શરૂઆત થઈ એ પહેલાંના દિવસે હૉટેલ નજીકના બ્રૉડ સ્ટ્રીટ વિસ્તારમાં ગયા હતા. મૅચ પહેલાંના પ્રૅક્ટિસના દિવસોમાં એક દિવસ કૅપ્ટન શુભમન ગિલ સહિત ખાસ કરીને આઠ ખેલાડીઓએ ખૂબ પ્રૅક્ટિસ કરી હતી અને બાકીના ખેલાડીઓએ ઑફ-ડે માણ્યો હતો.

ખેલાડીઓની હૉટેલ નજીકના કેટલાક બિલ્ડિંગો મંગળવારે તપાસના હેતુથી ખાલી કરાવવામાં આવ્યા હતા. ■

# વિમ્બલ્ડનમાં સનસનાટી, પહેલા રાઉન્ડમાં એકસાથે ૨૩ ક્રમાંકિત ખેલાડીઓ હારી ગયા!

## ▶ વિક્રમની બરાબરીઃ ફ્રેન્ચ ઓપનની ચૅમ્પિયન કૉકો પ્રથમ રાઉન્ડમાં જ આઉટ, જૉકોવિચનો વિજયી આરંભ

લંડનઃ અહીં ટેનિસની સૌથી લોકપ્રિય અને ગ્રાસ કોર્ટ પરની સૌથી મહત્ત્વની વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં સોમવાર તથા મંગળવારના પહેલા બે દિવસ દરમ્યાન પ્રથમ રાઉન્ડમાં ભારે અફરાતફરી થઈ હતી. આ બે દિવસમાં પ્રથમ રાઉન્ડમાં કુલ ૨૩ ક્રમાંકિત ખેલાડીઓ (સીડેડ પ્લેયર્સ) હારી ગયા હતા અને વિક્રમની બરાબરી થઈ હતી. પહેલા જ રાઉન્ડમાં પરાજિત થયેલા ક્રમાંકિત ખેલાડીઓમાં ખાસ કરીને કૉકો ગૉફ, એલેક્ઝાંડર ઝવેરેવ, જેસિકા પેગુલા, ડેનિલ મેડવેડેવ, પૉલા બડોસા, કિનવેન ઝેન્ગ, લૉરેન્ઝો મુસેટી, હૉલ્ગર રુનનો સમાવેશ હતો. આ આઠ ખેલાડીનો ગ્રાસ કોર્ટ પરની ટેનિસના પોતપોતાની કૅટેગરીના ટૉપ-ટેનમાં સમાવેશ છે.

ટૉપ-ટેનમાંથી આઠ ખેલાડી પરાજિત થતાં વિમ્બલ્ડન સ્પર્ધા જાણે બિનઅનુભવી, અજાણ્યા અને નવા ખેલાડીઓવાળી બની ગઈ છે. કુલ મળીને જે ૨૩ ક્રમાંકિત ખેલાડીઓ પ્રથમ રાઉન્ડમાં હારી ગયા છે એમાંથી ૧૩ પુરુષ અને ૧૦ મહિલા ખેલાડી સામેલ છે.

આ ૨૩માંથી ૧૦ ખેલાડી સોમવારના પહેલા દિવસે અને ૧૩ ખેલાડી મંગળવારના બીજા દિવસે સ્પર્ધાની બહાર થઈ ગયા હતા.

જોકે પુરુષોમાં સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા નોવાક જૉકોવિચે ફ્રાન્સના ઍલેક્ઝાંડર મુલરને સંઘર્ષભર્યા મુકાબલામાં ૬-૧, ૬-૭ (૭-૯), ૬-૨, ૬-૨થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જૉકોવિચ ગયા મહિને ફ્રેન્ચ ઓપનમાં નિષ્ફળ રહ્યા બાદ હવે અહીં કરીઅરનું કુલ પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવા મક્કમ છે.




ત્રણ અઠવાડિયા પહેલાં ફ્રેન્ચ ઓપન જીતનાર કૉકો ગૉફ મંગળવારે પ્રથમ રાઉન્ડમાં જ હારી ગઈ. જૉકોવિચ (જમણે) બીજા રાઉન્ડમાં પહોંચ્યો હતો.

### બે નવા વિક્રમ રચાયા

મહિલા ટેનિસની ટોચની ત્રણમાંથી બે ખેલાડી એક જ ગ્રૅન્ડ સ્લૅમમાં પ્રથમ રાઉન્ડમાં હારી ગઈ હોય એવું પહેલી જ વખત બન્યું છે. પુરુષોની વિમ્બલ્ડનમાં પહેલા રાઉન્ડમાં ૧૩ ક્રમાંકિતો પરાજિત થયા હોય એવું પણ પહેલી જ વખત બન્યું છે.

અમેરિકાની વર્લ્ડ નંબર-ટૂ પ્લેયર કૉકો ગૉફ હજી ત્રણ અઠવાડિયા પહેલાં ક્લે કોર્ટ પરની ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં વર્લ્ડ નંબર-વન ઍલીના સબાલેન્કા સામે જીતી ગઈ હતી, પણ અહીં વિમ્બલ્ડનમાં તે પહેલા જ રાઉન્ડમાં પરાસ્ત થઈ છે.

### જાણીતા ખેલાડીઓમાં કોનો કોની સામે પરાજય

(૧) વર્લ્ડ નંબર-ટૂ કૉકો ગૉફનો ૪૬મા ક્રમની ડૅયાના યાસ્ત્રેમ્સ્કા સામે ૬-૭ (૩-૭), ૧-૬થી પરાજય.

(૨) ત્રીજા ક્રમાંકિત ઍલેક્ઝાંડર ઝવેરેવનો ૭૨મા ક્રમના આર્થર રિન્ડરનેક સામે ૬-૭ (૩-૭), ૭-૬ (૧૦-૮), ૩-૬, ૭-૬ (૭-૫), ૪-૬થી પરાજય.

(૩) સાતમા ક્રમના લૉરેન્ઝો મુસેટીનો ૧૨૬મા નંબરના નિકૉલોઝ બાસિલાશવિલી સામે ૨-૬, ૬-૪, ૫-૭, ૧-૬થી પરાજય.

(૪) ચોથા નંબરની જેસિકા પેગુલાનો ૧૧૬મા ક્રમની એલિસાબેટ્ટા કૉસિયારેટ્ટો સામે ૨-૬, ૩-૬થી પરાજય.

(૫) વર્લ્ડ નંબર-૯ મેડવેડેવનો ૬૪મા ક્રમના બેન્જામિન બૉન્ઝી સામે ૬-૭ (૨-૭), ૬-૩, ૬-૭ (૩-૭), ૨-૬થી પરાજય. ■

# વિશ્વના બેસ્ટ બોલરને સાત દિવસના આરામ પછી પણ ન રમાડો એ ઠીક ન કહેવાયઃ રવિ શાસ્ત્રી

## ▶ બુમરાહને બીજી ટેસ્ટમાંથી આરામ આપ્યો એટલે ભૂતપૂર્વ હેડ-કોચ સમસમી ગયા

બર્મિંગમઃ જસપ્રીત બુમરાહ લીડ્સની પ્રથમ ટેસ્ટમાં રમ્યો અને ત્યાર પછીના સાત દિવસના લાંબા બ્રેક બાદ હવે ફુલ્લી ફિટ હોવા છતાં તેને એજબૅસ્ટનની બીજી ટેસ્ટમાં ન રમાડવામાં આવ્યો એ નિર્ણયથી ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન અને ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રી નારાજ છે. શાસ્ત્રીએ જણાવ્યું છે કે 'વિશ્વના સર્વશ્રેષ્ઠ બોલરને તમે સાત દિવસના બ્રેક બાદ બેસાડી રાખો એ યોગ્ય નિર્ણય ન કહેવાય.'

ઉલ્લેખનીય છે કે પ્રથમ ટેસ્ટમાં બુમરાહે પહેલા દાવમાં પાંચ વિકેટ લીધી હતી અને એ ટેસ્ટમાં ભારતીયોની કુલ પાંચ સેન્ચુરી થવા છતાં તેમ જ ભારતીય બૅટ્સમેનોએ કુલ ૮૩૫ રન કરવા છતાં છેવટે ભારતે પરાજય જોવો પડ્યો હતો.




ગયા ઑક્ટોબરથી માંડીને અત્યાર સુધીમાં ભારતે ટેસ્ટ-ક્રિકેટમાં ખરાબ સમય જોયો છે. નવમાંથી ફક્ત એક ટેસ્ટમાં ભારતનો વિજય થયો છે. છેલ્લા એક દાયકામાં ભારતે આવો ખરાબ સમય ક્યારેય નહોતો જોયો.



રવિ શાસ્ત્રીએ એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલને કહ્યું, 'ટેસ્ટ-ક્રિકેટમાં ભારતનો છેલ્લા નવ મહિનાનો રેકૉર્ડ અત્યંત ખરાબ રહ્યો છે એ જોતાં આ ટેસ્ટ (એજબૅસ્ટનની ટેસ્ટ) ખૂબ જ અગત્યની કહેવાય. ન્યૂ ઝીલૅન્ડ સામે ત્રણ, ઑસ્ટ્રેલિયા સામે ત્રણ અને હવે ઇંગ્લૅન્ડ સામે એક ટેસ્ટ હારી ગયા પછી હવે તો ભારતીય ટીમે વિજય પથ પર પાછું આવવાનું જ છે. જોકે ટેસ્ટ ક્રિકેટના સર્વશ્રેષ્ઠ બોલર (બુમરાહ)ને તમે સાત દિવસના બ્રેક પછી પણ બેસાડી રાખો એ નિર્ણય મારા ગળે નથી ઊતરતો.'

બુમરાહને વર્કલોડ મૅનેજમેન્ટના ભાગરૂપે આ બીજી ટેસ્ટમાં નથી રમાડવામાં આવ્યો. કૅપ્ટન શુભમન ગિલે બુધવારે કહ્યું હતું કે તેને લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં રમાડવામાં આવશે.

બુમરાહે સિરીઝની પહેલાં જ જાહેર કરી દીધું હતું કે તે શ્રેણીની તમામ પાંચ ટેસ્ટ નહીં રમે અને ફક્ત ત્રણ મૅચ રમશે. જોકે તે કઈ ત્રણ ટેસ્ટ રમશે એ નક્કી નહોતું. ■

# પેટ્રા ક્વિટૉવા હારી જતાં કૉમેન્ટેટર માર્ટિના નવરાતિલોવા રડી પડ્યાં!

લંડનઃ બે વખત વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપના સિંગલ્સના ટાઇટલ જીતી ચૂકેલી ચેક રિપબ્લિકની પેટ્રા ક્વિટોવા અહીં આ વખતની વિમ્બલ્ડનના પહેલા જ રાઉન્ડમાં હારી જતાં સ્પર્ધાની બહાર થઈ ગઈ ત્યાર બાદ ભાવુક થઈ ગયેલાં મહિલા ટેનિસના ભૂતપૂર્વ સુપરસ્ટાર માર્ટિના નવરાતિલોવા રડી પડ્યાં હતાં.

એક બાળકની માતા ક્વિટોવાનો પ્રથમ રાઉન્ડમાં એમ્મા નૅવારો સામે ૩-૬, ૧-૬થી પરાજય થયો હતો. તેણે આ સ્પર્ધા શરૂ થયા પહેલાં જ કહી દીધું હતું કે આ તેની છેલ્લી સીઝન છે અને તે વર્ષની અંતિમ ગ્રૅન્ડ સ્લૅમ યુએસ ઓપન પછી નિવૃત્ત થઈ જશે. એ સાથે, તેની આ અંતિમ વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપ હતી અને તેને ટેનિસ કોર્ટ પર જ ફેરવેલ આપવામાં આવ્યું હતું. આયોજકોએ તેને સ્પીચ આપવા માટે ટેનિસ કોર્ટ પર જ આમંત્રણ આપવામાં આવ્યું હતું.



વર્ષ ૨૦૧૬ની રિયો ઑલિમ્પિક્સમાં ચેક રિપબ્લિક વતી બ્રૉન્ઝ મેડલ જીતનાર ક્વિટોવાએ ત્યારે જે હૃદયસ્પર્શી ભાવ વ્યક્ત કર્યા ત્યારે કૉમેન્ટરી બૉક્સમાં બેઠેલાં તેના જ દેશનાં ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ખેલાડી નવરાતિલોવા આંસુ રોકી નહોતાં શક્યાં. નવરાતિલોવા નવ વખત વિમ્બલ્ડનું સિંગલ્સનું ટાઇટલ જીત્યાં હતાં. તેઓ ક્વિટોવા વિશે કંઈ પણ બોલવાની સ્થિતિમાં નહોતા. તેઓ એટલું જ બોલ્યાં હતાં કે 'ક્વિટોવા વિશે કંઈ પણ અત્યારે કહેવું મારા માટે મુશ્કેલ છે. ફક્ત એટલું જ કહીશ કે તે ટેનિસ કોર્ટ પર અને કોર્ટની બહાર પણ બહુ જ સારી વ્યક્તિ છે. તે જ્યાં પણ જાય છે ત્યાં રોલ મૉડેલ બની જાય છે.'

નવરાતિલોવાને તેના જ દેશની ક્વિટોવા ખૂબ પ્રિય છે. ખુદ ક્વિટોવા તેમની કરીઅર પરથી પ્રોત્સાહિત થઈને ટેનિસ ખેલાડી બની હતી.

ડાબા હાથે પાવરફુલ ગ્રાઉન્ડસ્ટ્રોક ફટકારવા માટે જાણીતી ક્વિટોવાએ સ્પીચમાં કહ્યું હતું કે 'અહીં વિમ્બલ્ડનમાં રમવું મને ખૂબ જ ગમ્યું હતું. એમ્મા નૅવારોને અભિનંદન અને ગુડ લક. હું વિમ્બલ્ડનને ખૂબ મિસ કરીશ. સમગ્ર ટેનિસ મિસ કરીશ અને મારા ચાહકોને પણ. હું મારા બધા કોચનો




પેટ્રા ક્વિટોવા છેલ્લી વાર વિમ્બલ્ડનમાં રમી એટલે તેના જ દેશ ચેક રિપબ્લિકનાં લેજન્ડ માર્ટિના નવરાતિલોવા ભાવુક થઈને રડી પડ્યાં હતાં.

આભાર માનું છું. મારા ડેડી મારા પ્રથમ કોચ હતા અને મારા પતિ (યિરી વાનેક) મારા છેલ્લા કોચ છે. હું તેઓ બન્નેનો અને સમગ્ર પરિવારનો આભાર માનું છું.'

૩૫ વર્ષની ક્વિટોવા ૨૦૧૧માં અને ૨૦૧૪માં વિમ્બલ્ડનનું ટાઇટલ જીતી હતી. તેણે ૨૦૨૨માં તેના કોચ યિરી વાનેક સાથે સગાઈ કરી હતી. ૪૭ વર્ષનો વાનેક એક પણ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ નહોતો જીતી શક્યો. ■

# ભારતીય મહિલા ક્રિકેટરોને ઇંગ્લૅન્ડમાં હવે બીજી મૅચ જેમાઇમા-અમનજોતે જિતાડી

બ્રિસ્ટૉલઃ ઇંગ્લૅન્ડ સામે રમાતી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝમાં ભારતે શુક્રવારની પ્રથમ મૅચ ૯૭ રનથી જીતી લીધા બાદ સોમવારે બીજી મૅચમાં ફરી વિજયી થઈને ૨-૦થી સરસાઈ મેળવી હતી.

પહેલી મૅચમાં કાર્યવાહક કેપ્ટન સ્મૃતિ મંધાના (૧૧૨ રન), હર્લીન દેઓલ (૪૩ રન) અને નવી સ્પિનર શ્રી ચરની (ચાર વિકેટ)એ વિજય અપાવ્યો ત્યાર પછી સોમવારે બીજી ટી-૨૦માં જેમાઇમા રોડ્રિગ્સ (૬૩ રન), અમનજોત કૌર (અણનમ ૬૩ રન), વિકેટકીપર રિચા ઘોષ અણનમ (અણનમ ૩૨ રન અને બે રનઆઉટ ) તેમ જ સ્પિનર શ્રી ચરની (બે વિકેટ)ના મુખ્ય યોગદાન હતા.

કેપ્ટન હરમનપ્રીત કૌર માથાની નજીવી ઈજામાંથી મુક્ત થયા બાદ ફરી રમવા આવી ગઈ છે. ભારતે બૅટિંગ મળ્યા બાદ ચાર વિકેટે ૧૮૧ રન કર્યા હતા. કેપ્ટન હરમનપ્રીત એક રન કરીને અને વાઇસ કેપ્ટન તથા શુક્રવારની સુપરસ્ટાર સ્મૃતિ મંધાના ૧૩ રન કરીને આઉટ થઈ ગઈ હતી.

શેફાલી વર્મા (ત્રણ રન) પણ સસ્તામાં આઉટ થઈ જતાં એક સમયે ભારતનો સ્કોર ત્રણ વિકેટે માત્ર ૩૧ રન હતો. જોકે જેમાઈમા અને અમનજોત વચ્ચે ચોથી વિકેટ માટે ૯૩ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. તેમણે ટીમનો સ્કોર ૧૨૪ રન પર પહોંચાડ્યો ત્યારે જેમાઈમા આઉટ થઈ હતી. ત્યાર બાદ અમનજોત અને રિચા ઘોષ વચ્ચે પાંચમી વિકેટ માટે ૫૭ રનની અતૂટ પાર્ટનરશિપ થઈ હતી અને ૨૦ ઓવરને અંતે ભારતનો દાવ ૧૮૧/૪ના સ્કોર પર બંધ રહ્યો હતો.

નૅટ સિવર-બ્રન્ટના સુકાનમાં ઇંગ્લૅન્ડે પણ ખરાબ શરૂઆત કરી હતી. તેમણે ૧૭ રનમાં પહેલી ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ એકમાત્ર ટૅમી બ્યૂમૉન્ટ (૫૪ રન)ની હાફ સેન્ચુરીને કારણે યજમાન ટીમનો સ્કોર ૨૦ ઓવરને અંતે ૧૫૭/૭ રહ્યો હતો અને ભારતનો ૨૪ રનથી વિજય થયો હતો.

ઑલરાઉન્ડર અમનજોત કૌરને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. હવે ત્રીજી મૅચ શુક્રવારે રાત્રે (૧૧.૦૫ વાગ્યાથી) ઓવલમાં રમાશે. ■

# 'બુમરાહની જિંદગી અને તેના પરિવાર વિશે પણ વિચારો': અલીસા હિલીએ કેમ આવું કહ્યું?

સિડનીઃ ટેસ્ટ-ક્રિકેટના હાલના નંબર-વન બોલર જસપ્રીત બુમરાહની ફિટનેસનો મુદ્દો ભારતીય ટીમ મૅનેજમેન્ટ માટે કેમ નંબર-વન હોવો જોઈએ એ વિશે ઑસ્ટ્રેલિયાની વિકેટકીપર-બૅટર અને ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન વિકેટકીપર-બૅટ્સમૅન ઇયાન હિલીની ભત્રીજી અલીઝા હિલી પાસે એક સ્પોર્ટ્સ પૉડકાસ્ટ પર પ્રતિક્રિયા માગવામાં આવતાં તેણે બુમરાહ વિશે ભાવુક કરી મૂકે એવી કમેન્ટ કરી હતી. અલીઝા હિલીએ બુમરાહની ફિટનેસ વિશે ચિંતા કરવા ઉપરાંત તેના અંગત જીવનને પણ લક્ષમાં રાખવાનો ભારતીય ક્રિકેટના મોવડીઓને આડકતરો ઇશારો કર્યો હતો.

૩૫ વર્ષની અલીઝા હિલી ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કની પત્ની છે. ફાસ્ટ બોલરની જિંદગી કેવી હોય અને તેણે કઈ કરીઅર જાળવી રાખવા તેમ જ અંગત જીવનમાં પણ કેવી કાળજી લેવી પડે એની વાત કરી છે. અલીઝા હિલી ૨૮૫થી વધુ આંતરરાષ્ટ્રીય મૅચ રમી છે જેમાં તેણે કુલ ૬,૨૦૦થી પણ વધુ રન કર્યા છે તેમ જ સ્ટમ્પ્સની પાછળથી ૨૫૦થી પણ વધુ શિકાર કર્યા છે.

અલીઝા હિલીએ બુમરાહની પીઠ તથા અન્ય ઈજાઓના મુદ્દે ભાવનાત્મક



નિવેદનમાં જણાવ્યું છે કે 'બુમરાહ બે સર્જરી કરાવી ચૂક્યો છે અને તેને હજી પણ ઘણી શારીરિક તકલીફો છે. માનવતાની દૃષ્ટિએ જોઈએ તો એ મોટી ચિંતાનો વિષય છે. તેણે હજી ઘણી લાંબી લાઇફ એન્જૉય કરવાની છે. તેને પરિવારની પણ ચિંતા હશે. તેની સર્જરીને ધ્યાનમાં લઈને તેની ફિટનેસને જો સરખી રીતે ધ્યાનમાં નહીં લેવામાં આવે તો (ભારતે) બોલર તરીકે કાયમ માટે ગુમાવવો પડી શકે. આ જ વર્કલૉડનો ખરો અને અગત્યનો મુદ્દો છે. બધાએ જોયું હતુંને, પાંચ મહિના પહેલાં તે સિડની ટેસ્ટમાં અધવચ્ચે કેવો નીકળી ગયો હતો. તે સતત સારી બોલિંગ કરે છે, પરંતુ તેને પીઠનો દુખાવો ખૂબ પરેશાન કરી રહ્યો છે એ પણ તે સારી રીતે જાણતો જ હશે.' ■

# હરિયાણાની પહેલવાન વિનેશ ફોગાટ પહેલી વાર મમ્મી બની

નવી દિલ્હીઃ રેસલરમાંથી રાજકારણમાં પ્રવેશનાર વિનેશ ફોગાટે પ્રથમ બાળકને જન્મ આપ્યો છે. વિનેશ અને તેના કુસ્તીબાજ પતિ સોમવીર રાઠીએ માર્ચમાં જાહેર કર્યું હતું કે તેઓ પહેલી વાર પૅરેન્ટ્સ બનવાનાં છે. ત્યારે તેમણે ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં લખ્યું હતું, 'અમારી લવ સ્ટોરીનો નવા અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે.'

૩૦ વર્ષીય વિનેશને સોમવારે દિલ્હીની અપૉલો હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને મંગળવારે સવારે ૯.૦૦ વાગ્યાની આસપાસ તેણે પુત્રને જન્મ આપ્યો હતો.

વિનેશ ફોગાટ કૉન્ગ્રેસ પક્ષની વિધાનસભ્ય છે. તેણે ૨૦૧૮માં સોમવીર રાઠી સાથે લગ્ન કર્યાં હતાં. વિનેશ એના થોડા વર્ષ પહેલાં રેલવે વિભાગમાં હતી ત્યારે સોમવીરના સંપર્કમાં આવી હતી. રેસલિંગની રમતને લીધે બન્ને જણ એકમેકની નજીક આવ્યા હતા અને તેમની વચ્ચેની રિલેશનશિપ થોડા વર્ષ સુધી ચાલી હતી અને ત્યાર પછી તેમણે લગ્ન કરી લીધા હતા. ■



# સેન્સેક્સ ૨૮૮ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૫,૫૦૦ની નીચે સરક્યો; બજાજ ફિન, એચડીએફસી લાઈફ બે ટકા સુધી તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાની ટેરિફ ડેડલાઇન નજીક આવતી હોવાથી સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે એચડીએફસી બેન્ક, લાર્સન એન્ડ ટૂબ્રો તથા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં જોરદાર પ્રોફિટ બુકિંગ શરૂ થવાથી સેન્સેક્સ ૨૮૭.૬૦ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૮૩,૪૦૯.૬૯ પર બંધ થયા હતો, જ્યારે નિફ્ટી ૮૮.૪૦ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા ઘટીને ૨૫,૪૫૩.૪૦ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.

ખાસ કરીને ફાઇનાન્શિયલ સેકટરના શેરોમાં જોરદાર વેચવાલીનું દબાણ આવતા તે નજીકના વિક્રમી સ્તરથી ગબડ્યા હોવાથી અમેરિકા સાથેની ટ્રેડ ડીલના પોઝિટિવ પરિણામ અંગે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સકારાત્મક ટિપ્પણીઓથી ફેલાયેલા આશાવાદ પર પાણી ફરી વળ્યા હતા. વિદેશી ફંડોની વેચવાલી અને વિશ્વબજારના મિશ્ર વલણને કારણે પણ બજારનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું.

સેન્સેક્સમાં બજાજ ફિનસર્વ, લાર્સન એન્ડ ટૂબ્રો, બજાજ સફાઇનાન્સ, એચડીએફસી બેન્ક, ભારત ઇલેક્ટ્રોન્કિસ અને કોટક મહિન્દ્રા બેન્ક ટોપ સુઝર શેર હતા. જોકે, ટાટા સ્ટીલ, એશિયન પેઇન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટ્રેન્ટ ટોપ ગેઇનર હતા. નિફ્ટીમાં શ્રીરામ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, ઇન્ડસઇન્ડ બેંક, એચડીએફસી લાઇફ, એલ એન્ડ ટી સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારુતિ સુઝુકી, એશિયન પેઇન્ટ્સ વધ્યા હતા.

એનએસઇમાં સેકટરલ ધોરણે મેટલ ઇન્ડેક્સ ૧.૪ ટકા વધ્યો હતો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ ૧ ટકા વધ્યો હતો, જ્યારે પીએસયુ બેંક, કેપિટલ ગુડ્સ, રિયલ્ટી, મીડિયા, પાવર ૦.૪-૧.૪ ટકા ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ દરેક ૦.૨૦ ટકા ઘટ્યા હતા. બીએસઇ પર ટ્રેડેડ કુલ ૨૨૦૫ શેરમાંથી ૧૮૦૯ શેરના ભાવમાં ઘટાડો, ૧૮૦૯ શેરમાં સુધારો તથા ૧૫૭ શેર યથાવત્ રહ્યા હતા.

મોનોપોલીના કથિત દુરુપયોગ અંગે સીસીઆઇ દ્વારા તપાસના આદેશ આપ્યા પછી એશિયન પેઇન્ટ્સના શેરમાં બે ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. જૂનમાં વેચાણ ૧૦ ટકાના વધારાના અહેવાલે હીરો મોટોકોર્પના શેર બે ટકાથી વધુ ઊછળ્યા હતા. ભારત અને મલેશિયાના એરપોર્ટ પર ક્વીક સર્વિસ રેસ્ટોરન્ટ અને લોન્જ બિઝનેસ ચલાવતી ટ્રાવેલ ફૂડ સર્વિસીસ સાતમી જૂલાઇએ મૂડીબજારમાં રૂ. ૨૦૦૦ કરોડના જાહેર ભરણાં સાથે પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦૪૫થી રૂ. ૧,૧૦૦ કરોડ છે. આ સંપૂર્ણ ઓફર ફોર સેલનું ભરણું નવમી જુલાઇએ બંધ થશે.

લીઓ ડ્રાયફ્રુટ્સ એન્ડ સ્પાઇસીસ ટ્રેડિંગ લિમિટેડે રૂ. ૧.૫૦ કરોડના સોદામાં મુંબઈ સ્થિત મેસર્સ મન્ચિન ફૂડ્સની ચોક્કસ એસેટ કરી છે, જેમાં પ્લાન્ટ અને મશીનરી, સાધનો, કમ્પ્યુટર્સ, ફિક્સર અને ફેક્ટરી ડિપોઝિટ જેવા અન્ય સંબંધિત માળખા સહિત વિવિધ સંપત્તિ તેમ જ ટ્રેડ નેમ્સ, ગ્રાહક અને સપ્લાયરની યાદી, હાલના ગ્રાહક કરારો, નિયમનકારી પરમિટો અને લાઇસન્સ, ગુડવિલ અને તેના ડેરિવેટિવ્ઝ સાથે મન્ચિન લાઇટબિટ્સ બ્રાન્ડનો સમાવેશ છે. એચડીબી ફાઇનાન્શિયલના શેર ૧૩ ટકા પ્રીમિયમ સાથે અને સંભવ સ્ટીલના શેર ૩૪ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ટાટા સ્ટીલ ૩.૭૨ ટકા, એશિયન પેઈન્ટસ ૨.૧૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૬૦ ટકા, ટ્રેન્ટ ૧.૪૩ ટકા, મારુતિ ૧.૩૮ ટકા, સન ફાર્મા ૦.૭૭ ટકા, તાતા મોટર્સ ૦.૬૫ ટકા અને ભારતી એરટેલ ૦.૫૩ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફિનસર્વ ૨.૧૦ ટકા, લાર્સન ૧.૮૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૪૦ ટકા, એચડીએફસી બેન્ક ૧.૩૦ ટકા, બીઈએલ ૧.૨૩ ટકા, કોટક બેન્ક ૦.૯૪ ટકા, પાવર ગ્રીડ ૦.૯૪ ટકા સ્ટેટ બેન્ક ૦.૮૬ ટકા, રિલાયન્સ ૦.૬૬ ટકા અને આઈટીસી ૦.૫૫ ટકા ઘટ્યા હતા.

બજારના સાધનો અનુસાર રોકાણકારોનું ટ્રમ્પ ઉપરાંત સ્થાનિક સ્તરે આવતા અઠવાડિયે શરૂ થનારા નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસકિ સમયગાળાના પરિણામો પર રહેશે. હાલ અનુકૂળ ચોમાસુ, ઘટતો ફુગાવો, ક્રૂડના હળવા ભાવ અને માગ વધારવાના સરકારી પ્રયાસો સહિત અનેક સકારાત્મક પરિબળો રોકાણકારોના સેન્ટિમેન્ટને સતત ટેકો આપશે.

# ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવ વધતાં રૂપિયો છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે છ પૈસા નબળો પડીને ૮૫.૬૫ના મથાળે બંધ રહ્યો હતો. વધુમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૯ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૫.૫૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૫ અને ઉપરમાં ૮૫.૫૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે છ પૈસા ઘટીને ૮૫.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા ઊંચકાયો હતો. હવે આંતરરાષ્ટ્રીય સ્તરે આગામી નવમી જુલાઈથી અમેરિકાનાં ટૅરિફનો અમલ થવાનો સમયગાળો નજીક આવી રહ્યો હોવાથી ટૅરિફના અમલની અનિશ્ચિતતાના માહોલમાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય બાબત એ છે કે આજે ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર અંગેની વાટાઘાટોનો છઠ્ઠો દિવસ છે અને ભારત શ્રમલક્ષી ઉત્પાદનોનાં વધુ બજાર એક્સેસ અંગે માગણી કરી રહ્યું છે. જોકે, આ વાટાઘાટો નવમી જુલાઈ પહેલા સમાપન થઈ જવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૨ ટકા વધીને બેરલદીઠ ૬૭.૭૩ આસપાસ તથા ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા વધીને ૯૬.૯૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૮૭.૬૦ પૉઈન્ટનો અને ૮૮.૪૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૯૦.૯૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સોનામાં ₹ ૫૦નો ધીમો સુધારો, ચાંદીમાં ₹ ૨૭૫ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલ હળવી નાણાનીતિ માટે સાવચેતીનો અભિગમ અપનાવી રહ્યા છે ત્યારે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના એડીપી એમ્પ્લોયમેન્ટ ડેટા તેમ જ આવતીકાલે જાહેર થનારા નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર હોવા છતાં ગઈકાલે અમેરિકી સંસદમાં વેરાના ઘટાડાને લગતુ સ્વિપિંગ ટૅક્સ બિલ પસાર થઈ ગયાના અહેવાલો અને આ બિલનો અમલ થતાં અમેરિકાના દેવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં પાંખાં કામકાજો વચ્ચે સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦નો સાધારણ સુધારો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૭૫નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૫ના ઘટાડા સાથે રૂ. ૧,૦૬,૬૮૮ના મથાળે રહ્યા હતા, જ્યારે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલો અને ડૉલર સામે રૂપિયો નબળો પડતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૦૯૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૪૮૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ છતાં અમેરિકાના દેવામાં વધારો થવાની ચિંતામાં હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકાના સુધારા સાથે ઔંસદીઠ અનુક્રમે ૩૩૪૨.૦૪ ડૉલર અને ૩૩૫૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં સોનાના ભાવમાં બે સપ્તાહની ઝડપી તેજી જોવા મળ્યા બાદ વૈશ્વિક સ્તરે જોખમી પરિબળો ઓછાં થતાં હાલમાં ભાવ કોન્સોલિડેટ થઈ રહ્યા હોવાનું ટેસ્ટીલિવના ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પિવેકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલ બજારના કેન્દ્રસ્થાને ફેડરલની સંભવિત નીતિઓ છે.

નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફેડરલ સમક્ષ તાત્કાલિક ધોરણે વ્યાજદરમાં કપાતની માગણી કરી છે, ત્યારે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે પણ વ્યાજદરમાં કપાત પૂર્વે ટૅરિફની અસરોને ધ્યાનમાં લેતા રાહ જોવામાં આવે તેવો પુનરોચ્ચાર કર્યો છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર ગત મે મહિનામાં અમેરિકામાં રોજગારીના સર્જનામાં અનપેક્ષિતપણે વધારો જોવા મળ્યો હતો, પરંતુ આયાત ટૅરિફની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા કંપનીઓ દ્વારા થતાં હાયરિંગમાં ઘટાડો જોવા મળ્યો હતો.

જોકે, હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા પર છે. જો નોન ફાર્મ પૅ રૉલ ડેટા અનપેક્ષિતપણે મજબૂત આવે તો સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવી શકે છે, પરંતુ તેવી શક્યતા નહીંવત્ હોવાનું સ્પિવેકે જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી સંસદમાં ટ્રમ્પનું વેરા અને ખર્ચનું બિલ સાંકડી બહુમતીથી પસાર થઈ ગયું હતું. જેમાં મુખ્યત્વે વેરામાં કપાત, સોશિયલ સેફ્ટી નેટ પ્રોગ્રામમાં ઘટાડો, લશ્કરી ખર્ચમાં વધારો વગેરેનો સમાવેશ થવાની સાથે ૩.૩ ટ્રિલિયન ડૉલરના રાષ્ટ્રીય દેવામાં વધારો થવાની પણ શક્યતા છે.

# ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ટકેલા ધોરણે થયા હતા.

# ખાદ્યતેલમાં આગળ ધપતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૯૫ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ૧૦૧ સેન્ટ ઉછળી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં આજે માત્ર સિંગતેલ અને સરસવના ભાવમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ, સન રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિકમાં ઊંચા મથાળેથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૦, એડબ્લ્યુએલના આબીડી પામોલિનના રૂ. ૧૧૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ તથા ઈમામી અને જી-વનના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૧૪૫ અને રૂ. ૧૧૪૧ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો પણ છૂટાછવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે ગોંડલની મંડીમાં મગફળીની ૬૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટની મગફળીની ૩૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૫૦માં થયા હતા.

## સિટી ન્યૂઝ

# ડ્રગ પેડલર્સ સામે એમસીઓસીએ લાગશે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાર્કોટિક ડ્રગ્સ ઍન્ડ સાયકોટ્રોફિક સબ્સ્ટન્સીસ (એનડીપીએસ) ઍક્ટ હેઠળ ધરપકડ કરાયેલા આરોપીઓને જામીન મળ્યા પછી તેઓ ફરીથી ગુનો કરતા પકડાયા તો તેમની વિરુદ્ધ હવેથી મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઑર્ગનાઈઝડ્ ક્રાઈમ એક્ટ (એમસીઓસીએ) અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે અને તે માટે હાલ ચાલી રહેલા ચોમાસા સત્રમાં કાયદામાં સુધારો કરવામાં આવશે એવું મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે વિધાનસભા પરિષદમાં પ્રશ્નકાળ દરમ્યાન માહિતી આપી હતી.

વિધાનપરિષદના સભ્ય ડૉ.પરિણય ફૂકે અને એકનાથ ખડસેએ ડ્રગ્સની હેરાફેરી બાબતે પ્રશ્ન કર્યો હતો, જેના જવાબમાં મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં એક સ્વતંત્ર એનડીપીએસ યુનિટની સ્થાપના કરવામાં આવી હોઈ તેમાં અધિકારી અને કર્મચારીઓની પણ નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લા સ્તરે પણ સંકલન સમિતિઓની રચના કરવામાં આવી છે. આમાં છેલ્લા અઢી વર્ષમાં મોટા પ્રમાણમાં કાર્યવાહી કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારની મદદથી રાજ્ય સ્તરીય અને આંતરરાજ્ય સંકલન હવે વધુ અસરકારક બન્યું છે અને તમામ રાજ્યોમાં ગુપ્ત માહિતીની આપ-લે કરવામાં આવી રહી છે અને તેને કારણે દાણચોરો સામે સંયુક્ત કાર્યવાહી શક્ય બની છે. ગાંજો, ગુટકા અને તેના જેવા પદાર્થોની દાણચોરી કરનારી વ્યક્તિ સામે આકરા પગલા લેવામાં આવશે એવું પણ મુખ્ય પ્રધાને કહ્યું હતું.



**પ્લાસ્ટિકને કહો ના...** વર્લ્ડ નો-પ્લાસ્ટિક ડે નિમિત્તે મહાલક્ષ્મી સ્ટેશનની બહાર પાલિકા દ્વારા નળમાંથી પાણીના બદલે પ્લાસ્ટિકની બોટલો નીકળી રહી છે અને પ્રદૂષણ ફેલાઇ રહ્યું હોવાનો સંદેશ આપતી પ્રતિકૃતિ તૈયાર કરીને લોકોમાં જાગરૂકતા ફેલાવવાનો પ્રયાસ કરાયો હતો. (અમય ખરાડે)

# શિવસેનાના ચૂંટણી પ્રતીકનો વિવાદ: સુપ્રીમ કોર્ટમાં ૧૪ જુલાઈએ સુનાવણી

મુંબઈ: બે શિવસેના દ્વારા પક્ષના પ્રતીકને મામલે થયેલા વિખવાદ સંબંધી અરજી પર સુપ્રીમ કોર્ટે ગઈ કાલે ટૂંક સમય માટે સુનાવણી કરી હતી અને આ આખા મામલાને સુનાવણી ૧૪મી જુલાઈએ કરવાનો નિર્ણય કર્યો હતો.મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શિવસેનાના વિવાદાસ્પદ પ્રતીક અંગેની અરજી પર તાત્કાલિક સુનાવણી માટે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા જૂથે બુધવારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને કે વિનોદ ચંદ્રનની બેન્ચ સમક્ષ આ મામલો ઉઠાવવામાં આવ્યો હતો, જે ૧૪ જુલાઈએ તેને સૂચિબદ્ધ કરવા સંમત થયા હતા. શિવસેના (યુબીટી) ના વકીલે બેન્ચને માહિતી આપી હતી કે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટૂંક સમયમાં જાહેર થવાની સંભાવના છે. એકનાથ શિંદેના નેતૃત્વવાળા શિવસેના જૂથ તરફથી હાજર રહેલા વકીલે જણાવ્યું હતું કે ૭ મેના રોજ ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ પણ પ્રતીક વિવાદના મામલાની સુનાવણી કરતી વખતે આવી જ વિનંતી કરવામાં આવી હતી અને તેને ફગાવી દેવામાં આવી હતી. શિવસેના (યુબીટી) ના વકીલે દલીલ કરી હતી કે ન્યાયાધીશ કાંતની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું હતું કે આ મામલો સુપ્રીમ કોર્ટના આંશિક કોર્ટના કાર્યકારી દિવસો દરમિયાન ઉલ્લેખિત કરી શકાય છે. (પીટીઆઈ)

# ખેડૂતોના મુદ્દે વિપક્ષનું વિધાનસભામાંથી વોકઆઉટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષે બુધવારે ખેડૂતોની આત્મહત્યા અને સરકારી એજન્સીઓ દ્વારા ખરીદાયેલા સોયાબીન ખેડૂતોને ચૂકવણી ન થવાના મુદ્દાઓ પર બે વાર વોકઆઉટ કર્યું. કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે એવો દાવો કર્યો હતો કે આ વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં રાજ્યમાં ૭૦૦થી વધુ ખેડૂતોએ પોતાના જીવનનો અંત આણ્યો છે અને તેને કારણે તેમણે આ મુદ્દા પર ચર્ચા માટે સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સ્થગન પ્રસ્તાવની નોટિસ પર બોલતા તેમણે ગોવાને નાગપુર સાથે જોડતા શક્તિપીઠ એક્સપ્રેસવે માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની મંજૂરીનો ઉલ્લેખ કરીને ભાજપ સરકારની પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. નદરરોજ, ખેડૂતો આત્મહત્યા કરીને મરી રહ્યા છે, અને છતાં સરકાર ઉદાસીન છે. આ વર્ષે જાન્યુઆરીથી માર્ચ સુધીમાં, ૭૬૭ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. આમાંથી ૨૦૦ કેસોને (મૃતકોના પરિવારને) સહાય માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે ૧૯૪ કેસોની તપાસ હજુ પણ પેન્ડિંગ છે,થ એમ વડેટ્ટીવારે જણાવ્યું હતું. તેમણે સરકાર પર ચૂંટણી પહેલાં લોન માફી અને ઇનપુટ ખર્ચના ૧.૫ ગણા લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) આપવાના ખોટા વચનો આપવાનો પણ આરોપ મૂક્યો. નસોયાબીન અને કપાસના ખેડૂતોને તેમના ઉત્પાદન માટે યોગ્ય ભાવ મળ્યો નથી,થ એમ તેમણે કહ્યું હતું. વડેટ્ટીવારે કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે દ્વારા ખેડૂતોને નભિખારીથ કહેવા બદલ અને ભૂતપૂર્વ પ્રધાન બબનરાવ લોણીકર દ્વારા ખેડૂતો વિરુદ્ધ નઅસંવેદનશીલ અને અપમાનજનક નિવેદનોથ આપવા બદલ બંનેની નિંદા પણ કરી હતી.

કોંગ્રેસના નેતાએ લાતુરમાં બનેલી એક ઘટનાનો ઉલ્લેખ કર્યો જ્યાં અંબાદાસ પવાર (૬૫) નામના ખેડૂતે બળદ ભાડે ન રાખવાને કારણે પોતાને હળ પર લટકાવી દીધા હોવાના અહેવાલ છે.

# શાળાઓમાં સીસીટીવી કૅમેરા લગાવવામાં વિલંબ: સરકારની ઝાટકણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર બુધવારે રાજ્ય વિધાનસભાના ચાલી રહેલા ચોમાસુ સત્ર દરમિયાન રાજ્યભરની સરકારી શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં થઈ રહેલા વિલંબ અંગે વિપક્ષની ટીકાના ઘેરામાં આવી હતી.

વિજય વડેટ્ટીવાર, વિકાસ ઠાકરે, નાના પટોલે અને અસલમ શેખ જેવા વરિષ્ઠ નેતાઓ સહિત ૩૫થી વધુ વિધાનસભ્યો દ્વારા સંયુક્ત રીતે ઉઠાવવામાં આવેલા તારાંકિત પ્રશ્નમાં શાળા શિક્ષણ ખાતાના પ્રધાન પાસેથી વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી વધારવા માટે શાળાઓમાં સીસીટીવી કવરેજ ફરજિયાત કરવાના બોમ્બે હાઈકોર્ટના નિર્દેશનું પાલન કરવાની વર્તમાન સ્થિતિ અંગે સ્પષ્ટતા માગવામાં આવી હતી.

વિધાનસભ્યોએ સવાલ કર્યા હતા કે, શું હાઈકોર્ટે મે મહિનાની આસપાસ રાજ્યને જાતીય શોષણની ઘટનાઓ રોકવા અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં તમામ શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્દેશ આપ્યો હતો?તેમણે વધુમાં પૂછ્યું હતું કે, શું રાજ્યને હાઈકોર્ટના નિર્દેશના અમલ માટે બે મહિનાનો સમય આપવામાં આવ્યો હતો અને શું કુલ ૧,૦૫,૦૫૨ શાળાઓમાંથી માત્ર ૫૦,૦૦૦ શાળાઓમાં અત્યાર સુધી સીસીટીવી સિસ્ટમ લગાવવામાં આવી છે એ વાત સાચી છે?

આ પ્રશ્નમાં યવતમાળ જિલ્લામાં અમલમાં થયેલા કથિત વિલંબ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

# સગીરાનો પીછો કરનારા યુવકની ધરપકડ

થાણે: થાણેમાં ૧૪ વર્ષની સગીરાનો પીછો કરવા બદલ યુવકની ધરપકડ કરવામાં આવી હતી અને તેની વિરુદ્ધ ચોવીસ કલાકમાં આરોપનામું પણ દાખલ કરવામાં આવ્યું હતું. થાણેના વર્તકનગર વિસ્તારમાં ૨૯ જૂને આ ઘટના બની હતી. બાદમાં આરોપીને કલ્યાણથી પકડી પાડવામાં આવ્યો હતો. આરોપીની ઓળખ દિનેશ વિવેક ઘાગ (૨૬) તરીકે થઇ હતી, જે કિસન નગરનો રહેવાસી છે, એમ સિનિયર ઇન્સ્પેક્ટર રાજકુમાર વાઘચૌરેએ કહ્યું હતું. સગીરા ક્લાસીસથી છૂટ્યા બાદ પગપાળા ઘરે જઇ રહી હતી ત્યારે વર્તકનગરમાં લાલ રંગની કારમાં હાજર શખસે તેનો પીછો કર્યો હતો. એ શખસે સગીરાને કારમાં બેસવાનું કહ્યું હતું, પણ તે આગળ નીકળી ગઇ હતી. સગીરાએ ઘર જઇ માતાનેહકીકત જણાવી હતી. સગીરાની માતાએ ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ)

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનીયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ ડીપાર્ટમેન્ટ)

નં. E.E. MECH/૧૨૨૬/REF/ તા. ૦૧.૦૭.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટીસ

વિષય: LTMG હોસ્પિટલ ખાતે મોલેક્યુલર લેબોરેટરી માટે ડાયગ્નોસ્ટીક સેવાઓને અત્યાધુનિક ટેકનોલોજી સેટ-અપથી અપગ્રેડેશન કરવા બાબત.

| | |
|---|---|
| બિડ નંબરો | ૨૦૨૫_MCGM_ ૧૧૯૬૧૦૪_૧ |
| બિડ શરૂ તારીખ અને સમય | ૦૩.૦૭.૨૦૨૫, સ. ૧૧.૦૦ ક. |
| પ્રી-બિડ મીટીંગ | ૧૦.૦૭.૨૦૨૫, બ. ૧૫.૦૦ ક. |
| બિડ સમાપ્તિ તારીખ અને સમય | ૨૩.૦૭.૨૦૨૫, સાં. ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | http://portal.www.mcgm.gov.in |
| સંપર્ક અધિકારીનું નામ | શ્રી એ. કે. જંભોરે |
| મોબાઈલ નંબર | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈ-મેઈલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
E.E. Mech(રેફ્રીજરેશન)

PRO/868/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો

મધ્ય રેલવે

ઈ-ઓક્શનની નોટિસ

મુંબઈ ડિવિઝન, સેન્ટ્રલ રેલવે ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલ દ્વારા www.ireps.gov.in પર આપેલા એસેટસની લિઝિંગ માટે ઈ- ઓક્શન માટે મંગાવે છે.

રસ ધરાવતા બિડરોએ ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલમાં નોંધણી કરાવવી જરૂરી છે અને ઈ-ઓક્શન પહેલાં બધા જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા જરૂરી છે. વધુ વિગતો માટે રસ ધરાવતા બિડરોને નીચે દર્શાવેલ ઈ-ઓક્શનની વિગતો જાણવા માટે વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લેવા વિનંતી:

| અ.નં. | કેટેગરી | સબ-કેટેગરી | ઓકશન પ્રારંભ |
|---|---|---|---|
| ૧ | જાહેરાતો | RDN-ડિઝિટલ અને નોન ડિઝિટલ | ૧૧.૦૭.૨૦૨૫ |
| | | OOH | ૦૩.૦૭.૨૦૨૫ |
| | | CSMTથી KYN, CTGNથી CMBR સુધીની રેલવે સિમા પર પેઈન્ટિંગ/વોલ પેપર | ૦૯.૦૭.૨૦૨૫ |
| | | MA | ૧૦.૦૭.૨૦૨૫ |
| | | ATMS | ૦૩.૦૭.૨૦૨૫ |
| ૨ | પે એન્ડ પાર્ક | પાર્કિંગ-મિક્સ | ૦૩.૦૭.૨૦૨૫<br>૦૮.૦૭.૨૦૨૫<br>૧૦.૦૭.૨૦૨૫<br>૧૨.૦૭.૨૦૨૫ |
| ૩ | પાર્સલ | 30 SLRPL, 30 SLRPL2, 33RSLR અનુક્રમે ગોઠવણી | ૦૩.૦૭.૨૦૨૫<br>૦૪.૦૭.૨૦૨૫<br>૦૭.૦૭.૨૦૨૫ |
| ૪ | અન્ય NFR | મુસાફરો ૨૨૧૧૯/ ૨૨૧૨૦ માટે ઓન બોર્ડ ફ્રી લાઈફસ્ટાઈલ મેગઝિનનું વિતરણ | ૧૧.૦૭.૨૦૨૫ |
| | | LNL, KJT અને રોહા ખાતે વેઈટિંગ રૂમ | ૧૦.૦૭.૨૦૨૫ |
| | | પ્રમોશનલ કિઓસ્ક ૧૫ સ્ટેશન | ૦૪.૦૭.૨૦૨૫ |

વિષય ઓકશના સંદર્ભમાં, જો કોઈ હોય તો, સુધારા/વધારા, લોટ/કેટલોગ પાછો ખેંચવો, તારીખમાં ફેરફાર, સમય વિસ્તરણ, સ્પષ્ટતા વગેરે, ફક્ત વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. બિડરોએ નિયમિતપણે વેબસાઈટની મુલાકાત લેવી જોઈએ જેથી તેઓ અપડેટ રાખી શકે.

अनाधिकृत रूप से रेल लाइन को पार करना दंडनीय अपराध है 215

## ટીચર નહીં પિશાચિની...

# સગીર વિદ્યાર્થીને ફાઇવ સ્ટાર હૉટેલમાં લઇ જઇ, દારૂ પીવડાવી દુષ્કર્મ કરતી

### મુંબઈની પ્રખ્યાત સ્કૂલની અંગ્રેજીની ૪૦ વર્ષની શિક્ષિકાની ધરપકડ

**મોટી ઉંમરની સ્ત્રીઓ અને સગીર છોકરાઓ વચ્ચે સંબંધો આજકાલ ખૂબ સામાન્ય. -આવું કહી ટીચરે વિદ્યાર્થીને ફસાવેલો**

મુંબઈઃ ૧૬ વર્ષના વિદ્યાર્થીને ફાઇવ સ્ટાર હોટેલોમાં લઇ જઇને અને દારૂ પીવડાવીને તેનું કથિત તેનું કથિત જાતીય શોષણ કરવા પ્રકરણે મુંબઈની પ્રખ્યાત સ્કૂલની ૪૦ વર્ષની શિક્ષિકાની ધરપકડ કરવામાં આવી હતી. મોટી ઉંમરની સ્ત્રીઓ અને સગીર છોકરાઓ વચ્ચેના સંબંધ આજકાલ ખૂબ સામાન્ય હોવાનું કહીંને વિદ્યાર્થીને ફસાવામાં આવ્યો હતો.

અંગ્રેજી ભાષાની શિક્ષિકા પરિણીત છે અને તેને ગયા અઠવાડિયે કસ્ટડીમાં લેવાઇ હતી. વિદ્યાર્થી પ્રત્યે શિક્ષિકા એટલી ઝનૂની હતી કે આ વર્ષે શાળામાંથી પાસ થયા બાદ પણ વિદ્યાર્થીનો સંપર્ક કરવાનો તેણે પ્રયાસ કર્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર, ૨૦૨૩માં સ્કૂલના વાર્ષિક સમારોહમાં ડાન્સ પ્રોગ્રામ સંબંધી વિવિધ મીટિંગ દરમિયાન શિક્ષિકા વિદ્યાર્થી પ્રત્યે આકર્ષાઇ હતી. તેણે જાન્યુઆરી, ૨૦૨૪માં કથિત રીતે પહેલી વાર વિદ્યાર્થી સાથે જાતીય સંબંધ બાંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીના મિત્રએ એ સમયે દસમા ધોરણના વિદ્યાર્થીને સંબંધ સ્વીકારવા માટે પ્રોત્સાહિત કર્યો હતો. તેણે કહ્યું હતું કે મોટી ઉંમરની મહિલાઓ અને સગીર છોકરાઓ વચ્ચેના સંબંધો આજકાલ ખૂબ સામાન્ય બની ગયા છે.

પોલીસ અધિકારીએ એફઆઇઆરને ટાંકીને કહ્યું હતું કે શિક્ષિકાના મિત્ર વિરુદ્ધ પણ ગુનો દાખલ કરાયો હતો. મિત્ર કહેતો હતો કે શિક્ષિકા અને વિદ્યાર્થી 'એકબીજા માટે બનેલા' છે.

દરમિયાન શિક્ષિકાએ વિદ્યાર્થીને વૈભવી હોટેલમાં લઇ જઇને તેનું જાતીય શોષણ કરવાનું શરૂ કર્યા બાદ તરત જ તેનામાં વ્યાકૂળતા વધવા માંડી હતી. તેની અસ્વસ્થતા ઓછી કરવા માટે (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મુંબઈ અને થાણેમાં આજથી પાંચ દિવસ વરસાદ જામવાનો




**આજે વરસાદનો વાર...** ચોમાસુ બેસી ગયા બાદ પણ મુંબઈમાં હજી હંમેશાની જેમ વરસાદનું જોર દેખાઇ રહ્યું નથી. હવે જ્યારે વરસાદના ઝાપટાં પડે એ જ વરસાદનો વાર બની જાય છે. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં ફરી ચોમાસું સક્રિય થયું છે. હવામાન વિભાગે મુંબઈ અને તેના પડોશી જિલ્લા થાણે અને પાલઘરમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. મુંબઈ, થાણે અને પાલઘર માટે ગુરુવાર અને શનિવાર-રવિવારના યલો એલર્ટ રહેશે. તો રાયગડ તથા રત્નાગિરીમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરીને ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

છેલ્લા થોડા દિવસનો વિરામ લીધા બાદ બુધવારે મુંબઈમાં દિવસ દરમ્યાન મધ્મયથી હળવો વરસાદ રહ્યો હતો. મંગળવાર સવારથી બુધવાર સવાર સુધીમાં કોલાબામાં સાત મિ.મી. તો તો સાંતાક્રુઝમાં ચાર મિ.મી. વરસાદ નોંધાયો હતો. જોકે બુધવારે આખો દિવસ મુંબઈમાં તીવ્ર વરસાદના ઝાપટાં પડ્યાં હતાં અને હવામાન વિભાગે દિવસમાં ત્રણ વખત વરસાદની ચેતવણી આપી હતી.

હવામાન વિભાગના જણાવ્યા (જુઓ પાનું ૪) ▶▶




# થાણે-બોરીવલી ટનલ પ્રોજેક્ટમાં 3000 કરોડનું કૌભાંડઃ વિપક્ષ

મુંબઈઃ વિપક્ષી વિધાનસભ્યોએ બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભા સંકુલમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ભાજપની આગેવાની હેઠળની સરકાર પર થાણેમાં એક મોટા ટનલ પ્રોજેક્ટ માટે ખાનગી કંપનીને પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો હતો તેમ જ તેમાં ૩,૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ લગાવ્યો હતો.

મે મહિનામાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા થાણે-બોરીવલી ટ્વિન ટનલ પ્રોજેક્ટ માટેની ટેન્ડર પ્રક્રિયા રદ કરવામાં આવી હતી, જેને ગેરલાયક ઠેરવવામાં આવેલી એલએન્ડટીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

અહીં વિધાન ભવન સંકુલના પગથિયાં પર ઉભા રહીને, મહા વિકાસ આઘાડી (એમવીએ)ના વિધાનસભ્યો અને વિધાન પરિષદના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને એવો દાવો કર્યો હતો કે સરકારે સુપ્રીમ કોર્ટ દ્વારા કાર્યવાહીના ડરથી જ કોન્ટ્રાક્ટ રદ કર્યો છે.

વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારાઓમાં વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે (શિવસેના યુબીટી), કોંગ્રેસના (જુઓ પાનું ૪) ▶▶

## ગોરેગામ-મુલુંડ લિંક રોડની અંડરગ્રાઉન્ડ ટનલને વન-પર્યાવરણ ખાતાની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરને જોડનારા મહત્ત્વાકાંક્ષી ગોરેગામ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ અંતર્ગત ૧૯.૪૩ હેક્ટર ફોરેસ્ટ લેન્ડ (વન્યજમીન)પર ટ્વિન ટનલના બાંધકામ માટે મુંબઈ મહાનગરપાલિકાને કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી અંતિમ મંજૂરી મળી ગઈ છે. બોરીવલીમાં સંજય ગાંધી ઉદ્યાન (નેશનલ પાર્ક)ની નીચેથી પસાર થનારી આ બંને ટનલ ૪.૭ કિલોમીટર લાંબી અને ૪૫.૭ મીટર પહોળી હશે.

જીએમએલઆર પ્રોજેક્ટના ત્રીજા તબક્કા (એ) અંતર્ગત ફલાયઓવર, એલિવેટેડ રોડનું બાંધકામ તો ત્રીજા તબક્કા (બી) હેઠળ ફિલ્મ સિટી ખાતે ૧.૨૨ કિલોમીટર લાંબી ટ્રિપલ બોક્સ ટનલ અને (જુઓ પાનું ૪) ▶▶

## ટ્રાન્સપોર્ટર્સની હડતાળઃ માલ પરિવહન સેવા ખોરવાઈ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ટ્રક ચાલકો બુધવારે ઈ-ચલણ પ્રણાલીના વિરોધમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરી ગયા હતા અને લાંબા સમયથી પડતર અન્ય માગણીઓ માટે દબાણ કર્યું હતું. હડતાળને કારણે રાજ્યભરમાં માલ પરિવહન સેવા ખોરવાઈ ગઈ હોવાનું ટ્રાન્સપોર્ટરોના પ્રતિનિધિએ જણાવ્યું હતું.

ટ્રાન્સપોર્ટરોએ ફરિયાદ કરી છે કે અધિકારીઓ દ્વારા વસૂલાતની પ્રક્રિયા આકરી બની ગઈ છે અને ઇ-ચલણના દંડમાં વધારો કરવા ઉપરાંત વ્યવસાયિક કામગીરીમાં વિક્ષેપ પડી રહ્યો છે.

ટ્રાન્સપોર્ટર્સ એસોસિએશનોના વાહતૂકદાર બચાઓ કૃતિ સંગઠને હડતાલનું એલાન આપ્યું હતું. ટ્રકચાલકોએ મધરાતથી હડતાલ શરૂ કરી હતી, પણ બસ ઓપરેટરોએ અષાઢી એકાદશી નજીક હોવાથી આગામી કેટલાક દિવસો સુધી હડતાળમાં સહભાગી થવાનું રાખ્યું છે. આ હડતાળને કારણે મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રના વિધાનસભ્યો નાગ પંચમી પર સાપની પૂજા ફરી શરૂ કરાવવા માગે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોએ બુધવારે માગ કરી હતી કે સાંગલી જિલ્લાના બત્તીસ શિરાલામાં નાગ પંચમી પર જીવંત સાપની પૂજા કરવાની પ્રથા ફરી શરૂ કરવામાં આવે.

ભાજપના વિધાનસભ્ય સત્યજીત દેશમુખે નાગની પૂજાનો મુદ્દો ઉઠાવવા માટે ધ્યાનાકર્ષક ઠરાવ રજૂ કર્યો હતો અને કહ્યું હતું કે તમિલનાડુમાં પ્રચલિત, પરંપરાગત અને પ્રાચીન બળદને કાબૂમાં રાખવાની રમત જલ્લીકટ્ટુને સુપ્રીમ કોર્ટે ફરીથી શરૂ કરી દીધી છે.

તેમણે જણાવ્યું હતું કે, ઔપચારિક અને ધાર્મિક હેતુઓ માટે હાથીઓનો ઉપયોગ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે બત્તીસ શિરાલામાં નાગ પંચમીનો તહેવાર ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ધાર્મિક પરંપરા છે. આ તહેવારને શાળાના પાઠ્યપુસ્તકોમાં પણ સ્થાન મળ્યું છે.

**બત્તીસ શિરાલામાં નાગ પંચમીનો તહેવાર ઐતિહાસિક મહત્વ ધરાવતી ધાર્મિક પરંપરા છે. આ તહેવારને શાળાનાં પાઠ્યપુસ્તકોમાં પણ સ્થાન મળ્યું છે અને વિદેશીઓ પણ જોવા આવે છે**

બત્તીસ શિરાલા ગામ શ્રાવણ મહિનામાં ઉજવાતા નાગ પંચમી પર જીવંત સાપની પૂજા કરવાની તેની જૂની પ્રથા માટે જાણીતું છે. ૨૦૦૨માં બોમ્બે હાઈકોર્ટે શહેરમાં સાપના સરઘસ પર પ્રતિબંધ મૂક્યો હતો.

દેશમુખે આવી પૂજાની પદ્ધતિમાં સરિસૃપોને નુકસાન થયું હોવાના દાવાઓને ખોટા ગણાવ્યા હતા. વન ખાતાના (જુઓ પાનું ૪) ▶▶




## નાલાસોપારામાં બિલ્ડરની આત્મહત્યાના કેસમાં બે કોન્સ્ટેબલની ધરપકડઃ બન્નેને સસ્પેન્ડ કરાયા

### બિલ્ડરની કારની ડિકીમાંથી મળેલી સુસાઈડ નોટમાં કોન્સ્ટેબલોના ત્રાસની વિગતો મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પોલીસના ત્રાસથી કંટાળીને નાલાસોપારામાં બિલ્ડરે કથિત આત્મહત્યા કર્યાના કેસમાં બે કોન્સ્ટેબલની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા બન્ને કોન્સ્ટેબલને પોલીસ દળમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

બિલ્ડરની પુત્રીની ફરિયાદને આધારે આચોલે પોલીસે બુધવારે મળસકે બે કોન્સ્ટેબલ શ્યામ શિંદે અને રમેશ મહાજન તેમ જ લાલા લજપત વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ કોન્સ્ટેબલો શિંદે અને મહાજનની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે બન્નેને પાંચ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

નાલાસોપારાના આચોલે રોડ પરની રશ્મી ક્લાસિક બિલ્ડિંગમાં રહેતા બિલ્ડર જયપ્રકાશ ચૌહાણે મંગળવારે દીકરીના ચંદ્રેશ હિલ્સ ઈમારતના ફ્લેટમાં ગળાફાંસો ખાઈ (જુઓ પાનું ૪) ▶▶

## -તો રાજ ઠાકરે શિવસેના-યુબીટીના સર્વેસર્વા બની જશેઃ નારાયણ રાણે

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે જોડાણ થવાની શક્યતાને નકારતા કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેએ દાવો કર્યો હતો કે જો આવું થશે તો રાજ ઠાકરે શિવસેના-યુબીટીના પ્રમુખ બની જશે અને ઉદ્ધવ ઠાકરેનું રાજકીય અસ્તિત્વ સમાપ્ત થઇ જશે.

'ઉદ્ધવ તેમને (રાજ ઠાકરેને) આમંત્રણ નહીં આપે, કારણ કે રાજ જો ઉદ્ધવ સાથે હાથ મિલાવશે તો તેઓ શિવસેના-યુબીટીના મુખ્ય નેતા બની જશે અને ઉદ્ધવનું રાજકીય અસ્તિત્વ જોખમમાં મુકાશે. રાજ ઠાકરે પણ શિવસેના-યુબીટીમાં જોડાશે નહીં, કારણ કે જો એવું તેઓ કરશે તો તેઓ પોતાની ખરી ઓળખ ખોઇ બેસશે', એમ તેમણે કહ્યું હતું.

ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્ર, મરાઠી યુવાનો અને તેમના રોજગાર માટે શું કર્યું? એવી ટીકા કરી નારાયણ રાણેએ જણાવ્યું હતું કે શિવસેનાને ટેકો આપનાર, તાકાત આપનારા (જુઓ પાનું ૪) ▶▶

### શિવસેનામાં ફાડિયાં પડ્યાં તેમાં ફડણવીસની કોઈ ભૂમિકા નથીઃ ભાજપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના વિધાનપરિષદના સભ્ય પરિણય ફુકેએ બુધવારે કહ્યું હતું કે શિવસેના ૨૦૨૨માં તેના નેતૃત્વ અને આંતરિક વિવાદોને કારણે વિભાજીત થઈ હતી અને દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમાં કોઈ ભૂમિકા ભજવી ન હતી.

રાજ્ય વિધાનસભા સંકુલ, વિધાન ભવનના પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે એમ પણ કહ્યું કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના અવિભાજિત શિવસેનામાં નેતૃત્વની શૈલીએ તેના (જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**